ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 074 Issue No. 02 Date : 01-10-2026

આ અંકમાં

વિનોબા	૧	શંકરાચાર્ય અંગે વિનોબાજી
હરેશ ધોળકિયા	૪	ઓલરાઉન્ડર ક્રાંતિકારી!
મિલિંદ બોકીલ	૬	મેંઢા ગામની વિશેષતા (2)
કિરણ દેસાઈ	૮	બંધારણીય કટોકટી : ''કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' - `યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા''
અશ્વિન કારીઆ	૧૦	દળી દળીને ઢાંકણીમાં
મેહુલ સંઘવી	૧૨	'ભૂમિપુત્ર'ની વેબસાઈટ (ડિજિટલ આર્કાઇવ)નું વિમોચન
કપિલ શાહ	૧૪	ભૂમિપુત્રની ડિજિટલ આર્કાઇવ વાપરવા અંગે માર્ગદર્શન
કપિલ શાહ	૧૬	ઋણ ફેડવાનો નમ્ર પ્રયાસ : ભૂમિપુત્રનું ડિજિટાઈઝેશન
સોપાન જોષી	૧૮	ગાંધી વિચાર કી કસૌટી પર ડિજિટલ મીડિયા યુગ
સોનલ પરીખ	૨૧	વાર્તાઓનો ખજાનો - 'વીણેલાં ફૂલ' અને 'તર્પણ'
કપિલ શાહ	૨૩	ગોદાવરીબેન ભીંગરાડિયાને શ્રદ્ધાંજલિ
આશા વીરેન્દ્ર	૨૪	અમે બે બાળગોઠિયાં

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.74 Issue No.02 1966 Date : 01-10-2026
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

સંત પરમ હિતકારી :

શંકરાચાર્ય અંગે વિનોબાજી

❍ વિનોબા ❍

(સંપાદકીય :- ભારતીયજનોના ચારિત્ર્યનિર્માણમાં પ્રત્યક્ષ - પરોક્ષ રીતે મદદ કરનારા ઘણા ઘણા અનામી-નામી ભક્તો-સંતોનું આપણા ઉપર ઋણ છે.

વિનોબાજીએ ભૂદાન-ગ્રામદાન આંદોલન સમયે લોકહૃદયમાં પ્રવેશવા માટે ભારતીય ભાષાઓનો અને લિપિઓનો અભ્યાસ કરીને જુદા-જુદા પ્રાંતોમાં રહેલ આધ્યાત્મિક - ભક્તિ સાહિત્યનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. અને આપણને એમના દ્વારા અનેક ભક્તો અને સંતોનાં જીવન-કવન અંગેની પ્રસાદી મળી.

તે પ્રસાદની શરૂઆત દક્ષિણ ભારતના સંતો સાથે કરીશું. 'સંત પરમ હિતકારી' શ્રેણી હેઠળ વિનોબાના સત્સંગ રૂપી ગુલાલને ચોમેર ફેલાવીએ. ***- અમી ભટ્ટ)***

વિનોબાજી કહેતા કે મારી ઉપર શંકરાચાર્યના અનંત ઉપકાર છે. એમનું મારી ઉપર ઋણ છે. તો દેહભાવનાથી મુક્ત થઈ જવું એ જ ઋણ-મુક્તિનો ઉપાય છે. અને આ પ્રક્રિયા સતત ચાલુ છે. મને વિશ્વાસ છે કે તે ઈશ્વરકૃપાથી પૂર્ણ થઈ જશે.

નાનપણમાં મને ગૃહત્યાગની પ્રેરણા શંકરાચાર્ય અને સમર્થ રામદાસ પાસેથી મળી. અને એ બુનિયાદ પર મારું આગળનું જીવન બન્યું - निजगृहात् तूर्णं विनिर्गम्यताम् । પરંતુ શંકરાચાર્યે અન્યત્ર કહ્યું કે - तिष्ठमपि निज - सदने । - માણસ પોતાના ઘરમાં પણ નિરહંકાર બને, તો એને પણ પરમાર્થ મળી શકે. પરંતુ મુખ્યત્વે તો ગૃહત્યાગપૂર્વક પરમાર્થ-સાધના કરવાની પ્રેરણા દુનિયાને આપી.

મારા જીવનમાં કઈ કઈ ઘટનાઓની, કઈ કઈ વ્યક્તિઓની અથવા એમનાં વચનોની અસર થઈ છે તે કહેવું મુશ્કેલ છે, કેમ કે આ ઘણો વ્યાપક પ્રશ્ન છે. પરંતુ મારા માટે તત્ત્વવિચારમાં શંકરાચાર્ય, ભક્તિમાર્ગમાં જ્ઞાનદેવ અને કર્મયોગમાં બાપૂ (ગાંધીજી) - આ મારી ત્રયી છે.

મારા મનમાં ભગવાન શંકરાચાર્ય માટે જેટલો આદરભાવ છે, એનાથી વધારે આદરની હું કલ્પના કરી શકતો નથી.

સૃષ્ટિને મિથ્યા કહેનાર શંકરાદિ પર આજકાલ ઘણા લોકોને ગુસ્સો આવે છે. પણ મને તો આ વસ્તુ ઉઘાડી નજરે દેખાય છે. આ બહારનું સંપૂર્ણ જગત દેહસહિત એકદમ ખતમ થઈ ગયું છે. આકાશ પણ નથી, અનાકાશ પણ નથી. કેવળ હું એકલો જ અંદર-બહાર આવતો-જતો રહું છું, આવો અનુભવ આવે છે.

આચાર્ય શંકરનું જીવન લોકદૃષ્ટિએ અલ્પ રહ્યું. ભારતના એક ખૂણે જન્મ થયો અને તેનાથી એકદમ બીજે ખૂણે તેમનો દેહ છૂટ્યો. જન્મ કેરલના કાલડી નામના ગામમાં થયો અને હિમાલયના કેદારેશ્વરમાં એમણે સમાધિ લીધી. નાનપણનાં થોડાંક વર્ષો કેરલમાં ગયાં પછી ગુરુની પાસે નર્મદા કાંઠા પર વીત્યાં અને પછી ભાષ્યલેખન અને ભાષ્યોનો આખા ભારતમાં પ્રચાર કર્યો. કુલ મળીને તેમનું ૩૨ વર્ષનું જીવન.

એમના જન્મકાળ બાબતે ઘણો મતભેદ જોવા મળે છે. સામાન્યતઃ સાતમી અને નવમી શતાબ્દીની વચ્ચેનો સમય મનાય છે. શાંકર મઠોમાંથી પ્રાપ્ત નવીન સામગ્રીના આધારે કેટલાક સંશોધકો તો એમને ૨૫૦૦ વર્ષ પહેલાં પણ લઈ જાય છે.

શંકરાચાર્યના જીવનની આ કહાણી છે કે તેઓ આઠ વર્ષના હતા, ત્યારે ગંગા નદીમાં મગરે એમને પકડ્યા. ત્યારે એમણે માને કહ્યું - ''હવે તો તું મને સંન્યાસ ગ્રહણ કરવાની અનુમતિ આપીશ ને.'' અને માએ ઈજાજત આપી. આ સંવાદથી પ્રસન્ન થઈને ભગવાને શંકરાચાર્યને કહ્યું, ''સંન્યાસ લેવાને લીધે હવે તારું પૂર્વ-જીવન ખતમ



ભૂમિપુત્ર હવે આંગળીનાં ટેરવે

• ૧૯૫૦થી વધુ અંકો • ૨૦,૦૦૦થી વધુ લેખો • ૩૮,૦૦૦થી વધુ પેજ

૧૯૫૩ના પ્રથમ અંકથી આજ સુધીના તમામ અંક અને લેખ શોધી શકાય તેવી ડિજિટલ આર્કાઈવ ધરાવતી વેબસાઈટ

https://bhoomiyagna.org

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થઈ ચૂક્યું છે. અને તારી નિશ્ચિત થયેલી આઠ વર્ષની જીવનાવધિ બે ગણી થઈ ગઈ છે.'' અને આવી રીતે તેઓ સોળ વર્ષનું આયુષ્ય લઈને નીકળી પડ્યા.

આઠ વર્ષની ઉંમરમાં જ્ઞાનની શોધમાં ગુરુને શોધતાં શોધતાં નર્મદા નદીના તટ પર, મોટા ભાગે ઓમકારેશ્વરમાં ગુરુ ગોવિંદપાદ મળ્યા. અને ગુરુની કૃપાથી એમને જ્ઞાન થયું, આત્મદર્શન થયું.

ત્યાર બાદ કાશી અને બદરીનાથ જઈને સોળ વર્ષની ઉંમરમાં ભાષ્ય લખ્યાં. અને હવે આયુષ્ય પૂરું થયું છે તેવું જાણીને – તેમણે બધાં જ ભાષ્ય ભગવાનને અર્પણ કરી દીધાં. અને ત્યારે તેમને ભગવત્સાક્ષાત્કાર થયો અને ભગવાને કહ્યું – ''હે, મારા લાલ ! મેં તને જે આયુષ્ય આપ્યું હતું, તેં એને સાર્થક કર્યું છે. હું તને ફરીથી સોળ વર્ષ આપી રહ્યો છું. હવે આ જ્ઞાનને તું આખા ભારતમાં પહોંચાડી દે.'' અને ભગવાનનો આ આદેશ મળતાંની સાથે જ તેઓ સતત એકધારા સોળ વર્ષ આખા ભારતમાં પગપાળા ફર્યા અને જ્ઞાનનો પ્રચાર કર્યો. તેઓ પરિવ્રાજક હતા.

પંડિત નહેરુ 'ભારત : એક ખોજ' પુસ્તકમાં શંકરાચાર્ય અંગે લખે છે કે, શંકરાચાર્યે આખા ભારતના હૃદય પર અમીટ પ્રભાવ નાખ્યો, અને તે પણ કેવળ બુદ્ધિપૂર્વક વિચાર સમજાવીને, આ આશ્ચર્યની વાત છે. સામાન્ય રીતે સામાજિક નેતાઓ સમાજ પરિવર્તનના કાર્ય માટે મનને જ અપીલ કરતા હોય છે. પરંતુ શંકરાચાર્યે મનને નહીં, બુદ્ધિને અપીલ કરી છે. અને એમાં પણ જે રીતે બીજા દાર્શનિક લોકો કેવળ શાબ્દિક ચર્ચા કરતા હોય છે, તેમ શંકરાચાર્યે ન કરતાં, તેઓ ગામેગામ ફરી વળ્યા અને સાતત્યથી વર્ષો સુધી ગામના લોકોને વિચાર સમજાવતા રહ્યા. અર્થાત્ બુદ્ધિથી બુદ્ધિને સમજાવતા હતા. આજે વિજ્ઞાનયુગમાં શંકરની પદ્ધતિ જ ચાલશે. આનો એ અર્થ થયો કે જૂના જમાનામાં શંકર જેટલા શક્તિશાળી સિદ્ધ થયેલા એનાથી પણ વધારે આ યુગમાં સિદ્ધ થશે. કેમ કે એમના ગ્રંથોમાં વિચાર સિવાય કંઈ જ નથી. તેઓ લોકોને વિચાર સમજાવતા હતા અને જો તેમને ન સમજાય તો વારેવારે સમજાવતા હતા. આ જ વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

કેવળ બત્રીસ વર્ષની જિંદગીમાં શંકરાચાર્ય આખા ભારતમાં પગપાળા બે વાર ફર્યા. અને સતત કામ કરતા રહ્યા. ગ્રંથો લખ્યા, ચર્ચા કરી, સમાજની સેવા કરી અને જ્ઞાનનો સર્વત્ર ફેલાવો કર્યો. એમની અંદર સમસ્ત ભારતીયતા મૂર્તિવાન થઈ ગઈ હતી. એમના ખાવા માટે કયો આધાર હતો ? બસ એક ઝોળી માત્ર. તેઓ કહેતા હતા કે – 'ભિક્ષા માંગીને ખાઓ, ક્ષુધાને વ્યાધિ સમજો અને સ્વાદિષ્ટ અન્નની આશા ન રાખો. સહજ જે મળે, એમાં સંતોષ, સમાધાન માનો.' – બસ આ જ તો હતો શંકરાચાર્યનો જીવનાધાર ! અને આ જ જીવનાધાર એમણે પોતાના શિષ્યોને આપ્યો, સાથેસાથે જ્ઞાન પણ આપ્યું. એમના ચાર શિષ્યો હતા. ભારતની ચારેય દિશાઓમાં એમના માટે મઠોની સ્થાપના કરી હતી. દ્વારકા, જગન્નાથપુરી, બદરીકેદાર, અને શૃંગેરી. શંકરાચાર્યે એ વખતે ગોવર્ધન-મઠ (પુરી-ઓરિસ્સા)માં પદ્મપાદાચાર્યને, શારદાપીઠ (દ્વારકા)માં હસ્તામલકાચાર્યને, જ્યોતિર્મઠ (હિમાલય)માં તોટકાચાર્યને, શૃંગેરીમઠ (દક્ષિણ)માં સુરેશ્વરાચાર્યને બેસાડ્યા. આ સિવાય કાશીમાં સુમેરમેઠ અને કાંચીમાં કામકોટિ પીઠની પણ એમણે પોતે સ્થાપના કરેલી, એવું માનવામાં આવે છે.

આ ચારેય પીઠોની વચ્ચે હજાર-હજાર માઈલનું અંતર હતું. જો તેઓ પરસ્પર મળવાનું ઇચ્છે તો પણ વર્ષ-બે વર્ષ પગપાળા યાત્રા કરવી પડતી. પરંતુ શંકરાચાર્યે એમને જ્ઞાન આપ્યું હતું. માટે એમનામાં હિંમત આવેલી.

શંકરાચાર્યનો વિચારવારસો વર્ષોથી ચાલતો રહ્યો છે. અને કેવળ વિચાર જ નહીં, પણ એમના ગ્રંથોનાં અધ્યયન પણ ચાલી રહ્યાં છે. મેં પણ એમના ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. એમની સંસ્થાઓની એક અખંડ પરંપરા ચાલી આવી છે. આજે પણ હિંદુસ્તાનમાં કેટકેટલી જગ્યાઓ પર ગાદી પરંપરા ચાલી રહી છે.

આદ્ય શંકરાચાર્યમાં સ્વતંત્ર પ્રજ્ઞા હતી. એમણે જૂના અને ખોટા વિચારો પર પ્રહાર કરેલો. ધર્મમાં સંશોધન કર્યું, પરંતુ અત્યારે શંકરાચાર્યની જે પરંપરા ચાલી રહી છે, તેમાં તેઓ શબ્દોને પ્રમાણ માનવાવાળા જોવા મળે છે. જેવી રીતે ટૉલ્સ્ટૉયે ખ્રિસ્તી ધર્મની ઉત્તમોત્તમ સેવા કરી હતી. પરંતુ ચર્ચોએ એમનો બહિષ્કાર કર્યો. સાચા ધર્મને ઓળખનારાઓ પર, જૂના ધર્મવાળાઓનો પ્રહાર થતો હોય છે. એવી રીતે આ મઠવાળાઓ પણ મોટાભાગે નવા સુધારકો અંગે પ્રતિકૂળ જ રહ્યા એટલે કે વિરોધ કર્યો. હવે આ જે વિચાર છે એ ભવિષ્યમાં પણ એવા ને એવા જ રહેવા જોઈએ, એવો તો કોઈ કાયદો-કાનૂન નથી. એટલા માટે એમણે

આ અંકમાં

વિનોબા	૧	શંકરાચાર્ય અંગે વિનોબાજી
હરેશ ધોળકિયા	૪	ઓલરાઉન્ડર ક્રાંતિકારી
મિલિંદ બોકીલ	૬	મેંઢાગામની વિશેષતા (૨)
કિરણ દેસાઈ	૮	બંધારણીય કટોકટી : ''કટોકટી અને તેમાં ભૂમિપુત્ર'' – 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા
અશ્વિન કારીઆ	૧૦	દળી દળીને ઢાંકણીમાં
મેહુલ સંઘવી	૧૨	ભૂમિપુત્રની વેબસાઇટ (ડિજિટલ આર્કાઇવ)નું વિમોચન
કપિલ શાહ	૧૪	ભૂમિપુત્રની ડિજિટલ આર્કાઇવ વાપરવા અંગે માર્ગદર્શન
કપિલ શાહ	૧૬	ઋણ ફેડવાનો નમ્ર પ્રયાસ : ભૂમિપુત્રનું ડિજિટાઇઝેશન
સોપાન જોષી	૧૮	ગાંધીવિચાર કી કસૌટી પર ડિજિટલ મીડિયા યુગ
સોનલ પરીખ	૨૧	વાર્તાઓનો ખજાનો – 'વીણેલાં ફૂલ' અને 'તર્પણ'
કપિલ શાહ	૨૩	ગોદાવરીબેનને શ્રદ્ધાંજલિ
આશા વીરેન્દ્ર	૨૪	અમે બે બાળગોઠિયાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તો વિચાર સંશોધનનું કામ કરવું જોઈએ. નવો ભક્તિમાર્ગ શોધી શકીએ એવી આપણામાં હિંમત હોવી જોઈએ. મઠવાળાઓથી જો આ થઈ શકતું હોય, તો ધર્મ ઘણો આગળ વધશે.

પણ મોટાભાગે આ પ્રકારનાં કાર્યો મઠવાળાઓએ નથી કર્યાં. પણ જે મઠની બહાર રહ્યા છે, એમણે કર્યાં છે. રાજા રામમોહનરાય, વિવેકાનંદ, મહાત્મા ગાંધી, અરવિંદ ઘોષ, જેવી સ્વતંત્ર વ્યક્તિઓ જ સુધારણાનું કામ કરી શકી.

અદ્વૈત વિચારના પ્રચાર માટે શંકરાચાર્યે લેખન દ્વારા, વાણી દ્વારા અને સંચાર દ્વારા એક ભગીરથ આંદોલન કર્યું અને મઠની સ્થાપના કરી. એમના આ આંદોલન દ્વારા ધર્મવિચારની શુદ્ધ સેવા થઈ.

બાળપણથી પરિવ્રાજક શંકરાચાર્યે જ્ઞાનની શોધ કરવા માટે ગૃહત્યાગ કરેલો અને ગુરુને શોધતાં-શોધતાં નર્મદા તટ પર ગુરુ ગોવિંદપાદની કૃપાથી એમને જ્ઞાન, આત્મદર્શન પ્રાપ્ત થયાં. નર્મદાની કૃપાથી વિદ્યા મળી. એટલે એમણે નર્મદા-સ્તોત્રની રચના કરી. જે કાશ્મીરથી કન્યાકુમારી સુધી પ્રસિદ્ધ છે.

શંકરાચાર્ય સંન્યાસ લઈને ઉત્તર ભારતમાં ફરી રહ્યા હતા ત્યારે એમને એમની માતાની યાદ આવવા લાગી. સાક્ષાત્કારી પુરુષોના જીવનના અનુભવો અનેકવિધ હોય છે. શંકરાચાર્યના જીવનમાં પણ માનું સ્થાન ઉચ્ચ પદે હતું એ તો એમના 'कुपुत्रो जायेत....'' વાળા શ્લોકમાં સ્પષ્ટ છે. આમે ય બ્રહ્મચર્યની સાધનામાં માતૃભાવના જેવી શક્તિદાયક ભક્તિ બીજી કઈ હોઈ શકે ?

આપણે ત્યાં વચ્ચે એક સમય એવો આવ્યો કે જ્યારે માનવામાં આવતું કે કળિયુગમાં સંન્યાસ બધાં માટે વર્જિત છે. શંકરાચાર્યે આ માન્યતા પર પ્રહાર કર્યો. શંકરાચાર્યના જે ગુરુ હતા, તેઓ પહેલાં ગૃહસ્થાશ્રમી હતા અને પછી એમણે સંન્યાસ લીધો. શંકરાચાર્યે બ્રહ્મચર્યાશ્રમમાંથી જ સીધા સંન્યાસી થવાની ઇચ્છા વ્યક્ત કરી. મા પાસે ઈજાજત માંગી. પણ માએ સંમતિ ન આપી, પણ આખરે એમને રજા આપવી પડી.

આજે આપણે શંકરાચાર્યને ગૌરવાન્વિત કરીએ છીએ. અને માનીએ છીએ કે હિંદુધર્મ પર શ્રીકૃષ્ણ ભગવાન પછી સૌથી વધુ અસર જો કોઈ વ્યક્તિની પડી હોય, તો તે શંકરાચાર્યની છે. પરંતુ એમના જીવતાં એમની જે દશા હતી, એમને જે ભોગવવું પડ્યું, એની આપણને કલ્પના પણ આવી શકે તેમ નથી.

જ્યારે ઉત્તરભારતમાં ફરતાં ફરતાં તેમને થયું કે મા મને બોલાવે છે એટલે તેઓ દક્ષિણની તરફ પરત ફર્યા. ઘરે પહોંચ્યા, જોયું તો માના જીવનની અંતિમ ક્ષણો નજીક હતી. શંકરાચાર્યને થયું કે મરતાં પહેલાં માને ભગવાનનાં દર્શન થવાં જોઈએ. એટલા માટે એમણે કૃષ્ણાષ્ટક બનાવ્યું. અને મા પાસે તેનું ઉચ્ચારણ કરાવ્યું. એવું કહે છે કે એની અંતિમ પંક્તિના ઉચ્ચારણની સાથે માને ભગવાનનાં દર્શન થયાં.

એ સમયે બ્રાહ્મણોમાં આ માન્યતા હતી કે કળિયુગમાં બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધો જ સંન્યાસ લેવાનો કોઈને અધિકાર નથી. એટલે કે બ્રહ્મચર્યામાંથી ગૃહસ્થ અને પછી વાનપ્રસ્થ આવા ક્રમથી સંન્યાસનો અધિકાર મળે તેવું મનાતું હતું, જ્યારે શંકરાચાર્યે તો સીધું જ બ્રહ્મચર્યાશ્રમમાંથી સૌથી ઉપર સંન્યાસ સુધી જવાની હિંમત કરી, તો આ તો ધર્મશાસ્ત્રનો વિરોધ થયો ગણાય એવું એ વખતના બ્રાહ્મણોએ માની લીધું. હવે એમની માએ તો શંકરાચાર્યને સંન્યાસ લેવાની અનુમતિ આપી દીધી હતી. એટલા માટે માતાના મૃત્યુ વખતે શંકરાચાર્યના સમાજમાં નંબુદ્રી બ્રાહ્મણોએ એમનો બહિષ્કાર કરેલો, જેવી રીતે ગાંધીજીને હિંદુધર્મના વેરી સમજીને મારવામાં આવ્યા હતા. શંકરાચાર્ય માટેના બહિષ્કારને લીધે માની સ્મશાન-યાત્રામાં બ્રાહ્મણોમાંથી કોઈ ન આવ્યું. એ વખતે જાતિભેદ હતો એટલે બીજી જાતિવાળા તો ન જ આવે. જ્યારે માના મૃતદેહને ઊંચકવા કોઈ ન આવ્યું, ત્યારે શંકરાચાર્યે તલવારથી તે લાશના ત્રણ ટુકડા કર્યા અને પછી ટુકડાને લઈ જઈને અગ્નિ સંસ્કાર કર્યો. કેમ કે એક વ્યક્તિથી આટલા મોટા મૃતદેહનું ઊંચકાવું સંભવ નહોતું.

સમાજ સુધારકોએ કેટકેટલી હદે સહન કરવું પડતું હોય છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. આમાં પણ આપણને શંકરાચાર્યની નમ્રતાની પરાકાષ્ઠા દેખાય છે. એમણે આ ઘટનાનો ઉલ્લેખ ક્યારેય પણ - ક્યાંયે નથી કર્યો. આપણે આટલાં વર્ષોથી એમનાં ભાષ્ય વાંચીએ છીએ, તો જો એમણે આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હોત, બે શબ્દો લખ્યા હોત, તો તે વાત અમર થઈ જાત. પરંતુ એમણે આ વાતનો ક્યારેય ઉલ્લેખ નથી કર્યો, પોતાના સમાજ પર આક્ષેપ નથી લગાવ્યો. એમના ગ્રંથોમાં ક્યાંય પણ કટુતા નથી. ઉત્તમ સમાજ સુધારકનું આ જ લક્ષણ છે.

હવે આપણે જાણીએ છીએ કે આની અસર કેરલના નંબુદ્રી બ્રાહ્મણ સમાજ પર એટલી ઊંડી પડી કે આજે નંબુદ્રી બ્રાહ્મણ શબને સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરવા લઈ જાય છે ત્યારે, શંકરાચાર્યે માના શબના ત્રણ ટુકડા કર્યા હતા એના સ્મરણમાં, તે શબ પર સિંદૂરથી ત્રણ રેખાઓ અંકિત કરે છે.

આમ જ્યારે પણ સમાજ આપણો બહિષ્કાર કરતો હોય તો આપણે તે સ્થિતિમાં શાંતિ રાખવી અને પ્રેમપૂર્વક તેને સહન કરવું જોઈએ. અને પોતાના વિચારો છોડવા ન જોઈએ. આપણે ગુસ્સો ન કરવો જોઈએ અને સમજવું જોઈએ કે ભગવાનની કૃપા થઈ છે એટલે જ સમાજે બહિષ્કૃત કર્યા છે. આ પ્રકારના બહિષ્કારોમાં ભક્તોને હંમેશાં સહન કરવું પડ્યું છે. આજે આપણે એ ભક્તોને પૂજીએ છીએ. શંકરાચાર્યથી ચઢિયાતો હિંદુ-ધર્મનો ભક્ત અને સનાતન ધર્મનો રક્ષક કોણ હોઈ શકે ? તેમ છતાં તેમની સાથે પણ આવું થયું.

આમ, બાળપણમાં ભગવાન દ્વારા મળેલ આદેશનું પાલન કરતાં કરતાં, સોળ વર્ષ સુધી આખા ભારતમાં આ પરિવ્રાજકે જ્ઞાનનો પ્રચાર કર્યો. જીવનની અંતિમ ક્ષણ સુધી શરીરને તપશ્ચર્યામાં ક્ષીણ કરીને ફર્યા અને આખરે હિમાલયના કેદારેશ્વરમાં સમાધિ લીધી.

(જુઓ પાન નં. ૦૫)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઓલરાઉન્ડર ક્રાંતિકારી !

જ્યારે ઇતિહાસનો વિચાર કરતા હોઈએ, ત્યારે સૌથી આકર્ષક વિચાર હોય છે ''ક્રાંતિ.'' ઇતિહાસમાં સૌથી રોમાંચક સમય એ હોય છે જ્યારે કોઈ દેશ કે સમાજમાં ક્રાંતિ થતી હોય છે અને દેશ કે સમાજ ખળભળતો હોય છે. સમાજ કે દેશને પરિવર્તન કરવું નથી અને ક્રાંતિ તે કરવા ફરજ પાડે છે ! તે સમયે ત્યાં જે વિચારોનો ટકરાવ થતો હોય છે તે જાણવાની ખાસ મજા આવે છે.

ક્રાંતિ બે પ્રકારની છે. એક છે ''બાહ્ય ક્રાંતિ.'' બીજી છે, આંતરિક ક્રાન્તિ. બાહ્ય ક્રાંતિમાં પરિસ્થિતિ બદલાવીને સમાજ કે દેશને સ્વસ્થ કરવાનો પ્રયાસ થાય છે. સ્વતંત્રતા પ્રાપ્ત કરવી, ગુલામી દૂર કરવી કે શોષણ અટકાવવું વગેરે આ બાહ્ય ક્રાંતિમાં આવે છે. અમેરિકા, ભારત, ફ્રાંસ, આયર્લેન્ડ, દક્ષિણ આફ્રિકા વગેરે દેશોમાં સમયે સમયે ક્રાંતિ થતી રહી છે. હાલમાં જનરેશન ઝેડ શિક્ષણમાં બદલાવ લાવવા પ્રયાસ કરે છે તે પણ ક્રાંતિનો જ એક પ્રકાર માની શકાય. આ ક્રાંતિમાં બાહ્ય પરિવર્તન આવે છે. પણ મનુષ્યમાં પરિવર્તન આવે તેની ખાતરી આપી શકાય તેમ નથી. મનુષ્ય થોડા જ સમયમાં ક્રાંતિના હેતુ ભૂલી જઈ ફરી જૂની રીતે વર્તવાનું શરૂ કરી દે છે. એટલે બાહ્ય ક્રાંતિ સમયે સમયે કરવી જ પડે છે.

બીજી છે ''આંતરિક ક્રાંતિ.'' આમાં બાહ્ય ક્રાંતિ પર ભાર મુકાતો નથી. આ ક્રાંતિ માને છે કે જો મનુષ્યનું મન સ્વસ્થ થઈ જાય તો બાહ્ય વાતાવરણમાં આપોઆપ પરિવર્તન આવી જાય છે અને દેશ કે સમાજ સ્વસ્થ થઈ પ્રગતિ કરે છે. અને આ ક્રાંતિ કાયમી હોય છે. તેમાં મૂળ સમસ્યા 'માનવીનું મન' પર જ કામ કરવામાં આવે છે. મૂળમાં જ ઘા કરવામાં આવે છે.

પણ જગતના ઇતિહાસમાં જોઈશું તો મોટા ભાગે બાહ્ય ક્રાંતિ પર જ વધારે ભાર મૂકવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે બાહ્ય સુખ સગવડ વધારવામાં આવે તો મનુષ્ય સુખી થઈ જાય છે. રશિયામાં માન્યું કે સામ્યવાદી સરકાર આવશે તો બધા સમાન થઈ જશે અને દુઃખો દૂર થઈ જશે. પણ એવું ન બન્યું. મૂડીવાદે માન્યું કે લોકોને સમૃદ્ધ કરો એટલે શાંત થઈ જશે. પણ બધા સમૃદ્ધ ન થઈ શક્યા, એટલે સમસ્યા ત્યાં ને ત્યાં જ રહી ! એટલે જગતને જરૂર છે એવી વ્યક્તિની જે બંને ક્રાંતિને સમાંતરે કરે. બહાર પણ કામ કરે અને માણસના મન પર પણ કામ કરે. ઓલરાઉન્ડ-સર્વાંગી-પ્રગતિ કરે. ઇતિહાસમાં, બંને ક્ષેત્રે કામ કરતા, આવા કોઈ ઓલરાઉન્ડર ક્રાંતિકારી જોવા મળે છે ?

પ્રાચીનથી વર્તમાન ઇતિહાસ પર નજર કરીએ તો એક માત્ર એવા ક્રાંતિકારી જોવા મળે છે જેમણે બંને ક્ષેત્રે કામ કર્યું હોય.

તે છે મહાત્મા ગાંધી. તેમણે બાહ્ય અને આંતરિક બંને ક્રાંતિમાં કામ કર્યું છે. કોઈ દલીલ કરે કે શ્રી અરવિંદે આ કામ નથી કર્યું ? તેઓ ક્રાંતિકારી હતા અને યોગી પણ હતા. હા, એ સાચું છે, પણ જ્યાં સુધી શ્રી અરવિંદ ક્રાંતિકારી હતા, ત્યાં સુધી યોગી ન હતા અને યોગી થયા કે ક્રાંતિનું કામ છોડી દીધું. અજ્ઞાતવાસમાં ચાલ્યા ગયા. યોગમાં ઊતરી ગયા.

પણ ગાંધીજી તો છેલ્લે સુધી બંને કામ કરતા રહ્યા. જગતને મોટા ભાગે તેમનું બાહ્ય કામ જ દેખાય છે. ભારતની સ્વતંત્રતા માટે સંગ્રામ કરવો, અસ્પૃશ્યતા દૂર કરવી, રચનાત્મક કાર્યો કરવાં વગેરે. આ બધાં કામ તેઓ સમાંતરે કરતા રહ્યા અને ભારતના સમાજમાં અનેક પરિવર્તનો લાવ્યાં. આ બધાંના કારણે આપણે સ્વતંત્ર થયા એટલું જ નહિ, બંધારણમાં પાયાના સુધારા મૂક્યા જે લાવતાં દુનિયાના બીજા દેશોને પચાસ કે સો વર્ષ લાગ્યાં હતાં. એકીસાથે અનેક ક્ષેત્રોમાં ગાંધીજી કામ કરતા રહ્યા અને ક્રાંતિ લાવતા રહ્યા.

ગાંધીજી સમાંતરે આંતરિક ક્ષેત્રે પણ ક્રાંતિ લાવવાનો પ્રયાસ કરતા રહ્યા. આમ તો તેઓ આ આંતરિક ક્રાંતિ પોતાના જીવનમાં લાવવા માગતા હતા. પણ પોતાના પ્રયોગ સમાજ અને દેશ પર પણ કરતા રહ્યા. પોતે સત્ય અને અહિંસામાં માનતા હતા અને તે પ્રમાણે જીવવાનો પ્રયાસ કરતા હતા. તેની સમાંતરે તેઓ આ બંનેનો ઉપયોગ દેશના રાજકારણમાં પણ કરતા હતા. તેમની પહેલાં રાજકારણ ભલે હિંસાઆધારિત ન હતું પણ હિંસાનો વિરોધ ન હતો. તેના અમલને માન્ય હતો. તિલક કહેતા તેમ ''શઠમ પ્રતિ શાઠ્યમ'નો સિદ્ધાંત માન્ય હતો. પણ ગાંધીજીએ તે બધામાં આમૂલ પરિવર્તન આણ્યું. હિંસાને પાયામાંથી દૂર કરી સમગ્ર સંગ્રામ સત્યાગ્રહ અને અહિંસા પર ખડો કર્યો. સૂક્ષ્મ હિંસાને પણ ન ચલાવી. જ્યાં તે દેખાતી ત્યાં તેઓ સંગ્રામ અટકાવી દેતા. પરિણામે મહત્તમ રીતે સંગ્રામ અહિંસક રહ્યો.

બીજું, તેઓ ''શઠમ પ્રતિ સત્યમ'માં માનતા હતા. સામેની વ્યક્તિ ગમે તેટલી વિરોધી હોય, પણ પોતે તો સ્વસ્થ અને સ્વજન જ રહેવાનું છે. એટલે અંગ્રેજો ગમે તેટલી કૂટનીતિ કરતા તો પણ ગાંધીજી હંમેશાં સજ્જનનું જ રાજકારણ ખેલતા. પરિણામે અંગ્રેજોને ગાંધીજી ક્યારેય ન સમજાતા. અને છતાં તેઓ બીજા નેતાઓ કરતાં ગાંધીજી પર આંધળો વિશ્વાસ મૂકી શકતા કારણ કે તેઓ ગાંધીના સત્યને જાણતા હતા. ગાંધીજીની આંતરિક ક્રાંતિ એટલી તો પ્રભાવક હતી કે સમગ્ર દેશ તેને વશ થઈ ગયો. ક્રાંતિકારીઓ પણ ભલે હિંસાને માર્ગે કામ કરતા, પણ અંદરથી શરમાતા અને સતત ગાંધીજીના સંપર્કમાં રહી માર્ગદર્શન મેળવતા. સુભાષચંદ્ર બોઝે પણ આઝાદ હિંદ ફોજની કૂચ શરૂ કરી ત્યારે પહેલા આશીર્વાદ ગાંધીજીના માગ્યા હતા.

ગાંધીજીના વિચારો ક્રાંતિકારી છે અને શાશ્વત સત્ય ધરાવે છે એ તો તેના કઠોર દુશ્મનો પણ સ્વીકારતા હતા. અને એ વિચારો માત્ર ભારત પૂરતા જ મર્યાદિત ન રહ્યા. પણ દુનિયાના અનેક દેશોના નેતાઓએ ગાંધીજીના સત્યના પ્રયોગો કરીને જ તેમના દેશને સ્વતંત્ર કર્યા. આજે પણ જનરેશન ઝેડે જંતરમંતર પર જે પ્રયોગ કર્યો, તે ગાંધી વિચારની બહુ નજીક હતો. આજે પણ જગતમાં પર્યાવરણ વગેરે પર જે આંદોલનો થાય છે, તેમાંનાં મોટા ભાગનાં ગાંધીના આંતરિક ક્રાંતિના આધારે જ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થાય છે. ભલે તેમાં ક્યાંક હિંસાના પ્રયોગ થતા દેખાતા હશે, પણ પાયામાં તો ગાંધીચિંતન જ હોય છે. અને આમ થવાનું કારણ એ છે કે આજની પેઢી પાસે ગાંધી જેવા ઓલરાઉન્ડર નેતા નથી, જે સમાંતરે બંને ક્રાંતિ પર કામ કરી શકે. ક્યારેક તેના પ્રયોગ થાય છે. દાખલા તરીકે... સોનમ વાંગચુકના પ્રયોગો, પણ તેમની પાસે ગાંધીજી જેવી આંતરિક તાકાત નથી કે તેઓ બધાં જ દબાણ સામે ટકી શકે. છતાં તેઓ પ્રયોગ નક્કી કરે છે ત્યારે તેમના જ વિચારોને આધારે કરે છે.

આજે તો ગાંધીજી જેવા ઓલરાઉન્ડર ક્રાંતિકારીની તાતી જરૂર છે, કારણ કે સરકાર પાસે અમર્યાદ સત્તા અને હથિયારો છે જેના માધ્યમથી તેઓ લોકોને પળભરમાં કચડી શકે છે. આની સામે ટકવું એ અતિ દુષ્કર છે. અતિ પ્રભાવશાળી અને કેવળ આંતરિક તાકાત અને ઇચ્છાશક્તિ ધરાવનાર નેતા જ તેનો સામનો કરી શકે. આવા નેતા લગભગ નથી જ. એટલે જ આજે અનેક દેશોમાં લોકશાહીના નામે પણ આરામથી જુલમ કરાવાય છે. સત્તાધારીઓ બળથી બધાં માધ્યમો ખરીદી લે છે અને આત્યંતિક જૂથનો આશ્રય લે છે. આવા સમયમાં આંતરિક ક્રાંતિની તાકાત ધરાવનાર જ ટકીને તેમનો સામનો કરી શકે છે.

અલબત્ત, ગાંધીજી જેવા લોકો બે ત્રણ હજાર વર્ષે આવતા હોય છે. પણ તેઓ એક ચોક્કસ માર્ગ તો સૂચવી જાય છે જેનો અમલ કરાય તો તેમની જેમ જ સફળ થઈ શકાય છે. આજે જગતમાં યુવા જનરેશન સત્તા સામે જે લડી શકે છે, તે આ આંતરિક તાકાતના આંશિક પ્રયોગના કારણે જ કરી શકે છે. વર્તમાનમાં અને ભવિષ્યમાં પણ હવે જ્યારે ક્રાંતિનો વિચાર અને પ્રયોગ કરવાનું થશે ત્યારે કેવળ બાહ્ય ક્રાંતિનો પ્રયોગ સફળ નહિ થાય. બાહ્ય અને આંતરિક બંને ક્રાંતિનો સમાંતરે પ્રયોગ કરવો પડશે. તો જ સત્તા નમશે. તો જ સમાજનાં ત્રાસવાદી બળો તેને દાદ આપશે. એટલે હવે જ્યારે ક્રાંતિનું શિક્ષણ અપાય, ત્યારે અન્ય વાદો શીખવવાને બદલે કેવળ ગાંધીના સત્ય અને અહિંસા અને સમાંતરે બાહ્ય રચનાત્મક ક્રાંતિના પાઠ જ શીખવવા પડશે. તેના વિના બીજો કોઈ ઉપાય જ નથી.

સમગ્ર ઇતિહાસમાં ગાંધીજી ઓલરાઉન્ડર ક્રાંતિકારી તરીકે (ભારતીય પરિભાષામાં 'તપસ્વી ક્રાંતિકારી') જે 'ટાવરીંગ પર્સનાલીટી', એટલે કે એક અમાપ વ્યક્તિત્વ તરીકે જ ઓળખાશે. ગાંધીજીનો વધારે ને વધારે અભ્યાસ કરશે, અને તેની સાથે તે સિદ્ધાંતોને થોડાક પણ જીવવાનો પ્રયાસ કરશે, તો ગાંધી વધારે સમજાતા જશે. આપણી સામે એક ઉત્તુંગ, ભવ્ય, કલ્પનાતીત વ્યક્તિત્વ આવતું જશે. ભૂતકાળમાં જેમ વિશ્વ સ્વરૂપની વાત કરવામાં આવી અને કૃષ્ણને તેવા દેખાડવામાં આવ્યા, તેમ જ ગાંધી જેમ જેમ સમજાતા જશે તેમ તે પણ વિશ્વ સ્વરૂપ દેખાશે અને આપણે પણ અર્જુનની જેમ બોલી ઊઠીશું કે, 'કરિષ્યે વચનામ તવ.' તમે કહેશો તેમ કરીશ. અને ત્યારથી જગતનો ''સાચો'' વિકાસ શરૂ થશે. ગાંધીજી ભૂતકાળના વિચારોનું પરિણામ છે અને ભવિષ્યના વિચારોની શરૂઆત છે. તેઓ મહાસંગમ છે. તેમાં ડૂબકી મારવાથી પરમ પુણ્ય મળે છે. અનુભવ કરવો હોય તો અંગત જીવનમાં તેમની ક્રાંતિનો પ્રયોગ કરવા જેવો છે.

– હરેશ ધોળકિયા

શંકરાચાર્ય અંગે..... (પાન ૩નું ચાલુ)

કરુણાલય શંકર

મહાપુરુષો અત્યંત શાંત હોય છે અને વસંતની જેમ લોકહિતનું આચરણ કરીને ફરતા રહેતા હોય છે. શંકરાચાર્યે એમની પોતાની પરિવ્રજ્યાને, રખડતા જીવનને કયો આધાર આપેલો, તે જોઈએ તો આપણને એમની તીક્ષ્ણ બુદ્ધિનો પુરાવો મળે છે. ગીતામાં કહ્યું છે 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज (18:66) – બધા ધર્મો છોડીને તું મારા શરણે આવી જા. આ ગીતાનું વાક્ય છે. જ્યારે વેદાંતશાસ્ત્ર એનો આ અર્થ નથી કરતું. વેદાંત 'પરિવ્રાજક' શબ્દની વ્યાખ્યા કરે છે – 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रजति, 'परि'त्यज्य 'व्रज'ति – વેદાંતશાસ્ત્રે આવી ઉપપત્તિ લગાવી દઈને, બધું જ પરમેશ્વરને સોંપી દઈને ફરતાં રહેવું, આવો અર્થ ઈશ્વરશરણતાનો કર્યો છે. જ્ઞાનદેવે જે કહ્યું કે 'विचरे विश्व होउनी विश्वामाजी' – એવું આચરણ શંકરાચાર્યે કર્યું અને વિશ્વમય બનીને કેવળ કરુણાભાવથી સતત ફરતા રહ્યા.

ઘણાં લોકો માને છે કે તેઓ ભારતમાં જ્યાં-જ્યાં ગયા, ત્યાં દિગ્વિજય મેળવ્યો, અન્ય વિદ્વાનોને જીતી લીધા. એમણે આ તો કર્યું જ પરંતુ લોકોમાં જઈને જે-તે ભાષામાં સ્તોત્ર પણ લખ્યાં. જેમ કે ઉત્તર ભારતમાં પ્રચલિત ચોપાઈ સાંભળીને એમણે પણ ચોપાઈ છંદમાં લખ્યું જેમ કે – 'गेयं गीता–नामसहस्रं ध्येयं श्रीपतिरूपाजस्रम (ગુરુબોધ)– એ હિમાલય ગયા ત્યાં નરબલિ આપનારા લોકો મળ્યા. તેમણે એ લોકોને ખાસ સમજાવ્યું કે નરબલિ આપવી ધર્મ વિરુદ્ધ છે. ત્યારે એમના જીવન-સ્પર્શથી નરબલિની પ્રથા બંધ થઈ. આમ જ્યાં જરૂર પડી ત્યાં કારુણ્ય-પ્રેરિત સમાજસુધાર કરતા ગયા. આપણને એમના ચરિત્રમાં કરુણા સંપન્નતા જોવા મળે છે. એમનામાં રહેલો કરુણાભાવ પણ એમનાં ભાષ્યોમાં છુપાયેલો જોવા મળે છે.

આપણને શંકરાચાર્યના જીવનમાં કેટલી કરૂણા ભરેલી હતી, તેનો અંદાજ એમના ગ્રંથોથી મળતો નથી. એના માટે સૂક્ષ્મ દૃષ્ટિથી એ ગ્રંથોને જોવા પડે. એમના પ્રશ્નો વાંચતી વખતે અનુભવાય કે એમની પ્રખર બુદ્ધિ જ કામ કરી રહી છે. એમના ગ્રંથો વાંચતી વખતે આવું લાગે. પણ એમણે જે સ્તોત્ર લખ્યાં છે એમાં તો એમના હૃદયનું કારુણ્ય જ પ્રગટ થાય છે. ભગવાન વિષ્ણુનું એક સ્તોત્ર કે જે મોટાભાગે શાંકરમઠોમાં બોલાય છે – ''नारायण करुणामय शरणं करवाणि तावकौ चरणौ ।'' – આ સ્તોત્રમાં એ ઈશ્વરને 'કરુણામય' કહીને આરાધના કરે છે અને પ્રાર્થના કરે છે કે – 'अविनयमपनय विष्णा ।' – હે વિષ્ણુ, મારો અવિનય દૂર કર. અને 'भूतदया विस्तारय' – મારી ભૂતદયાનો વિસ્તાર કર. એમના આ સ્તોત્રમાં એમનું હૃદય પ્રગટ થયું છે. એમનાં ભાષ્યોમાં તેમની બુદ્ધિ પ્રગટ થઈ છે.

એમના શિષ્યોએ એમના વિષે વર્ણન કર્યું છે – श्रुतिस्मृतिपुराणानां आलय करुणालयम् । એમને વેદાદિ જ્ઞાન અને કરુણાના આલય કહ્યા છે. એમનામાં જે કારુણ્ય હતું એને લીધે તો તેઓ સતત આખા ભારતમાં સોળ વર્ષ ફરતા રહ્યા.

(ક્રમશઃ)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મેંઢા ગામની વિશેષતા (૨)

(૦૧-૦૯-૨૦૨૬ના અંકથી ચાલુ)

■ મેંઢાનો સર્વસંમતિનો સિદ્ધાંત

મેંઢાના સર્વસંમતિના સિદ્ધાંતનો વારંવાર ઉલ્લેખ થયો છે. સર્વ-સંમતિના સિદ્ધાંતનો સ્વીકાર અને તેનો સફળ પ્રયોગ – આ મેંઢાનું અનોખું યોગદાન છે. ''સર્વસંમતિ'' એક અત્યાધુનિક મૂલ્ય છે. લોકતંત્રને મજબૂત કરનારું છે. મેંઢા આ વાત સુંદર રીતે કરી રહ્યું છે. મેંઢાના લોકો કહી રહ્યા છે કે અમે આ રીતે કર્યું છે, તમે પણ આ રીતે કરી શકો છો.

અહીં બહુમતીનું સન્માન કરીને જે તે બાબતને સ્વીકારીને સહઅસ્તિત્વ અને સહજીવન ટકાવવાનું છે. આ સન્માન કરવાનો અર્થ મનની વિશાળતા છે, બહુમતીની વાત માનવી એ વ્યક્તિની મોટાઈ છે, અને દરેક વ્યક્તિને રાજી રાખવી એ સમુદાયની મોટાઈ છે. સર્વસંમતિ એ સમુદાયનું મૂલ્ય છે. સમુદાય જ્યારે તેને સ્વીકારે છે, ત્યારે દરેક વ્યક્તિની સ્વતંત્રતા અખંડિત રહે છે. સર્વસંમતિમાં બહુમતીનો સમાવેશ થયેલો જ છે.

સર્વસંમતિના સિદ્ધાંતનો પ્રયોગ એટલો કઠિન નથી જેટલો માનવામાં આવે છે. આજકાલ વ્યવસ્થાપનશાસ્ત્રમાં આ મુદ્દાની ચર્ચા થાય છે. કારખાનાઓમાં, ઉદ્યોગોમાં આવા પ્રયોગોથી ઉત્પાદનક્ષમતા વધે છે એવો અનુભવ થયો છે. 'સર્વસંમતિ' અજમાવવાની વસ્તુ છે; જો માત્ર તર્ક કરતા રહીશું અને વિચારતા રહીશું કે ''આ કેવી રીતે શક્ય થશે ? થશે કે નહીં,?'' તો ક્યાંય નહીં પહોંચીએ. પ્રયાસ કરશો તો રસ્તો મળશે. પદ્ધતિ મળી આવશે. તેનું પહેલું પગલું એ છે કે સર્વસંમતિથી નિર્ણય લેવા માટેનો નિર્ણય પણ સર્વસંમતિથી લેવો. આવું થયું, તો દરેકમાં વિશ્વાસ જાગશે અને પછી નિર્ણય લેવામાં મુશ્કેલી નહીં પડે.

મેંઢા ગામમાં ચાલી રહેલી પ્રક્રિયાઓની વિશેષતા એ છે કે, તેમણે ''સત્તાના વિકેન્દ્રીકરણ''નો અમલ કર્યો છે. મહારાષ્ટ્રમાં આદર્શ ગામો ઘણાં છે. જળસંગ્રહ વિસ્તાર વિકાસ કે બચત જૂથો દ્વારા ઘણાં ગામોએ પોતાની સ્થિતિ સુધારી નવા નમૂના ઊભા કર્યા છે. પરંતુ એવાં ઓછાં ગામો છે, જેઓએ પોતાનાં વર્તન અને કૃત્યથી ''સત્તાના વિકેન્દ્રીકરણ''ની કલ્પનાના ખ્યાલને મૂર્તિમંત કર્યો હોય. મેંઢાની બધી પ્રક્રિયાઓ કેન્દ્રિય સત્તાને પડકાર આપે છે.

■ કાર્યકર્તાની ભૂમિકા

મેંઢાની પ્રક્રિયાઓ ભલે નાનકડા ગામમાં ચાલી રહી હોય, પણ તે મૂળભૂત રાજકીય પ્રક્રિયાઓ છે. તેને વ્યાપક રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં જોવું યોગ્ય રહેશે. આ અર્થમાં મેંઢા નવી કલ્પનાઓ રજૂ કરતું ગામ છે. ગામનો વ્યવહાર ગામ દ્વારા ચલાવવાનો મુદ્દો હોય, દિલ્હી સરકારને ''અમારી સરકાર'' કહેવાનો મુદ્દો હોય, કે પોતાના જંગલ પર અધિકારનો મુદ્દો હોય –એ મુદ્દાને મેંઢાએ વિકસાવ્યો છે.

મેંઢાની પ્રક્રિયાઓમાં એક મહત્ત્વની બાબતનો ઉલ્લેખ જરૂર કરવો જોઈએ – તે છે, મોહનની કાર્યકર્તા તરીકેની ભૂમિકા. મેંઢાએ જે કંઈ કરી બતાવ્યું તેમાં મોહનનો સહયોગ અમૂલ્ય છે.

મોહનના વિચારો ગાંધી–વિનોબા–જયપ્રકાશની વિચારધારાના પ્રભાવ હેઠળ ઘડાયા હતા. ગાંધીનો સર્વોદય અને ગ્રામ સ્વરાજ્યનો વિચાર, તેને સાકાર કરવા વિનોબાએ આપેલી સર્વાયતન અને સર્વસંમતિની કલ્પનાઓ, અને જયપ્રકાશે ઉમેરેલી ''લોકનીતિ''ની કલ્પના – આ બધાંથી મોહનના વિચારોને ચોક્કસ આકાર મળ્યો, ''આપણે આપણો માર્ગ શોધીએ'' આ પ્રક્રિયા તથા વડસા તાલુકામાં થયેલા તેના પ્રયોગથી તેને શક્તિ મળી. એટલે મોહન જ્યારે મેંઢા આવ્યા ત્યારે કાર્યકર્તા તરીકે તેમનો દષ્ટિકોણ પરિપક્વ થઈ ગયો હતો.

''સમાજકાર્યકર્તાએ ગામમાં કેવી રીતે વર્તવું જોઈએ'', તે બાબતે વિનોબાએ ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે. બહારથી આવતો કાર્યકર્તા અને ગામના લોકો – આ બંને વચ્ચે ફરક છે. સાચો કાર્યકર્તા તે ફરક દૂર કરીને લોકોના સ્તરે જઈ શકે છે. કાર્યકર્તા ગામમાં જાય ત્યારે લોકોની માનસિકતા સાથે મેળ બેસાડે, તેમની શ્રદ્ધા અને લાગણીઓ સાથે સંબંધ બાંધે. સાથે જ સમાજ સાથે એકરૂપ થતા કાર્યકર્તાએ સ્વાધ્યાય, આત્મપરીક્ષણ અને પોતાના પ્રયોગોને સમય આપવો જોઈએ. વિનોબા જણાવે છે કે સતત પ્રયત્ન સૌથી મોટો ગુણ છે. ગામમાં જવું હોય તો હાડકાં ઓગાળવાની તૈયારી રાખીને જવું જોઈએ.

મોહને વિનોબાની આ શીખને હૃદયપૂર્વક અમલમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ મેંઢામાં ત્યાંના લોકોની સેવા કે ઉદ્ધાર કરવાની ભાવનાથી નથી ગયા, પરંતુ તેમની સાથે મળીને કંઈક નવું શીખવા ગયા. તેઓ કાર્યકર્તા તરીકે નહીં પરંતુ સહયોગી મિત્ર બનીને ગયા. મેંઢાના લોકોનાં સુખ–દુઃખમાં ભાગીદાર થવા ગયા. આ સમજ ખૂબ મહત્ત્વની છે.

લોકોને કોઈ વાતનો ઉપદેશ આપવો, કે કોઈ કાર્ય કરવું કે ન કરવું તેની સલાહ આપવી – એ બધાંથી તે હંમેશાં દૂર રહ્યા. દરેક વાત, દરેક વિચાર લોકોની સામે મૂકવો, સૌના વિચારો સાંભળવા, સૌની સલાહ લેવી અને સૌ સાથે મળી સર્વસંમતિથી નિર્ણય લેવો – એ જ તેમની પદ્ધતિ રહી. આ પદ્ધતિનો આધાર હતો લોકોની આંતરિક ક્ષમતા પર ઊંડો વિશ્વાસ.

તેમ છતાં, લોકો સામે નવો વિચાર મૂકવો, નવી કલ્પના રજૂ કરવી, લોકભાવનાને યોગ્ય, સ્પષ્ટ સ્વરૂપ આપવું, તેને યોગ્ય શબ્દોમાં રજૂ કરવું અને ગામનો બહારની દુનિયા સાથેનો સંપર્ક જાળવવો – આ બધાંમાં મોહન ક્યારેય પાછળ રહ્યા નહીં. સરકારી કાયદાઓના અભ્યાસની જવાબદારી તો તેમણે શરૂઆતથી જ સંભાળી; સરકાર સાથે થનારા પત્ર–વ્યવહારનું લખાણ તૈયાર કરવું, સરકારી તથા અન્ય અધિકારીઓ સાથે ગામવાસીઓને લઈને મળવું, સમાન વિચારો ધરાવતા કાર્યકરો તથા સંસ્થાઓ સાથે સંપર્ક કરવો, ગામના કાર્યકરોને બહારની દુનિયામાં યોગ્ય તક અને માન મળે તે માટે ધ્યાન આપવું – આ બધું મોહન કુશળતાથી કરતા આવ્યા છે. ''ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્સર્વેશન ઓફ નેચર''

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(IUCN) નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ ૨૦૦૩માં દક્ષિણ આફ્રિકામાં ''વર્લ્ડ પાર્ક કોંગ્રેસ''નું આયોજન કર્યું હતું. દક્ષિણ આફ્રિકાની સરકાર તેની યજમાન હતી. દેવાજી અને મોહનને આ પરિષદમાં આમંત્રણ અપાયું હતું. ત્યાં દેવાજીએ ગોંડી ભાષામાં ભાષણ આપ્યું. તેઓ ત્યાં નેલ્સન મંડેલાને પણ મળ્યા.

મેંઢા ગામની ગ્રામસભા અને અભ્યાસ મંડળની વિશેષતાઓનો આ અભ્યાસમાં વારંવાર ઉલ્લેખ થયો છે. ગ્રામસભા તો પહેલેથી હતી, પરંતુ ''અભ્યાસ મંડળ'' મોહનની આપેલી ભેટ ગણાવી શકાય. ગામને અભ્યાસ કરવાની આદત પાડવી અને તેના માટે ''અભ્યાસ મંડળ''ની રચના ઊભી કરવી - આ તેમનું મુખ્ય યોગદાન છે. એક વાર રચના ઊભી થઈ જાય પછી તે પોતાનું કાર્ય શરૂ કરે છે; ત્યારબાદ તેમાં જોડાઈ પોતાના વિચારો મૂકવા - એટલું જ બાકી રહે છે. અભ્યાસ મંડળમાં બહારના લોકો પણ જોડાઈ શકે છે, આ બાબત અગાઉ જણાવી ચૂક્યા છીએ. મોહન મેંઢા ગ્રામસભાના સભ્ય નથી, પરંતુ અભ્યાસ મંડળમાં તેઓ હંમેશાં ભાગ લે છે.

મોહન પોતે હંમેશાં અભ્યાસ તત્પર રહે છે. તેમના મનમાં હંમેશાં ગ્રામસ્વરાજ્યનો વિચાર ચાલતો રહે છે. તેથી તેનાં વિવિધ પાસાં અને સંભાવનાઓ તેમની સમક્ષ ખૂલતાં રહે છે અને પછી તેનો ઉપયોગ તેઓના કાર્યમાં થતો રહે છે. કેટલાંક વર્ષો સુધી તેઓ પત્ની અને પુત્ર સાથે મેંઢામાં રહ્યા; હવે તેઓ ચંદ્રપુરમાં રહે છે. પરંતુ ગામને જ્યારે પણ તેમની જરૂર પડે, તેઓ હંમેશાં હાજર રહે છે. મેંઢા ગામ સાથે તેમનો સંબંધ અત્યંત ઊંડો, આત્મીય અને ''જૈવિક'' કહેવાય એવો છે. તેઓ ભલે શરીરથી ગામમાં ન રહેતા હોય, ગામ હંમેશાં તેમના હૃદયમાં રહે છે અને તેઓ ગામના હૃદયમાં. (નોંધ : ૨૦૨૫ના જાન્યુ.માં મોહને આપણી વચ્ચેથી વિદાય લીધી છે.)

મેંઢાની ઓળખ મોહનથી છે અને મોહનની ઓળખ મેંઢાથી છે. જો મોહન સાથે ન હોત, તો શું મેંઢા આ બધું કરી શક્યું હોત ? તેનો જવાબ છે - ''ના.'' મેંઢા ભલે સ્વયંભૂ ગામ હોય, પરંતુ ત્યાં જે પ્રક્રિયાઓ ચાલી, તે એક આદર્શવાદી, પ્રેરણાદાયી કાર્યકર્તાના કારણે શક્ય થઈ. ગામમાં સામૂહિક નિર્ણય લેવાની પરંપરા ચોક્કસ હતી, પરંતુ તેને વૈજ્ઞાનિક, રાજકીય વિચારનો પાયો આપીને તેનો વિસ્તાર કરવાનું જે કાર્ય થયું, તે કાર્યકર્તાના કારણે થયું. મોહન ન હોત, તો આ બધું ન થાત. આ ગામની મર્યાદા દર્શાવવાની બાબત નથી; પરંતુ કાર્યકર્તાનું મહત્ત્વ આનાથી સ્પષ્ટ થાય છે. ગામમાં પોતાની એક ક્ષમતા, એક શક્તિ તો હોય જ છે. દેશના દરેક ગામમાં તે છે. પરંતુ આ ક્ષમતા વિકસાવીને તેમાંથી નવી રચના, નવી પ્રણાલી ઊભી કરવાનું પ્રેરણાદાયક કામ કાર્યકર્તામાં જ છે.

દરેક ગામને જો આવી દિશામાં આગળ વધવું હોય, તો તેને આવા સહયોગી મિત્રની - કાર્યકર્તાની - જરૂર રહેશે. પરંતુ ફરજિયાત નથી કે તે બહારથી આવે; તે ગામમાંથી પણ ઉદ્‌ભવી શકે છે. રાલેગણ સિદ્ધિ અથવા હિવરે બજારમાં આવું થયું છે. એ ગામોમાં સ્થાનિક કાર્યકર્તાઓએ ગામની કાયાપલટ કરી છે. બીજાં પણ એવાં ઉદાહરણો છે. મેંઢામાં પણ દેવાજી હાજર જ છે. કાર્યકર્તા સ્થાનિક હોઈ શકે, સમુદાયનો હોઈ શકે, પડોશના ગામ કે શહેરનો હોઈ શકે, બીજા રાજ્ય અથવા વિદેશમાંથી પણ હોઈ શકે. એક જ નહીં, અનેક કાર્યકર્તાઓ પણ હોઈ શકે. મુખ્ય વાત એ છે કે આવી પ્રક્રિયાઓ આગળ વધારવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન જરૂરી છે.

■ નેતા નહીં, કાર્યકર્તા

આજની દેશની પરિસ્થિતિ કે વિકાસના પડકારોને ધ્યાનમાં રાખીને, આ બાબત જરૂરી છે. ગામમાં નેતા ન હોય, તો ચાલે. (આજના નેતાઓનું રાજકીય દેવાળિયાપણું જોઈને લાગે છે કે એ ન હોય તો સારું.) પરંતુ કાર્યકર્તા હોવો જરૂરી છે. કાર્યકર્તા અને નેતા વચ્ચેનો ફરક ધ્યાનમાં રાખવો પડશે. નેતામાં સત્તાની આકાંક્ષા હોય છે. તે સત્તા દ્વારા લોકોને મદદ કરવાનું ઇચ્છે છે. તે ભલે પોતાને લોકસેવક કે લોકપ્રતિનિધિ કહે, પરંતુ સત્તાની ઇચ્છા તે છોડી શકતો નથી. જ્યારે સાચા કાર્યકર્તામાં સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠા, સન્માનની ઇચ્છા હોતી નથી. તે ફક્ત ઇચ્છે છે કે તેના માધ્યમથી સમાજમાં કંઈક પરિવર્તન આવે. તેથી તે લોકોની સાથે રહેવા અને તેમની સાથે કંઈક શીખવા માંગે છે અને તેનાથી બંનેનું જીવન સમૃદ્ધ બને - આ તેની પ્રેરણા છે. આજકાલ આપણે જે આધુનિક, સહભાગી લોકતંત્ર તરફ વધી રહ્યા છીએ, તેમાં આ પ્રેરણાનું મહત્ત્વ છે. આ વ્યવસ્થામાં નેતાઓ લોકોને જવાબદાર રહેશે, લોકોનું તેમના પર નિયંત્રણ રહેશે. પરંતુ કાર્યકર્તા કે સહયોગી મિત્રોને જીવનના દરેક ક્ષેત્રમાં પ્રેમ અને માન મળશે.

હવે ભવિષ્યમાં પણ શું ગામને મોહનની જરૂર પડશે ? તેનો જવાબ ''હા'' પણ છે અને ''ના'' પણ. વિનોબાએ કહ્યું હતું તેમ, કાર્યકર્તાને જો કોઈ ગામ અપનાવવું હોય, તો જીવનભર માટે અપનાવે - થોડા મહિના કે વર્ષો માટે નહીં. આજકાલ વ્યાવસાયિક સમાજકાર્ય ક્ષેત્રમાં પૂછવામાં આવે છે - કેટલા દિવસ કામ કરશો ? ગામમાંથી ક્યારે બહાર નીકળશો ? (અંગ્રેજીમાં કહે છે - ''વિથડ્રો ક્યારે કરશો?'') ફંડિંગના આધાર પર પ્રકલ્પ ચલાવનારાઓ માટે આ પ્રશ્ન યોગ્ય હોઈ શકે છે; પરંતુ જીવનભરનું વ્રત લેનાર કાર્યકર્તાઓ માટે નહીં. શું અણ્ણા હજારેને પૂછશો કે ''રાલેગણ સિદ્ધિમાંથી ક્યારે નીકળો છો ?'' કાર્યકર્તા અને ગામનો સંબંધ અભિન્ન, જૈવિક હોય છે. તે ક્યારેય તૂટતો નથી, ન તૂટવો જોઈએ. કાર્યકર્તાની જરૂર હંમેશાં રહેશે, કારણ કે પરિસ્થિતિ બદલાતી રહે છે, નવા પડકારો આવે છે. કાર્યકર્તાના કારણે તે સમૃદ્ધ બની શકે છે. બીજું એ કે જ્યારે કાર્યકર્તા સહયોગી મિત્ર બની જાય છે, ત્યારે તે જૂથનો અભિન્ન ભાગ બની જાય છે. પછી તેને અલગ કરી શકાતો નથી.

મેંઢા શાંત, થોડું ધીમી ગતિનું ગામ છે. ઘટનાઓ બનતી રહે છે, પરંતુ ગામ ફરીથી પોતાની સ્થિર અવસ્થામાં આવી જાય છે. જે દિવસે કેન્દ્રીય વનમંત્રીએ મંજૂરીપત્ર (ટી.પી.)ની પુસ્તિકા આપી (૨૭ એપ્રિલ ૨૦૧૧), એ દિવસે પણ બપોર બાદ ગામ શાંત હતું. બીજું ગામ હોત તો તેમાં વિજય સમારંભ થાત, ફટાકડા ફૂટત, પરંતુ મેંઢાએ એવું કંઈ કર્યું નહીં. ન પેંડા વહેંચ્યા, ન મીઠાઈ બનાવી. ઊલટું મહેમાનો જતા

(જુઓ પાન નં. ૧૦)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બંધારણીય કટોકટી : ''કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' - 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા'' પુસ્તકના પ્રકાશન નિમિત્તે કેટલાંક અવલોકનો-વિચારો (ભાગ-૨)

(૦૧-૦૯-૨૦૨૬ના અંકથી ચાલુ)

લેખના આ ભાગમાં મુખ્ય પ્રવાહના ભારતીય રાજકારણ; વિશેષતઃ ૧૯૭૫ની કટોકટીને સમજવા અર્થે વિદ્વાનો દ્વારા વિનિયોગ પામેલ માર્કસવાદની વર્ગ વિશ્લેષણની પદ્ધતિ તેમ જ બહુવિધવાદ (Pluralism)ની વિભાવના સંબંધિત ખ્યાલ મેળવ્યા બાદ સ્વતંત્ર ભારત સંબંધિત કેટલાંક ઐતિહાસિક અને વૈચારિક તથ્યોના અનુષંગે વિમર્શનું સમાપન કરીશું.

સ્વતંત્રતા પશ્ચાત્ નહેરુ અને અન્ય નેતૃત્વ દ્વારા દેશના રાજકીય વહીવટ અર્થે સમવાયીતંત્ર (Federalism) અપનાવવાના નિર્ણય માટે કારણભૂત એક મહત્ત્વનું પરિબળ ભારતીય સમાજમાં પ્રર્વતતી સાંસ્કૃતિક અને સામાજિક બહુવિધતા હતી. જેની અક્ષુણ્ણતા, અખંડિતતા માટે આ દીર્ઘદર્શી નેતાઓ કટિબદ્ધ, પ્રતિબદ્ધ હતા. અલબત્ત સામાજિક અને સાંસ્કૃતિક બહુલતા અર્થહીન અને ભ્રામક નીવડી કેમ કે સમાજવાદનાં તત્ત્વો, છાંય ધરાવતું મિશ્ર અર્થતંત્ર અપનાવ્યું હોવાનો આઝાદ ભારતની પ્રથમ સરકારનો દાવો વાસ્તવમાં પોકળ ઠર્યો. દેશની કુલ વસ્તીનો ઘણો મોટો તેમજ બહુમતી હિસ્સો, શ્રમિકો, ગરીબો, વંચિતો તેમ જ દેશ-સમાજની પ્રણાલી અને સંરચનાને કારણે સામાજિક-આર્થિકપણે નબળા સમૂહોનો રહેવા પામ્યો હતો અને છે.

કલ્યાણકારી રાજ્ય (welfare state)ના આદર્શ અને વિભાવનાને નહેરુ સરકારે નીતિ અને વ્યવહારમાં અપનાવ્યાં હતાં. પરંતુ તેની સમાંતરે મૂડીવાદી ઉત્પાદન વ્યવસ્થા અતિસબળ અને પ્રબળ થતી જતી હતી. નહેરુ રશિયાથી પ્રભાવિત તો હતા. પરંતુ નવજાત રાષ્ટ્રના પ્રથમ વડા પ્રધાન હોવાને નાતે તેમની અગ્રતા દેશના નવનિર્માણની હતી. અને તે હેતુ બર આણવા અંગે સરકારી માલિકીના જાહેર ક્ષેત્રના ગંજાવર ઉત્પાદકીય એકમોની સાથે મૂડીવાદી સાહસોને પ્રોત્સાહન આપવું અનિવાર્ય હોવાનું તેમને વર્તાયું. આમ, દેશના ઝડપી વિકાસના ઓઠા હેઠળ તેમણે વકરતી જતી આર્થિક અસમાનતા પરત્વે આંખ આડા કાન કર્યા. અને તદ્પરિણામે રહિતો (have-nots) અને સહિતો (haves) વચ્ચેની આર્થિક વિષમતાની ખાઈ ઊંડી થતી ગઈ.

આંબેડકરે રાજકીય લોકતંત્ર - પ્રત્યેક નાગરિકના મતાધિકાર સહિતના સમાન બંધારણીય, રાજકીય અધિકારો-ના ઉમદા ઉદ્દેશને સિદ્ધ કરવા કાજે સામાજિક લોકતંત્રની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો. સામાજિક સમાનતા વિનાનું રાજકીય લોકતંત્ર વ્યર્થ પુરવાર થાય એવી તેમની ભીતિ ને ખ્યાલ યથાર્થ પુરવાર થયા. તે જ રીતે, સાંસ્કૃતિક અને સામાજિક બહુવિધતાએ ક્યારેક ચોક્કસપણે કાઠું કાઢ્યું. નિયમિતપણે યોજાતી સંસદીય ને વિધાન-સભાની ચૂંટણીઓમાં ક્રમશઃ સમાજના વિભિન્ન સમૂહો ને જૂથોની સહભાગિતા અને પ્રતિનિધિત્વ વધતાં જતાં હતાં; જેમાં, દલિત, આદિવાસીઓ અને અન્ય પછાત લેખાતા સમુદાયો વગેરે સામાજિક કોટિક્રમના નિમ્ન સોપાન-સ્થિત સમૂહોનો પણ સમાવેશ થતો હતો.

પરંતુ, બીજી બાજુ, વૈવિધ્યપૂર્ણ ભારતીય સમાજના બહુવિધવાદની મહિમા-ગાથા અને ગૌરવગાન પણ સતત વકરતી જતી આર્થિક વિષમતાને કારણે ઠાલાં અને બોદાં વાણી-વ્યભિચારરૂપ નીવડતાં જણાયાં. કેમ કે આર્થિકપણે આ બહુવિધવાદ સમરૂપ નહોતો પણ વિષમરૂપ હતો. નહેરુ જીવિત હતા ત્યાં સુધી કૉંગ્રેસ પક્ષ આ બહુવિધતાયુક્ત પરંતુ સમરૂપતા ન ધરાવતી વિશાળ આમજનતા માટે એક શિરછત્રરૂપ સંસ્થા હતી, કે જે વિભિન્ન આર્થિક અવસ્થા ધરાવતા, સ્તરીકૃત સમાજના વિભિન્ન તમામ સમૂહોનું સમગ્રપણે હિત સાચવતી હોવાનો લોકોમાં વિશ્વાસ હતો. પણ નહેરુ જેવી પ્રચંડ પ્રતિભાના દેહાવસાન સાથે ઐતિહાસિક પક્ષમાં રાજકીય ચડસાચડસી, ખેંચતાણ, ફાટફૂટ વધ્યાં. તો, દેશભરમાં અન્ય નાના-મોટા પક્ષોએ પણ કાઠું કાઢ્યું. સાથે, લોકોમાં રાજકારણ, રાજકીય પક્ષો અને તેના નેતાઓ અને વિશેષતઃ કૉંગ્રેસના નેતૃત્વ પરત્વે અસંતોષ, નિરાશા વધતાં જતાં હતાં.

અઝાદીના બે દાયકા બાદ ૧૯૬૦ના દાયકામાં ભારત પાસે ત્રીજા વિશ્વના સંદર્ભે સૌથી સ્વાયત્ત, અને અત્યાધુનિક વલણ ધરાવતા મધ્યમ અને ભદ્ર સ્તરીય (bourgeoisie) સમૂહો હતા. તો, સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ભારે ઉદ્યોગોમાં સઘન મૂડીરોકાણ થયું હતું, જેને કારણે કૃષિ ક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવી. શરૂઆતમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ નોંધાવાને પગલે આર્થિક સૂચકાંકો મુજબ દેશ પ્રગતિના પંથે હોવાનું વર્તાયું પણ ખરું. પરંતુ ગ્રામીણ વિસ્તારમાં રહેતી ૮૦ ટકા વસ્તી અને તેમાં કૃષિ ક્ષેત્ર પર નિર્ભર દેશની ૭૦ ટકાથી વધુ વસ્તીની આર્થિક સ્થિતિ સુધરવા ન પામી. આને કારણે ઉત્પાદનો માટેનું સ્થાનિક બજાર ઊભું ન થયું. લોકોનો આર્થિક દરજ્જો નબળો થતો જતો હોઈને ઉત્પાદન સ્થગિત કરવાનો વારો આવ્યો ને દેશ આર્થિક મંદીનો ભોગ બન્યો. ૧૯૬૬થી ઔદ્યોગિક ઉત્પાદન સતત ઘટતું ચાલ્યું. તે સાથે વૃદ્ધિ દર પણ લથડતો રહ્યો. એક પછી એક પંચવર્ષીય યોજનાઓમાં નિર્ધારિત કરેલ વૃદ્ધિદર સિદ્ધ તો ન જ થયા પણ સતત ગગડતા રહ્યા. સૌથી કફોડી સ્થિતિ ગ્રામીણ ગરીબોની થઈ. તેમનાં વાસ્તવિક વેતન ઘટ્યાં; તેમની ખરીદ શક્તિ ઘટવા પામી. અને સામાન્યતઃ પણ લોકોની માથાદીઠ આવક ઘટતી ચાલી.

૧૯૭૧ની ચૂંટણીમાં કૉંગ્રેસના વરિષ્ઠ ને ખમતીધર નેતાઓ સામે ઇંદિરા ગાંધીનો વિજય સમાજનાં અનેકાનેક જૂથો-સમૂહોની સક્રિય સહભાગિતાને સૂચિત કરતો હતો. પરંતુ સમય જતાં તેમના ચૂંટણી વિજય માટે કારણભૂત 'ગરીબી હટાઓ'નું સૂત્ર અને તેની સાથે સંલગ્નિત વચનો, કાર્યક્રમોની પોકળતા છતી થઈ. ઇંદિરા ગાંધીના વિજય માટે જવાબદાર આમ જનતાનું ભ્રમનિરસન તો વકરતા જતા ભ્રષ્ટાચાર, માઝા મૂકતી મોંઘવારી, અને બાબુશાહીની જોહુકમીને કારણે થઈ ચૂક્યું જ હતું. બંગાળમાં શ્રમિકો અને કિસાનોના શોષણ સામેની ક્રાંતિવાદી નક્ષલવાદી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ચળવળ તેમ જ અન્યત્ર પણ દમન અને શોષણ સામેની બગાવત જોશ પકડતી જતી હતી. પણ ફાસીવાદી રીતરસમો થકી નક્ષલ ચળવળ અને બંધારણીય અધિકારો માટેનાં અન્ય આંદોલનોને કચડી નખાયાં.

એપ્રિલ ૧૯૭૪માં રેલવે કામદારોની ઐતિહાસિક હડતાળે આકાર લીધો. જેને પણ દમનસહ દબાવી દેવાઈ. કુલ આશરે ૫૦૦૦૦ જેટલા રેલવે કર્મચારીઓની ધરપકડ કરાઈ અને ૧૫૦૦ને બરતરફ કરાયા. સાથોસાથ બિહાર અને ગુજરાતમાં યુવાસમૂહે નવનિર્માણ જેવા સરકાર વિરોધી આંદોલન ઉપાડ્યાં. ગુજરાતમાં કોંગ્રેસની ચીમન પટેલની રાજ્ય સરકારને રાજીનામું આપવાની ફરજ પડી. યુવા આંદોલનકારીઓના માર્ગદર્શન અને નેતૃત્વ માટે નહેરુના એક સમયના મિત્ર, સમાજવાદી અને અણીશુદ્ધપણે નિષ્ઠાવાન તેમ જ 'લોકનાયક' તરીકે દેશભરમાં જાણીતા એવા, આદરપાત્ર અને લોકપ્રિય વયોવૃદ્ધ નેતા જયપ્રકાશ નારાયણ જાહેર જીવનમાં પ્રવેશ્યા. અને તેમની જાહેર સભાઓમાં જંગી સંખ્યામાં લોકમેદની ઊમટવા માંડી.

સતત ગોરંભાતી જતી આ સુષુપ્ત જ્વાળામુખી સમાન સામાજિક-રાજકીય પરિસ્થિતિથી ઘેરાઈ ચૂકેલાં ઇંદિરા ગાંધીને સખત ફટકો અલાહાબાદ હાઈકોર્ટના ૧૨ જૂન, ૧૯૭૫ના ચુકાદાએ આપ્યો; કે જે અંતર્ગત ૧૯૭૧ની લોકસભાની ચૂંટણીમાં રાયબરેલી મતવિસ્તારમાં થયેલ તેમના વિજયને ખારીજ કરાયો કેમ કે તેમના પ્રતિસ્પર્ધી રાજનારાયણે ચૂંટણીમાં ગેરરીતિ થઈ હોવાના આરોપસર દાવો દાખલ કર્યો હતો. આ એક તોતિંગ પ્રહાર હતો. ઇંદિરા ગાંધીની ૧૯૭૧માં આકાર પામેલ મોહિનીસભર છબી આ તમામ ઘટનાઓને કારણે ચકનાચૂર થવા પામી. હાઈકોર્ટના ચુકાદાના અમલ સામે ૨૪ જૂને સુપ્રીમ કોર્ટનો મનાઈ હુકમ વડાં પ્રધાન મેળવી શક્યાં. ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં એક વિશાળ જાહેર સભાને સંબોધતા જે.પી.એ અલાહાબાદ ચુકાદાને માન આપી વડાં પ્રધાને રાજીનામું આપવું જ રહ્યું એવી ઉગ્રપણે માગણી કરી. તેમણે વધુમાં લશ્કર, પોલીસ દળ અને અન્ય સરકારી કર્મચારીઓને હાકલ કરી કે તેઓ સૌએ સરકારના ગેરબંધારણીય અને ગેરકાનૂની હુકમોનું પાલન કે અમલ ન કરવો જોઈએ.

અને ૨૫ જૂન ૧૯૭૫ની રાત્રિએ જ એક બાહોશ મહિલા વડાં-પ્રધાન પરંતુ સત્તા જવાના ભયથી ઇંદિરા ગાંધીએ મરણિયા થઈ કટોકટી લાદવાની ચોંકાવનારી અને પરાકાષ્ઠારૂપ ઘોષણા કરી દીધી. રાષ્ટ્ર પ્રમુખ ફખરૂદ્દીન અલી અહમદે કટોકટીના સત્તાવાર હુકમનામામાં દેશની આંતરિક સુરક્ષાને ખતરો હોવાનું ઓઠું, કારણ દર્શાવ્યું. તેની સાથે દેશના નાગરિકોના તમામ બંધારણીય અધિકારો સ્થગિત થયા. રાતોરાત સરકારના વિરોધી લેખાતા તમામ રાજકીય નેતાઓ, જયપ્રકાશ નારાયણ, મોરારજી દેસાઈ અને અન્ય સક્રિય કાર્યકરોને તુરંગવાસમાં ધકેલાયા. એક અંદાજ મુજબ આશરે ૨૦૦૦૦૦ લોકોને જેલમાં મોકલાયા. અલબત્ત, બાદમાં પણ કટોકટી દરમિયાન અવામ પર અત્યાચારોનો સિલસિલો યથાવત્ રહ્યો. ખાસ તો, મિસા (MISA : Maintenance of Internal Security Act)ના બેફામ દુરુપયોગ થકી પોલીસ દ્વારા સરકાર સામે હરફ ઉચ્ચારનાર કે વિરોધી જણાતા તમામની ધરપકડ થતી ને આરોપ ઘડ્યા વિના, ઘણી વાર હાસ્યાસ્પદ કારણ દર્શાવી તેમને જેલવાસ અપાતો. સામાન્ય, ને તેમાં પણ ગરીબ, વંચિત અને લઘુમતી આમ જનોના દમનમાં વડાં પ્રધાનના પુત્ર સંજય ગાંધી અને તેમની ટોળકી તેમજ ઇંદિરા ગાંધીની કદમબોસી કરનારા ભાટચારણરૂપ સલાહકારોની તેમાં ભૂંડી ભૂમિકા રહી.

રાજકીય તલ પર બાહ્યપણે આકાર લીધેલ ઉપરોક્ત બનાવોની ભીતરમાં જઈને સમજવાની કોશિશ કરીએ. ૧૯૭૧ બાદની રાજકીય ઘટનાઓ, જેનો ઉપર ઉલ્લેખ થયો છે તે તો મહત્ત્વની હતી જ. તદુપરાંત કટોકટીના અર્થઘટન માટે, આઝાદીના ટાણાથી માંડીને ૧૯૭૫ પર્યંતના સમયખંડને આવરીને દેશની પરિસ્થિતિનો સમગ્રપણે સંક્ષિપ્તમાં ખ્યાલ મેળવવો પણ જરૂરી છે. તેમ જ સમાજને સમજવા ગડમથલ કરતા આ વિનમ્ર વિદ્યાર્થીની વિદ્યાકીય રુચિ અને અભિગમને કારણે સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યને સંયોજવો પણ અનિવાર્ય જણાય છે. વિભિન્ન પ્રતિમાનો (models)માંથી ખસૂસપણે એવું પ્રતીત થાય છે કે માર્કસવાદી વર્ગીય વિશ્લેષણની પદ્ધતિ થકી આઝાદી બાદના આ પ્રથમ રાજકીય ભૂપ્રપાતને કદાચિત અર્થઘટિત કરી શકાય.

ભારતીય સંદર્ભમાં બહુવિધતાની ઉપેક્ષા તો ન જ થાય. બલ્કે, એમ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી કે જો વાસ્તવમાં બહુવિધવાદી મૂલ્યો અને આદર્શોનાં મૂળિયાં દેશની સામાજિક ભોંયમાં ઊંડાણપૂર્વક તેમ જ સક્ષમપણે ને સબળપણે દૃઢીભૂત થયાં હોત તો, કટોકટીનું આયુધ ઉગામવાની હિંમત ઇંદિરા ગાંધી સરકાર દાખવી જ ન શકત.

સૌ પ્રથમ પ્રશ્ન એ કરવો રહ્યો કે ૧૯૭૫માં દેશની હાલત, સામાજિક-આર્થિક-રાજકીય સ્થિતિ-પરિસ્થિતિ સંદર્ભે અસાધારણ અસ્થિરતા, અત્યંત પ્રવાહીજનક અવસ્થા, પ્રવર્તતી હોવાનું કોને વર્તાતું, પ્રતીત થતું હતું? અને આવી પરિસ્થિતિના નિયંત્રણ કાજે 'કટોકટી'નું અંતિમવાદી પગલું ભરવું, બ્રહ્માસ્ત્રરૂપી આયુધ ઉગામવું કેન્દ્ર સરકાર માટે અનિવાર્ય થઈ પડ્યું હોવાનો ચરમસીમારૂપ વિચાર ક્યાંથી જન્મ્યો ને તે માટેનાં જવાબદાર કારણો, પરિબળો કયાં હતાં ? શું માત્ર ને માત્ર અલાહાબાદ હાઈકોર્ટના વિપરીત ચુકાદાને કારણે સત્તા ગુમાવવાના ડરે બેબાકળાં બનેલાં ઇંદિરા ગાંધીએ કટોકટી લાદી ? શું ગુજરાત અને બિહારના યુવા આંદોલન અને જેપીનું બાદમાં તેમાં સહભાગી બનવું અને પોલીસદળ, લશ્કર તેમ જ સરકારી કર્મચારીઓને સરકારના ગેરબંધારણીય અને ગેરકાનૂની હુકમોનો અનાદર કરવા માટે લોકનાયક દ્વારા પ્રોત્સાહિત કરવાથી ઇંદિરા વિચલિત થયાં હતાં? કે પછી કટોકટીની સર્વગ્રાહી સમજૂતી કાજે અન્ય સંરચનાકીય, સામયિક પરિબળોને પણ લક્ષમાં લેવાં જરૂરી છે ?

આ પ્રશ્ન-શ્રેણીનો ઉત્તર મેળવવા આપાતકાલને બીજા છેડેથી તપાસીએ. કટોકટીના અમલીકરણની તરેહને ચકાસીએ. ઊંડી વિગતમાં ન જઈએ તો પણ, સ્પષ્ટ છે કે એક તરફ, સંજય ગાંધીની દોરવણી હેઠળ દિલ્હીના રાજ્યપાલ જગમોહન દ્વારા પુરાણી દિલ્હીના સૌંદર્યકરણ

(જુઓ પાન નં. ૧૧)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દળી દળીને ઢાંકણીમાં

મુંબઈ હાઈકોર્ટની ગોવા ખંડપીઠે જાતીય છેડછાડ આરોપસર 'તહેલકા' સ્થાપક તેજપાલને ૭ વર્ષની કેદની સજા ફટકારી હોવાના સમાચાર હાલમાં ચર્ચામાં છે. તેનાં બે કારણો છે : એક તો એ કે નીચેની અદાલતે તેમને નિર્દોષ છોડી મૂકેલા હતા. બીજું એ કે આ પોતાની નીચેના સ્ત્રી કર્મચારી સામે જાતીય સતામણીનો કેસ હતો.

કાર્યસ્થળે જાતીય સતામણી બાબતમાં બહુ ગવાયેલ કિસ્સો વિશાખા (ઑગસ્ટ, ૧૯૯૭)નો છે, જેમાં તે સમયે જાતીય સતામણી પર રોક લગાવતા કાયદાના અભાવે દેશની સર્વોચ્ચ અદાલતે પાંચ માર્ગદર્શિકાઓ જાહેર કરી હતી અને સંસદ આ બાબતે કાયદો ન ઘડે ત્યાં સુધી તે માર્ગદર્શિકાઓને કાયદો ગણવા હુકમ કર્યો હતો. ત્યાર પછી 'ગંગામાં ઘણું પાણી વહી ગયું' છે. સંસદે રૂબરૂમાં જાતીય સતામણી નિવારણ કાનૂન ઘડેલ છે અને હાલ તે અમલમાં છે. ૨૦૧૨માં દિલ્હીમાં 'નિર્ભયા' પર ચાલુ બસે પાંચ આરોપીઓએ કરેલ સામૂહિક બળાત્કારના બનાવને લઈ આખો દેશ હચમચી ઊઠ્યો હતો. તે પછી જસ્ટીસ વર્મા સમિતિની ભલામણોના આધારે કાયદાઓમાં સુધારાઓ દાખલ કરાયા. પરંતુ જાતીય સતામણીના બનાવો થોભવાનું કે વિરામ લેવાનું નામ લેતા નથી. 'નિર્ભયા' બનાવ સમયે લોકઆંદોલન, કાનૂની સુધારા તેમ જ બળાત્કાર બનાવોની વણઝાર જોતાં એમ જ કહી શકાય કે 'દળી દળીને ઢાંકણીમાં.'

'મથુરા' કેસ (૧૯૭૬)માં એક પોલીસ સ્ટેશનમાં ૧૬ વર્ષની સગીર મથુરા પર બે કોન્સ્ટેબલોએ કરેલ બળાત્કારના કેસમાં સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવીને આરોપીઓને નિર્દોષ છોડેલા કે બનાવમાં સગીરાની સંમતિ હતી. આ કેસમાં એમ ઠરાવાયેલ કે તેણી જાતીય સહવાસ માટે ટેવાયેલી હતી. ત્યારબાદ ૧૯૮૮માં ભોગીતભાઈ હીરજીભાઈ કેસમાં અદાલતે નોંધ્યું કે પશ્ચિમ જગતની સ્ત્રી બળાત્કારની ખોટી ફરિયાદ કરી શકે પરંતુ બળાત્કારના બનાવ બાદ સ્ત્રીના ચારિત્ર્યને લાગતા કલંકના કારણે ભારતીય સ્ત્રી ભાગ્યે જ ખોટી ફરિયાદ કરશે.

૧૯૯૨માં રાજસ્થાનના એક ગામમાં ભંવરીદેવી નામની સ્ત્રી પર તેણીના પતિની હાજરીમાં પાંચ વ્યક્તિઓએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. જયપુર અદાલતે એમ ઠરાવીને આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા કે ગામના નાયબ સરપંચ નીચેની જાતિની સ્ત્રી પર બળાત્કાર કરે નહીં, મોટી ઉંમરના લોકો બળાત્કાર ન કરે, ઉચ્ચ જ્ઞાતિના લોકો નીચલી જ્ઞાતિની સ્ત્રી પર બળાત્કાર ન કરે. સર્વોચ્ચ અદાલતે જયપુર અદાલતનો આ ચુકાદો રદ કર્યો હતો.

૨૦૧૫માં મહમદ ફારૂકી પર ભારતમાં સંશોધન માટે આવેલ એક અમેરિકન સ્ત્રી પર બળાત્કારનો આરોપ હતો. નીચેની અદાલતે તેને દોષિત ઠરાવેલ. પરંતુ અપીલમાં દિલ્હી હાઈકોર્ટે આરોપીને એમ ઠરાવી નિર્દોષ છોડી મૂક્યો હતો કે બંને એકબીજાને જાણતા હતા અને તેઓ એકબીજાને આલિંગનો પણ આપતાં હતાં. આ કેસમાં ઠરાવ્યું કે સ્ત્રીનો નબળો ઇન્કાર સંમતિ બરાબર છે. આ અનુમાન વધારે સાચું ત્યારે લાગે છે કે જ્યારે બંને પક્ષકારો શિક્ષિત અને એકબીજાને જાણતા હોય. મુખ્ય બાબત એ છે કે જાતીય ગુનાઓ સંબંધમાં ખાસ કરીને શિક્ષિત સ્ત્રીઓ વિરુદ્ધ આ પૂર્વગ્રહ વર્ષોથી ભારતીય ન્યાયશાસ્ત્રમાં ચાલ્યો આવે છે. બળાત્કારના બનાવ વખતે જેમણે શરમ પૂરતી શરમ અનુભવી ન હોય તેમની સંમતિ માની લેવામાં આવે છે.

આ માહોલ વચ્ચે મુંબઈ હાઈકોર્ટની ગોવા ખંડપીઠે તેજપાલને દોષિત ઠરાવતો જાહેર કરેલો ચુકાદો પ્રશંસનીય છે. ૨૦૧૩માં ગોવા મુકામે એક પરિષદના આયોજન સમયે તેજપાલે પોતાની સાથે જાતીય છેડછાડ કરેલ હોવાનો આરોપ તેમની જુનિયર સ્ત્રી કર્મચારીએ કરેલ હતો. નીચેની અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવ્યો. પરંતુ મહત્ત્વની બાબત તેની પાછળ અદાલતે જણાવેલ કારણો છે. આ કેસમાં આરોપીને નિર્દોષ છોડવાના ચુકાદામાં ન્યાયાધીશે જણાવ્યું કે તેણી સાથેની છેડછાડ બાદ તેણીએ રાડારાડ કરી ન હતી. ઉપરાંત પોતાને થયેલ માનસિક આઘાત બરોબર પ્રગટ કરેલ ન હતો. અદાલતે એ બાબતની નોંધ ન લીધી કે આરોપી તેનો ઉચ્ચ અધિકારી હોવાથી તેણી પર પ્રભુત્વ ધરાવતી સ્થિતિમાં હતો.

હાઈકોર્ટે તમામ પાસાંઓની વિચારણા બાદ પ્રગતિશીલ અને નોંધપાત્ર ચુકાદો જાહેર કરેલ છે. બચાવપક્ષની રૂઢિચુસ્ત માન્યતા ધરાવતી તમામ દલીલો હાઈકોર્ટે નકારી છે. સ્ત્રીઓને માત્ર પુરુષ માનસથી જ આઘાત લાગે છે તેવું નથી, ન્યાયતંત્રનું આ વલણ પણ સ્ત્રીઓ માટે માનસિક આઘાત સમાન છે. મથુરા કેસ બાદ સત્તાધારી વ્યક્તિએ કરેલ જાતીય છેડછાડના કિસ્સામાં આરોપી નિર્દોષ હોવાનું અનુમાન હવે અસ્વીકાર્ય બન્યું છે. નિર્ભયા કેસ પછી પીડિતાના જાતીય ઇતિહાસનો પુરાવો અસ્વીકાર્ય છે. આમ છતાં, આ કેસમાં ફરિયાદી (પીડિતા)ના જાતીય ઇતિહાસ વિશે પ્રશ્નો પુછાયા હતા.

આ તમામ કાયદાકીય પાસાંઓની અવગણના કરીને જાણે સ્ત્રી આરોપી હોય અને તેની સામે ખટલો ચાલી રહ્યો હોય તેમ તેને જલીલ કરવામાં આવે છે. કાયદામાં સુધારા થયા અને થયા કરશે, પરંતુ તેનો અમલ કરનારાની માનસિકતામાં સુધારો ક્યારે થશે ? પીડિતાએ પોતાના ઉપરી અધિકારીને બનાવ બાદ ફરિયાદ કરી હતી અને આરોપીએ બે વખતે ઈ-મેઈલથી માફી માગી હતી. નીચેની અદાલતે આ પુરાવો માન્ય કર્યો ન હતો.

– અશ્વિન ન. કારીઆ

(તા. ૮ ઑગસ્ટ ૨૦૨૬ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા મીહીરા સૂદના પ્રગટ લેખના આધારે)

મેંઢા ગામની..... (પાન ૭નું ચાલુ)

રહ્યા બાદ, વાડ તરીકે લગાવેલા વાંસ પણ કાઢી નાખ્યા. બપારે ત્રણ વાગ્યા બાદ સૌ લોકો પોતાના ઘેર પાછા ફર્યા. પોલીસ પાછી ગઈ. બેનર ઉતારી દેવામાં આવ્યાં. એ સમયે કોઈ આવે તો તેને ખબર પણ ન પડે કે ગામમાં આટલું બધું બન્યું છે. સૌ શાંતિથી પોતાના રોજિંદા કામમાં લાગી ગયા. સમાજ મંદિરની સામેનું મેદાન - જે ગઈ સાંજ અને તે દિવસે સવારે લોકોની ભીડથી ભરેલું હતું - હવે ખાલી થઈ ગયું. સામાન્ય દૈનિક ક્રમ ફરીથી શરૂ થયો. રાત્રે સામૂહિક વનવ્યવસ્થાપન કાર્યકારી સમિતિની બેઠક મળી; પરંતુ તેમાં પણ વિજયના ઉલ્લાસનો અણસાર નહોતો. ભવિષ્યનાં પગલાં વિશે શાંતિથી ચર્ચા થઈ.

– મિલિંદ બોકીલ

અનુ. કિશોર દેસાઈ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બંધારણીય કટોકટી.... (પાન ૯નું ચાલુ)

માટે તુર્કમાન ગેટ વિસ્તારના મુસ્લિમોના આવાસોનો વિદ્વંસ હાથ ધરાયો. તો, સાથે સંજય ગાંધીના નેતૃત્વ હેઠળ મહદંશે ગરીબો, લઘુમતીઓને નિશાન બનાવતા સામૂહિક વંધ્યીકરણની પ્રક્રિયા જેવા જઘન્ય બનાવો નોંધાયા. તો, બીજી તરફ, આર્થિક પ્રગતિ અને પ્રવેગિત ઉત્પાદનના ઓઠા હેઠળ શ્રમિક સંગઠનોની પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણ લદાયાં, કે જેમાં હડતાળ-બંધીની અને અન્ય વિરોધદર્શક દેખાવો પર કડકપણે બંદિશ મુકાઈ. ઉપરોક્તપણે દર્શાવેલ અસાધારણ ઘટનાઓ તેમ જ અત્રે નિર્દેશ પામેલ કેટલાક નીતિ-વિષયક નિર્ણયો સ્પષ્ટપણે સૂચિત કરતા હતા કે સામાજિક-આર્થિક કોટિક્રમનાં નિમ્ન સોપાનો પર સ્થિત શ્રમિકો, ગરીબો, લઘુમતીઓ અને અન્ય વંચિત સમૂહો કટોકટીમાં વિશેષપણે દમનનો ભોગ બની રહ્યા હતા. અલબત્ત, 'ગરીબી હટાઓ' જેવા સૂત્રના સથવારે લોકપ્રિયતાની લહેર પર સવાર થઈ સત્તા હાંસલ કરી હોઈ ઇંદિરા ગાંધીની નિર્વાચિત સરકારે ખેતજમીન ટોચમર્યાદા, જમીનવિહોણા નબળા સમૂહોને આવાસ વિતરણ, બંધિત શ્રમ-મુક્તિ, ગ્રામીણ ઋણ-મુક્તિ, લઘુતમ વેતન ધારાની પુનઃ સમીક્ષા જેવાં વચનો આપ્યાં હતાં. પણ તે બહુધા કાગજાચાર બની રહ્યાં. રાજકીય ઇચ્છાશક્તિના અભાવે તેમાં વિશેષ અમલીકરણ થયું ન હતું.

બીજી તરફ સંપન્ન ખેડૂતો, મોટા જમીનધારકો, ઉદ્યોગકારોને લાભાન્વિત કરતાં એકાધિક પગલાં લેવાયાં જેમ કે, કૃષિમાં ટેકાના ભાવમાં વૃદ્ધિ, કૃત્રિમ ખાતરોની કિંમતમાં ઘટાડો; મોટા ઉદ્યોગકારોને કર-રાહતો, વગેરે કે જે સ્પષ્ટપણે ઇંદિરા સરકારની અગ્રતા અને તેના વર્ગીય ઝુકાવનો નિર્દેશ કરતાં હતાં. આ સંદર્ભે કેઇથ ગ્રિફિનનું વિધાન અતિવેધકપણે અને સચોટ રીતે ભારતીય ઢાંચાની કેન્દ્રિય લાક્ષણિકતાનું બયાન કરે છે, પ્રસ્તુત વિધાન કટોકટીની અસાધારણ પરિસ્થિતિ ઉપરાંત સ્વતંત્રતા પશ્ચાત્ દેશના નેતૃત્વે અપનાવેલ સર્વસામાન્ય માળખાકીય ચયનને પણ ઇંગિત કરે છે : સામાન્યપણે એવી માન્યતા છે કે સરકારો સામાજિક અને રાષ્ટ્રીય કલ્યાણના કાર્યક્રમો, યોજનાઓને મહત્તમ ધોરણે અને સ્તરે ફળીભૂત કરવા અર્થે સંનિષ્ઠપણે યત્નશીલ હોવા છતાં કોઈક કારણસર તેમ સિદ્ધ થઈ શકતું નથી.

પરંતુ આ ધારણા કદાચ મૂળતઃ જ સચોટ નથી. વધુ ઉચિત અને વિશ્વસનીય ધારણા એ હોઈ શકે કે સરકારોના હેતુઓ જ સાવ ભિન્ન હોય છે અને તેને સફળતાપૂર્વક સિદ્ધ કરવામાં આવતા હોય છે. આમ, સરકારો જે હેતુઓ હાંસિલ કરવાની કોઈ મુરાદ કે યોજના ધરાવતી જ ન હોય તે સંદર્ભે તેમની આલોચના કરવી કે સિદ્ધ કરવા સંબંધે તેમને સલાહ-સૂચનો કરવાં એક વ્યર્થ અને ભૂલભરેલો વ્યાયામ છે. વિદ્વાનો અને નિષ્ણાતો તેને સ્થાને સરકારો વાસ્તવમાં શું સિદ્ધ કરી રહી છે અને શાં કારણોસર તેમ કરી રહી છે તેના સૂચિતાર્થો, અર્થઘટનમાં તેમની વિદ્યા ને બૌદ્ધિકતા પ્રયોજે તો તે વધુ બોધપ્રદ નીવડી શકે.

(ક્રમશઃ) **– કિરણ દેસાઈ**

વાચકોના પત્રોમાંથી

- **ગોવિંદભાઈ શાહ,** (વિદ્યાનગર. મો.: ૯૩૭૫૦૧૨૫૧૩)

ભૂમિપુત્ર : ૧૬/૭/૨૬માં શ્રી વસંત ગઢવીનો ઇન્દુલાલ યાજ્ઞિક ઉપરનો લેખ માહિતીસભર છે. મહાગુજરાતના શિલ્પી એવા આ ફકીર નેતાને ગુજરાતની આજની યુવા પેઢી ભૂલી ગયેલ છે.

ઇન્દુલાલ લોકસેવક હતા અને આજીવન ફકીર જેવું જીવ્યા. ગુજરાતના રાજકીય જીવનમાં સરદારની પહેલાં તેઓ ગાંધીજીના સંપર્કમાં આવેલા. ગાંધીજી દ.આફ્રિકાથી ભારત પરત ફર્યા ત્યારે ગાંધીજીના સ્વાગત સરઘસમાં તેઓ આગળ હતા. મને ખ્યાલ છે ત્યાં સુધી તે વખતના કેટલાક ફોટામાં તેઓ ગાંધીજી સાથેની ગાડીમાં ફૂટરેસ્ટ પર ઊભેલા દેખાયેલા.

ગાંધીજીના 'નવજીવન' સાપ્તાહિકની શરૂઆત ઇન્દુલાલે કરી હતી. પણ પછીથી તેમણે ગાંધીજીને તંત્રીપદ સોંપી દીધેલ અને શરૂઆતમાં નવજીવન તેઓ અને સ્વામી આનંદ સંભાળતા હતા.

ઇન્દુલાલ કોઈની શેહશરમ રાખતા નહીં, એમના સ્વભાવ અને કુહાડા-ફાડ ભાષાથી તેઓ ગાંધીજી અને તેમના વર્તુળમાંથી બહાર ફેંકાઈ ગયેલ. પરંતુ મહાગુજરાતની ચળવળમાં એક લોકનાયક તરીકે ફરી તેમનું આગમન થયું, નહિ તો ગુજરાત તેમને કાયમ ભૂલી ગયું હોત.

ભૂમિપુત્રની વેબસાઈટ... (પાન ૧૩નું ચાલુ)

તેમણે ભાર દઈને સ્પષ્ટ કર્યું કે નેક અને સહજ જીવન જીવવા માટે લખવું-વાંચવું આવડે તે જરૂરી નથી.

અધ્યક્ષપદેથી બોલતા પ્રકાશભાઈ શાહે Gen Z ને ભૂમિપુત્રનો આ માતબર વારસો મળશે તેની ખુશી વ્યક્ત કરી. છેક પહેલા અંકથી, જ્યારે તેઓ ૧૩ વર્ષના હતા ત્યારથી, ભૂમિપુત્ર સાથે તેમનું જોડાણ થયેલું તે સંભારતા ભૂમિપુત્ર અને કાન્તિભાઈ - પ્રબોધભાઈ વગેરે સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં, તેમજ ભૂમિપુત્રની ૭૩ વર્ષની યાત્રાના મહત્ત્વના પડાવોને પોતાની આગવી શૈલીમાં જીવંત કરી દીધા. ગાંધીજી-સરલાદેવીના સંબંધો વિશેની સૌથી સ્વસ્થ ચર્ચા તે જમાનામાં માત્ર ભૂમિપુત્રે કરી હતી. એવા ખમતીધર વારસાને આજના તંત્રી અને સંપાદકો આજે પણ બખૂબી નિભાવી રહ્યા છે તે ચીંધી બતાવ્યું હતું; જે અન્ય લોકો છાપતા ખચકાય છે તે આજે પણ ભૂમિપુત્ર છાપે છે - ઉદાહરણ તરીકે નંદિની સુંદરના પુસ્તક અંગે, પર્યાવરણ અંગે કે હિમાંશુકુમાર વિશે.

પ્રકાશભાઈએ ખાસ કહ્યું હતું કે, આ ડિજિટાઇઝેશન એ માત્ર દસ્તાવેજીકરણ નથી, પરંતુ એ સામગ્રીમાંથી પસાર થઈએ તો તેમાં સાંપ્રત સાથેનાં અનુસંધાનો છે જે સાંપ્રતને સમજવામાં સહાયરૂપ થઈ શકે. અંતે તેમણે ભૂમિપુત્રને ચિરાયુ થવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમને અંતે પારુલબહેને સમારોહના વક્તાઓ અને ગુજરાતના જુદે જુદે ખૂણેથી આવેલા શ્રોતાઓનો, નવજીવન ટ્રસ્ટનો અને ડિજિટાઇઝેશનના પ્રોજેક્ટ માટે આર્થિક ટેકો કરનાર સૌનો હૃદયથી આભાર માન્યો હતો. **– મેહુલ સંઘવી**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

‘ભૂમિપુત્ર’ની વેબસાઈટ (ડિજિટલ આર્કાઈવ) અને વાર્તાઓની ઓડિયો લિંકનું વિમોચન - પર્વ

સુપ્રસિદ્ધ ઇતિહાસકાર એડવર્ડ ગિબન કહે છે - ‘‘ઇતિહાસ, ખરેખર, માનવજાતના ગુનાઓ, બાલિશતા અને દુર્દૈવના દસ્તાવેજથી થોડું વધીને કંઈક છે.’’

અને આ ‘વધીને કંઈક’ જે છે તેમાંનું કેટલુંય ભૂમિપુત્રના ૭૩ વર્ષના અંકોનાં પાનાઓમાં ધબકતું પડ્યું છે, બંધ દ્વારોને ખોલતું. સાત દાયકાઓનું આ સત્ત્વશીલ સાહિત્ય સાચવીને જગત-ચોકમાં સુલભ કરી આપવાનું યજ્ઞ-કર્મ એટલે ભૂમિપુત્રના લેખ શોધી શકાય તેવી ડિજિટલ આર્કાઈવ ધરાવતી વેબસાઈટ bhoomiyagna.orgનું નિર્માણ.

આ વેબસાઈટ અને ‘વીણેલાં ફૂલ’ની ચૂંટેલી ૭૨ વાર્તાઓની ઓડિયો લિંકનું વિમોચન તા. ૬-૯-૨૦૨૬ના રોજ યોજાઈ ગયું - નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ ખાતેના જિતેન્દ્ર દેસાઈ મેમોરિયલ હોલમાં. આમ તો આ કાર્યક્રમ ૧૧ સપ્ટેમ્બરે કરવો જોઈતો હતો, પરંતુ રવિવારને ધ્યાનમાં રાખીને ૬ તારીખ પસંદ કરવામાં આવી હતી. આ પ્રસંગવેળાએ સ્વાતિબેને આ વબેસાઈટ અંગેની અને ભૂમિપુત્રના અંકોને ડિજિટાઈઝ કરવાની માંગ ઘણા લાંબા સમયથી હતી તે જણાવ્યું. ભૂમિપુત્રનાં ૭૫ વર્ષ નિમિત્તેના આયોજનમાં કપિલભાઈએ આ બીડું ઝડપ્યું. કપિલભાઈએ આ જવાબદારી ઉપાડીને પોતાની પૂરી શક્તિ લગાડીને આ ન કર્યું હોત તો આ કામ ન થયું હોત તેવું દિલથી પ્રમાણતાં કહ્યું, ‘‘કપિલભાઈ ન પોતે સૂતા, ન એમણે બીજાને સૂવા દીધા.’’

ભૂમિપુત્રમાં સ્વરાજ્ય પછીના ભારતનું સમગ્ર ચિત્ર જોવા મળે છે; લોકનીતિ, પર્યાવરણ, સામાજિક-આર્થિક બાબતો, ચિરંજીવ વિકાસ તથા વિશ્વના સાંપ્રત પ્રવાહોનું સ્વસ્થ ચિત્રણ તેમાં આલેખાતું રહ્યું છે. કાન્તિભાઈને સ્નેહાદરથી યાદ કરતાં તેમણે કહ્યું કે, તેઓ ભૂમિપુત્રમાં કેટલું નવું લાવતા રહ્યા - ફ્રિટજોફ કાપ્રાને લાવ્યા અને છેવાડાના માણસની નિસ્બતને પણ ઉજાગર કરી. કટોકટી વખતે ભૂમિપુત્રનું પ્રેસ ત્રણ વખત સીલ કરાયું. તો ૫ દિવસમાં નવું પ્રેસ ઊભું કરીને પણ પ્રકાશન અટકવા ન દીધું. સાચી વાત લોકો સુધી પહોંચાડતું નીડર પત્રકારત્વ ભૂમિપુત્રએ કર્યું. ગ્રાહકો ઓછા થયા તો પણ ભૂમિપુત્ર કડવી વાતો કહેતું રહ્યું, ક્યારેક ગાળો ખાવાનું પણ બન્યું. તેમણે કહ્યું, સાચી પત્રકારિતા બહુ મોટા પાયાના Publishing Houses ને બદલે ભૂમિપુત્ર-નિરીક્ષક,નયામાર્ગ જેવાં નાનાં સામયિકોના અને The Wire કે Sroll.in જેવા વેબ-પોર્ટલના કોડિયાઓ થકી થાય છે. છેલ્લે તેમણે એવી આશા વ્યક્ત કરી કે, આ ડિજિટાઈઝેશન દ્વારા નવી પેઢીને ભૂમિપુત્ર જેવા બહુઆયામી પાક્ષિકનો લાભ મળતો થશે.

તે પછી શ્રેયાબહેને પોતાની વાત મૂકતાં કહ્યું, કે તેમને ભૂમિપુત્ર સાથે જોડનાર છે પારુલબહેન. શ્રેયાબહેન પોતે graphic designer. પારુલબહેને તેમને યજ્ઞ-પ્રકાશનના પુસ્તકના કવર-પેજ તૈયાર કરવા માટે આમંત્રિત કર્યાં. હવે, વિષયવસ્તુ વાંચ્યા વિના તો કવર-પેજ કેવી રીતે બને ? કવર-પેજમાં પુસ્તકનો પ્રાણ ઝળકવો જોઈએ, આમ ‘વીણેલાં ફૂલ’ની વાર્તાઓ વાંચવાનું થયું; ને એ વાર્તાઓ તેમની મનગમતી થઈ ગઈ. અલભ્ય અને અન્ય ગુજરાતી પુસ્તકોનું ડિજિટાઈઝેશન કરી રહેલાં ‘એકત્ર’ ફાઉન્ડેશન સાથે પણ તેઓ સંકળાયેલાં છે. તેમને ‘વીણેલાં ફૂલ’ની વાર્તાઓના ઓડિયો બનાવવાનું સૂઝ્યું. ‘એકત્ર’ના સંસ્થાપક અતુલભાઈ પણ આવું જ ઇચ્છતા હતા. અને આમ આ વિચારબીજમાંથી થયું ‘વીણેલાં ફૂલ’ની ૭૨ વાર્તાઓનું ઓડિયો-કલેક્શન. તેમાંથી એક વાર્તાનો થોડો અંશ ઉપસ્થિત શ્રોતાગણને ક્રિષ્ણાબહેને સ્ક્રીન પર ઓડિયો પ્લે કરીને સંભળાવ્યો - ને આમ થયું વાર્તાઓની ઓડિયો-લીંકનું વિમોચન. શ્રેયાબહેને અતુલભાઈનો ભૂમિપુત્રની આ પહેલને બિરદાવતો સંદેશો પણ વાંચી સંભળાવ્યો.

ત્યાર બાદ આશા વીરેન્દ્રના વાર્તાસમૂહનાં પુસ્તકો ‘તર્પણ ૫-૬’નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે બોલતાં આશાબહેને ૨૦10ની એ ઘટના યાદ કરી હતી કે જ્યારે હરવિલાસબહેનના મૃત્યુ દિને અચાનક કાન્તિભાઈએ બધાં વચ્ચે તેમને ઊભાં કરીને કહી દીધું હતું કે, હવે પછી વાર્તાઓ કોણ લખશે તે પ્રશ્નનો જવાબ તો આશાબહેન જ આપશે. આમ વાર્તાઓની જવાબદારી તેમના પર આવી. પણ આજે સતત ૧૬ વર્ષોથી, અનેક જવાબદારી અને પરિસ્થિતિઓ વચ્ચે, એક પણ ખાડો પાડ્યા વગર તેઓ અંતરના ઉમળકાથી આ વાર્તાઓ લખતાં રહ્યાં છે, હવે તો તેમના માટે આ મનગમતું કામ થઈ પડ્યું છે. આશાબહેને ખાસ યાદ કરતાં કહ્યું કે, હરવિલાસબહેન કહેતાં કે, આ વાર્તાઓ લખવી એ ધૂળધોયાનું કામ છે; ઢગલોએક રેતી ધોઈએ ત્યારે તેમાંથી ૫-૬ સોનાના કણો મળે. તેવું જ છે, કેટલીયે વાર્તાઓને અનેક ચાળણે ચાળીને એક રસપ્રદ અને સત્ત્વશીલ વાર્તા શોધવી તે. તેમણે પોતાના આ વાર્તાઓના લેખન માટેનું સમગ્ર શ્રેય કાન્તિભાઈ - હરવિલાસબહેન - કાન્તાબહેનને આપ્યું.

સોનલબહેને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ‘વાર્તાઓ પાછળની વાર્તા’ કહી. ભૂમિપુત્ર પરની વાર્તાનું છેલ્લું પાનું પહેલું વાંચી લેનાર વિશાળ વાચકગણમાં તેમની સાથે ‘દર્શક’ અને ઉમાશંકર જેવાઓનો પણ સમાવેશ થાય છે. તે રહસ્યોદ્‌ઘાટન કર્યું ! દેશ-વિદેશની વાર્તાઓને ટૂંકાવીને, મૂળ હેતુ અક્ષુણ્ણ રાખીને, માત્ર શબ્દાનુવાદ નહીં પણ વાર્તાઓનું અનુસર્જન હરિશ્ચંદ્રબહેનોએ કર્યું છે તે જણાવ્યું. ને તેમના પછી આવ્યાં આશાબહેન. ટપકાં જોડતાં ગયાં, જોડાતાં રહ્યાં.

કપિલભાઈ શાહે ભાવવિભોર થતાં જણાવ્યું, ‘‘હું તો geneticsનો માણસ. મારા શરીર-મનના કોષો ભૂમિપુત્રના રસથી રસાયેલા છે. ભૂમિપુત્રએ કેટલું બધું આપ્યું ! તે ઋણ કંઈક ઓછું કરવાનો પ્રયાસ એટલે આ વેબસાઈટનું નિર્માણ.’’ Broadcasting કેટલું જરૂરી છે તે સમજાવવા તેમણે ગાંધીજીએ કેટલાં સામયિકો ચલાવ્યાં તેનો હવાલો આપ્યો. તેમણે વેબસાઈટના નિર્માણમાં સહયોગી સંસ્થાઓ અને વ્યક્તિઓનો આભાર માન્યો, અને આ સાથીઓનું સન્માન કરવામાં આવ્યું. પછી આવી એ ઘડી જેનો સૌને ઇન્તેજાર હતો. સોપાનભાઈ જોશીને હસ્તે વેબસાઈટનું વિમોચન સ્ક્રીન પર કરવામાં આવ્યું, કપિલભાઈએ વેબસાઈટના ઉપયોગ અંગેનાં કેટલાંક નિદર્શનો સ્ક્રીન પર સમજાવ્યાં. ઉપસ્થિત સૌએ ઉત્સુકતાપૂર્વક તે નિહાળ્યાં, વધાવ્યાં.

અતિથિવિશેષ સોપાનભાઈએ પોતાના વક્તવ્યમાં ભૂમિપુત્રના ડિજિટાઈઝેશનને દક્ષિણ આફ્રિકાના ગાંધીજીના ‘ઇન્ડિયન ઓપિનિયન’ સાથે જોડી આપતાં, સામાજિક પત્રકારિતામાં ભાષાના સંયમ, વિચારોનું ઊંડાણ અને તથ્યોની પુષ્ટિનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું. ગાંધી અને ગાંધીની પત્રકારિતાને જો શરૂઆતથી નજીકથી જોઈએ તો, ગાંધીને બહેતર બનાવતી અને ક્રમિક રીતે વિકસતી એક પદ્ધતિ શીખવા મળે તેમ છે, જે આપણને પણ આપણું જીવન, ભલે થોડું તો થોડું, બહેતર બનાવવામાં કામ લાગી શકે.

(જુઓ પાન ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભૂમિપુત્રની ડિજિટલ આર્કાઈવ વાપરવા અંગે માર્ગદર્શન

https://bhoomiyagna.org

સામાન્ય સૂચના :

૧. વેબસાઇટનું નામ : https://bhoomiyagna.org

૨. આ વેબસાઈટનો ઉપયોગ કરવા માટે PDF ફાઈલ ખોલવાનું કોઈ પણ એપ કે સોફ્ટવેર અનિવાર્ય છે.

૩. ગુજરાતી યુનિકોડ ટાઈપિંગની સગવડ અને આવડત ન હોય તો પણ પસંદગીવાળાં ફિલ્ટર વાપરી મર્યાદિત શોધ (search) કરી શકાશે. જો યુનિકોડ વાપરશો તો શીર્ષક, લેખક અને ચાવીરૂપ શબ્દ આધારિત ફિલ્ટર વાપરી શોધનો સંપૂર્ણ લાભ લઈ શકશો.

૪. સામાન્ય રીતે દરેક ખંડનો પ્રથમ અંક ૧૬મી સપ્ટેમ્બરે અને અંતિમ અંક તે પછીના વર્ષની પહેલી સપ્ટેમ્બરે (દશવારિક હોય ત્યારે છઠ્ઠી સપ્ટેમ્બરે) પ્રકાશિત થયો છે. દા. ત. ખંડ: ૬૧ (૨૦૧૩-૧૪): તા. ૧૬-૦૯-૨૦૧૩ થી તા. ૦૧-૦૯-૨૦૧૪

૫. ધ્યાન રહે, તમામ ફિલ્ટર ભરવાં જરૂરી નથી. ઓછાં ફિલ્ટર ભરશો તેમ અંકો કે લેખોની યાદી મોટી મળશે. વધુ ફિલ્ટર ભરવાથી આ યાદી નાની થશે, અને ચોક્કસ અંક કે લેખ પર પહોંચવાની શક્યતા વધુ રહેશે. અલબત્ત, વધુ ફિલ્ટર ભરવાથી ક્યારેક અજાણ્યા હોય છતાં કામના હોય તેવા અંક કે લેખ છૂટી જવાની સંભાવના છે.

૬. એક વાર ફિલ્ટર ભરવાથી આપમેળે આવતી યાદીની જમણી બાજુ દેખાતા PDFના નિશાનને ક્લિક કરવાથી સમગ્ર અંક કે લેખ આપના સ્ક્રીન પર ખૂલશે, જેને આપ વાંચી અને પ્રિન્ટ કરી શકશો, તેમજ ડાઉનલોડ કરી શકશો કે બીજાને સોશિયલ મીડિયા પર સીધું મોકલી પણ શકશો.

છેલ્લા પાંચ અંકો : આ બટન ક્લિક કરવાથી છેલ્લા પાંચ અંકોમાંથી આપ મનપસંદ અંક સરળતાથી ખોલી શકશો.

લેખ શોધ : ઈસવીસનના વર્ષનો ગાળો પસંદ કરીને અને/અથવા લેખના શીર્ષકમાંનો કોઈ પણ શબ્દ અને/અથવા લેખકના નામમાંનો કોઈ પણ શબ્દ ટાઈપ કરીને અને/અથવા કોઈ પણ વિભાગનું નામ પસંદ કરીને જરૂરી લેખોની યાદી મેળવી શકાશે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લેખની વિશેષ શોધ (Advance Search) : તેમાં ઉપરોક્ત શોધ ઉપરાંત અંકોમાંથી 'માત્ર અગત્યના લેખ' અને/અથવા 'માત્ર લેખમાળાના લેખો' બટન ક્લિક કરવાથી લાગુ પડતા લેખો અલગથી પણ તારવી શકાશે. આ ઉપરાંત અમુક ચોક્કસ વિષયના લેખ અને/અથવા અમુક ચાવીરૂપ શબ્દ (Key Words) સાથે સંકળાયેલ લેખ પણ શોધી શકાશે. પરંતુ તે માટે વિષયની પસંદગીનો આધાર વધુ મહત્ત્વનો છે. ચાવીરૂપ શબ્દને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. આ માટે પચાસેક વિષયો અને સોએક ચાવીરૂપ શબ્દો નક્કી કરાયા છે. વિષયોની યાદી અલગથી આપી છે. અલબત્ત, આ સગવડ માત્ર ખંડ : ૬૧ (તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩) પછીના અંકો માટે જ ઉપલબ્ધ છે.

અંક શોધ : આપમેળે ઈસવીસનના ચાલુ વર્ષના છેલ્લા અંકો મળશે. તે પછી ઈસવીસનના વર્ષનો ગાળો પસંદ કરવાથી તે દરમ્યાનના બધા અંકોની યાદી મળશે. આ ઉપરાંત, 'માત્ર વિશેષાંકો'નું બટન ક્લિક કરવાથી વિશેષાંકો અલગ તારવી શકશો.

વિભાગો (કોલમ)ની યાદીઃ નીચેનામાંથી કોઈપણ વિભાગ પસંદ કરી, તે હેઠળ છપાયેલા લેખોને મેળવી શકશો.

૧.	આસપાસ ચોપાસ	૨.	જાણીને જીવવું ભલું!
૩.	દાદાની દેણ	૪.	દાદાની વાતો
૫.	પર્યાવરણ મંથન	૬.	પુસ્તક પરિચય
૭.	પ્રવૃત્તિ સમાચાર	૮.	પ્રશ્નોત્તરી
૯.	ભૂદાન સમાચાર	૧૦.	મિત્રોને મેળેથી
૧૧.	લોકગંગાના ઘાટ પર	૧૨.	વાંચનથાળ
૧૩.	વાચકોના પત્રોમાંથી	૧૪.	વાર્તા
૧૫.	વિનોબા ચિંતન	૧૬.	વ્યક્તિ પરિચય
૧૭.	સંતને પગલે	૧૮.	સંસ્થા પરિચય
૧૯.	સમાચારને સથવારે	૨૦.	સૂચિ
૨૧.	હરતાં ફરતાં		

વિષયોની યાદીઃ નીચેનામાંથી કોઈપણ વિષયને પસંદ કરી, તે હેઠળ છપાયેલા લેખોને મેળવી શકશો.

૧. અકસ્માત, આફત અને રાહત
૨. અધ્યાત્મ
૩. અન્ય વંચિત વર્ગો-નિસ્બત : સમસ્યા, અધિકાર, સેવા, કલ્યાણ અને ઉકેલ
૪. અર્થશાસ્ત્ર, આર્થિક વિકાસ, તેના માપદંડો, ટ્રસ્ટીશીપ
૫. આંતરરાષ્ટ્રિય વ્યાપાર, આયાત-નિકાસ, વ્યાપાર સમજૂતી, મુક્ત વ્યાપાર, ખાનગીકરણ, ઉદારીકરણ, વિશ્વીકરણ, હૂંડિયામણ, સરકારી દેવું, વિદેશી મૂડી
૬. આદિવાસી-નિસ્બત : આદિવાસી-શોષણ, આદિવાસી-અધિકાર, આદિવાસી-સંસ્કૃતિ, આદિવાસી-કલ્યાણ
૭. આરોગ્ય, આહાર, ઉપચાર
૮. ઇતિહાસ અને સંસ્કૃતિ
૯. કાયદાકીય બાબતો અને તેના વિશ્લેષણ
૧૦. કુટુંબજીવન, લગ્ન, ઘરેલુ હિંસા, પારિવારિક શાંતિ વગેરે
૧૧. ખેતી અને ખેડૂત
૧૨. ખેતી સિવાયના વ્યવસાય સંબંધી
૧૩. ગાંધી વિચાર અને ગાંધી કાર્ય
૧૪. ગ્રામીણ અર્થકારણ : સ્વદેશી, સ્વાવલંબન, ગ્રામસ્વરાજ, ગ્રામવિકાસ, સહકારી પ્રવૃત્તિ
૧૫. જયપ્રકાશ વિચાર અને જયપ્રકાશ કાર્ય
૧૬. જીવનશૈલી, જીવન જીવવાની કળા, ગુણ વિકાસ, જીવન ચરિત્ર, પ્રેરણારૂપ જીવન અને શ્રદ્ધાંજલિ
૧૭. દલિત-નિસ્બત : દલિત-શોષણ, દલિત-અધિકાર, દલિત-કલ્યાણ, દલિત-સેવા
૧૮. ધર્મ અને સંપ્રદાય
૧૯. નિઃશસ્ત્રીકરણ, યુદ્ધ અને શાંતિ
૨૦. ન્યાય અને માનવ અધિકાર
૨૧. પ્રાકૃતિક સ્રોતો, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણ
૨૨. ફિલસૂફી અને તત્ત્વજ્ઞાન
૨૩. ફૂડ સીસ્ટીમ
૨૪. બંધારણ, લોકશાહી અને તેની પ્રક્રિયા
૨૫. બાળ-નિસ્બત : બાળ-શોષણ, બાળ-અધિકાર, બાળ-ઉછેર, બાળ-કલ્યાણ
૨૬. બૌદ્ધિક સંપત્તિ, બૌદ્ધિક ધોવાણ
૨૭. બ્રિટિશરાજ અને આઝાદી આંદોલન
૨૮. મહિલા-નિસ્બત : મહિલા-શોષણ, મહિલા-અધિકાર, સ્ત્રી શક્તિ, મહિલા-કલ્યાણ
૨૯. મોંઘવારી, ભાવવધારો, રોજગાર, ગરીબી, ભૂખમરો, ભ્રષ્ટાચાર
૩૦. મોટાં ઉદ્યોગગૃહો, બહુરાષ્ટ્રિય કંપનીઓ, SEZ, ઉદ્યોગનીતિ વગેરે
૩૧. યુવાશક્તિ અંગેની નિસ્બત, સમસ્યા, ઉકેલ
૩૨. લોકનીતિ અને આંદોલન
૩૩. વિકલાંગો અંગેની નિસ્બત, અધિકાર, રાહત
૩૪. વિકાસ અને ચિરંજીવ વિકાસ
૩૫. વિચારધારા અને વાદ
૩૬. વિજ્ઞાન અને ટેક્નોલોજી
૩૭. વિદેશનીતિ-આંતરરાષ્ટ્રીય સંબંધો, શીખર મંત્રણા
૩૮. વિદેશોનું અર્થકારણ
૩૯. વિનોબા વિચાર અને વિનોબા કાર્ય
૪૦. વિસ્થાપન અને પુનર્વસન
૪૧. શિક્ષણ, કેળવણી, નઈ તાલીમ
૪૨. શ્રમિક-સંબંધી નિસ્બત
૪૩. સજા, આપઘાત, મૃત્યુ વગેરે
૪૪. સમાજશાસ્ત્ર, સામાજિક પ્રવાહો, સામાજિક સંશોધન

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૪૫. સરકાર, સત્તા, શાસન, જોહુકમી અને સરમુખત્યારશાહી

૪૬. સામાજિક કુરિવાજો અને ઉકેલ : અંધશ્રદ્ધા, કર્મકાંડ, અસ્પૃશ્યતા, વ્યસન, નશાબંધી વગેરે

૪૭. સામાજિક ભેદ અને એખલાસ : ધર્મ, જ્ઞાતિ, રાજ્ય, ભાષા, સંસ્કૃતિના નામે ભેદ, આતંક, હિંસા અને સમરસતા, ઉકેલ, એખલાસ

૪૮. સાહિત્ય અને કળા

૪૯. હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિ

મર્યાદાઓ :

૧. આ કામ મહદ્અંશે મિશન ભાવનાથી અને વળતરની અપેક્ષા ન રાખનાર સ્વયંસેવકોથી થયું છે, જેમની અન્ય વ્યસ્તતાને કારણે બાકી રહેતા અંકો ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં મૂકવાનો પ્રયત્ન ચાલુ છે.

૨. લગભગ સાત દાયકાના ગાળા દરમિયાન કાગળની ગુણવત્તા, કાગળના માપ, છાપકામની રીત વગેરેમાં થયેલ ફેરફાર તથા જૂના અંકો પર થયેલી વાતાવરણની અસરને કારણે મોટાભાગનાં પેજ કોઈ ને કોઈ પ્રકારનો સુધારો માંગે તે સ્વાભાવિક છે. પેજની ગુણવત્તા સુધારવા અમે ચિત્રો, ફોટોગ્રાફ અને ગ્રાફિક્સને બદલે અક્ષરોને વધુ મહત્ત્વ આપ્યું છે. ચિત્રો, ફોટોગ્રાફ્સ અને ગ્રાફિક્સની મૂળ ગુણવત્તા જ નબળી હોય તો અમે તેમાં ખાસ સુધારો કરી શક્યા નથી.

૩. અંકના ખંડ, વર્ષ, ક્રમાંક, તારીખ કે પેજ નંબર આપવામાં રહેલી મૂળ ત્રુટિઓ સુધારવાનો સતત પ્રયત્ન કર્યો છે, પણ પ્રકાશિત અંકમાં રહેલી જોડણીની ખામીઓ અકબંધ રાખી છે.

૪. લેખને 'વિભાગ', 'વિષય', 'લેખક', 'લેખમાળા' કે 'ચાવીરૂપ શબ્દ' સાથે જોડવામાં ઘણી કાળજી રાખી હોવા છતાં કામનો જથ્થો, તેની વિવિધતા અને ક્લિષ્ટતાને કારણે ખામી રહેવા પામી હોય તો દરગુજર કરી ધ્યાન દોરવા વિનંતી.

૫. હાલમાં ખંડ : ૪૬ થી ૪૯ અને ૫૧ થી ૬૦ના અમુક પેજની ગ્રાફીક્સની ગુણવત્તા સુધારવાનું કામ ચાલી રહ્યું છે. ફોન્ટ્સની મર્યાદાને કારણે ભાષાની કેટલીક ભૂલો સુધારી શકાઈ નથી.

૬. પેજ લિન્ક કરવામાં ખામી રહી હશે તો એક-બે પેજ આગળ કે પાછળ (ડાબે-જમણે) કરવાથી સાચો લેખ મળી જશે. આ બાબતે અમારું ધ્યાન દોરવા ખાસ વિનંતી.

૭. સ્થળ-સંકોચને કારણે અમુક વિભાગો (દા. ત. 'વાંચનથાળ', 'આસપાસ ચોપાસ')ના તમામ પેટા મુદ્દાઓને અનુક્રમ કે સર્ચમાં જોડી શક્યા નથી. અલબત્ત, જે તે વિભાગના પેજ ઉપર જવાથી તે પેટા મુદ્દાનું બધું લખાણ અચૂક વાંચવા મળશે.

– કપિલ શાહ

ભુમિપુત્રનું ડિજિટાઈઝેશન

ઋણ ફેડવાનો નમ્ર પ્રયાસ

દેશમાં લાખો પરિવાર એવા જોવા મળે કે જેના મોભીઓએ રોજિંદી કૌટુંબિક પળોજણ કરતાં દેશના અને સમાજના વ્યાપક હિતને પ્રાધાન્ય આપ્યું હોય. પોતાના પ્રેમ અને નિસ્બતની સરહદોને એટલી તો વ્યાપક કરી મૂકી કે તેમને ચાર-છ જણના પરિવારથી સંતોષ ન થયો; અને દેશ માટે અવિરતપણે કામ કરવામાં લાગી પડ્યા! એમાંના એક મારા પિતાજી જગદીશભાઈ શાહ, એમની ૧૮ વર્ષની ઉંમરે (૧૯૫૨માં) એક બગલથેલો અને પહેરેલાં કપડે ઘર છોડીને નીકળી પડ્યા! આકર્ષણનાં કેન્દ્ર હતાં - વિનોબા, બબલભાઈ મહેતા, જુગતરામ દવે! આઝાદી પછીનો એ કાળ. ગાંધીજીને જોયા વિના એ ગાંધીમય બની ગયા હતા! ૧૯૬૦માં તેમનાં લગ્ન થયાં; આઝાદી આંદોલનના રંગે રંગાયેલા પરિવારમાંનાં મંજુલાબેન સાથે!

પાડ માનું ઈશ્વરનો કે મારો જન્મ આ પરિવારમાં થયો. તે વખતે ભૂમિપુત્ર સાડા નવ વર્ષનું થઈ ચૂક્યું હતું! કિશોરાવસ્થાએ બાળકને પરિવારથી દૂરની દુનિયા પણ દેખાવા માંડે! તેવે ટાણે કટોકટી જાહેર થઈ ચૂકી હતી! સેન્સરશીપને ઉવેખીને પ્રકાશિત થતા ભૂમિપુત્રના લેખો ઘરમાં લખાતા, વંચાતા, સંપાદિત થતા; પ્રેસને સીલ લાગવાની, અભય મુદ્રિકા રાતોરાત શરૂ થવાની વાતો નવો રોમાંચ પેદા કરતી!! પિતાજીની મિસા હેઠળની ધરપકડ વખતે માતાજી નવમામાં ભણતા કપિલને અને ચોથામાં ભણતા ભાઈ ભરતને લામડાપુરાથી વડોદરાની જેલમાં લઈ જતાં. જેલની પાટલી પર જેલના સ્ટાફની કડક છતાં 'નિસ્બત'વાળી નજર હેઠળ પિતાજીને ગણતરીની મિનિટો માટે ગર્વ અને દહેશત મિશ્રિત લાગણીઓ અને ક્યારેક ભીની થતી આંખે અમે મળતાં તે દશ્ય હજી સાવ તાજું છે!

ટીનેજમાં ચિત્તાકાશના ઉઘાડ થવા ટાણે કાન્તિભાઈ, હરિશ્ચંદ્ર બહેનો, નારાયણ દેસાઈ, ચુનિકાકા, ઉષાબેન વોરા, અરુણભાઈ-મીરાબેન સમેતના વ્યાપક સર્વોદય પરિવારના સભ્યોની અવર-જવર. તેમની રહન-સહન અને સામાજિક પ્રવૃત્તિઓની વાતો જોતાં-સાંભળતાં મોટા થવાનો લ્હાવો મળ્યો! દિવાળીના દિવસોમાં ચૂક્યા વગર સહકુટુંબ પવનાર આશ્રમમાં વિનોબાજીની પાસે જવાના નિયમે તેમને હાથ પકડીને ચલાવવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું! તેમાં વળી ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબલાની કેળવણી અને યુવા શિબિરો - આ બધાંના સંમિશ્રણની અમારા બે ય ભાઈઓના જીવન ઉપર સ્વાભાવિકપણે જ ઊંડી અસર પડી! જ્યારે વ્યાવસાયિક અને પારિવારિક જવાબદારી ઉઠાવવાનો સમય આવ્યો ત્યારે મનમાં રોપાયેલ આ બીજ કાંઈક અંશે પ્રગટ થયું! જનીનશાસ્ત્રની એક શાખા છે - Epigenetics, એટલે કે વાતાવરણની કોષોના DNA કે તેના આવિર્ભાવ પર અસર! અમને કદાચ તેવી અસર થઈ હશે!

જિંદગીના સાઠ દાયકા વટાવ્યા પછી જરા પાછળ વળીને જોતાં અમે લાગે છે કે જો આ ભૂમિપુત્ર પરિવાર, આ સર્વોદય પરિવાર, આ વિનોબા પરિવારની પશ્ચાદ્ભૂ ન હોત તો નાચીજ જેવા અમે જિંદગીમાં જે કંઈ સામાજિક પ્રવૃત્તિઓ કરી શક્યા તે કઈ રીતે કરી શક્યા હોત? જીવનનો જે કાંઈ સંતોષ આજે અનુભવાય છે તેની પાછળ આ પરિવારનું

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મોટું ઋણ છે – ક્યારેય ન ફેડાય તેવું! આત્મશ્લાઘી ગણાવાના ડર સાથે હૃદયના ઊંડાણથી આવતો આ ભાવ વ્યક્ત કર્યા વિના રહેવાતું નથી.

ભુમિપુત્રમાં શું નથી? ભલેને એ ભૂદાન આંદોલનમાં શરૂ થયું, પણ તેની નિસ્બત ગાંધી-વિનોબા-જયપ્રકાશના જીવન-કવનથી પણ આજે તો આગળ નીકળેલી જણાય છે! આ ત્રણ વિભૂતિ દ્વારા દેશની સેવા, દેશનો વિકાસ, દેશ પ્રત્યેની ફરજ અરે, દેશ જ નહીં; સર્વોદય, જયજગત અને સંપૂર્ણક્રાંતિનો સંદેશ આપનાર અને તેમના અનુયાયીઓએ સમસ્ત જગત અંગેની અને માનવજાતિના વ્યક્તિગતથી માંડીને સામુદાયિક કલ્યાણની થીઅરી અને પ્રેક્ટિસ રજૂ કર્યાં છે, આ ભૂમિપુત્રમાં! શરૂઆતમાં ભૂદાનકેન્દ્રી અને વિનોબાભક્તિ-પરાયણ જણાય; તે પછી 'શાણો સમાજ', 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ'ના જાગતિક સંદર્ભો; કટોકટી દરમ્યાનના લેખોએ સરકારની સામે નીડર પત્રકારત્વનું ઉદાહરણ માત્ર નથી આપ્યું, તેણે જનમાનસમાં લોકશાહી અને લોકનીતિનું ઘડતર કર્યું છે. અનામત, કોમી હુલ્લડો, દલિતો પરના અત્યાચારના પ્રસંગોમાં આધારભૂત હકીકતો અને વિશ્લેષણો રજૂ કર્યાં છે. ગ્લોબલાઈઝેશનના કાળમાં વિશ્વ-અર્થતંત્રની સુપેરે છણાવટ અને વિરોધ તેમાં જોવા મળે. ગોધરાકાંડ અને અનુ-ગોધરાકાંડ દરમ્યાન ભૂમિપુત્રની વ્યાકુળતા ચરમસીમાએ પહોંચી. તેમાં ધર્મને નામે ચાલતા મતના રાજકારણની બેનમૂન છણાવટ અને ધર્મને સાચી રીતે સમજાવતા લેખો ઐતિહાસિક સંદર્ભો સાથે પ્રકાશિત થયા છે. હિંદસ્વરાજની બાંગ પોકારતાં પોકારતાં આજ પર્યંત તે થાક્યું નથી! જેને આજે વિશ્વ-વિકાસની નવી શબ્દાવલિમાં Sustainable Development (શાશ્વત વિકાસ) કહેવાય છે. ક્લાઈમેટ ચેન્જ અને અનેકવિધ પ્રદૂષણ જેવા સાંપ્રત વિષય પરના વૈશ્વિક સંદર્ભના લેખોનો સંગ્રહ ગુજરાતી ભાષામાં ભૂમિપુત્ર સિવાય બીજે ક્યાં મળે? એમાં સંસ્થાઓ અને કાર્યકરોની રચના અને સંઘર્ષમય પ્રવૃત્તિના અહેવાલો છે; સજીવ ખેતી, માનવીય ટેક્નોલોજી, અણુમુક્તિ, યુદ્ધ વિરોધ, ઉંઝા જોડણી, આયોડિનમુક્ત મીઠું જેવાં અભિયાનોનો સિલસિલો છે! જૂના લેખો જોતાં જોતાં એમ લાગે કે આ બધું ઠે..ઠ દાયકાઓ પહેલાં કહેવાઈ-લખાઈ ચૂક્યું છે અને તે ત્યારના દિવસો કરતાં આજે કદાચ વધુ પ્રસ્તુત છે! તાજેતરમાં Gen-Zee પેઢીએ નવી આશા જગાડી આપી કે ચારેકોર યુદ્ધોના માહોલ વચ્ચે પણ દેશ-દુનિયાને સત્ય અને અહિંસાના સંદેશ અનિવાર્ય બનશે.

તોતેર વર્ષથી ચાલતી આ અવિરતયાત્રામાં માત્ર ગાંધી-વિનોબા-જયપ્રકાશ જ નહીં, દાદા ધર્માધિકારી, સ્વામી આનંદ, અણ્ણા સાહેબ સહસ્રબુદ્ધે, ઠાકુરદાસ બંગ જેવા ભાષ્યકારોના લેખો છે. ચુનીભાઈ વૈદ્યની તેજાબી કલમ, જગદીશભાઈનો 'સમાચારને સથવારે' સાથેનો સાંપ્રત સંબંધ, કાન્તિભાઈની વિશ્લેષણાત્મક લેખમાળાઓનો ભરપૂર ખજાનો તેમાં છે. તાજેતરના વર્ષમાં 'આસપાસ ચોપાસ' હેઠળ રજની દવે દ્વારા રજૂ થતા મુદ્દા અને અશ્વિન કારીઆ જેવાનાં વિશ્લેષણો બેનમૂન છે. પહેલા પેજનું વિનોબા-ચિંતન અધ્યાત્મક્ષેત્રે અને છેલ્લા પાનની વાર્તા સાહિત્યક્ષેત્રે અજોડ છે!

આ અમૂલ્ય વારસો કબાટોમાં ધૂળ ખાતો પડ્યો રહે તે કેમ પાલવે? જર્જરિત પાનાં એમ પૂછી રહ્યાં હતાં કે અમને નવજીવન ક્યારે? જમાનો ડિજિટાઈઝેશનનો છે. વિશ્વનું મહત્ત્વનું સાહિત્ય ડિજિટાઇઝ થઈ રહ્યું છે. એટલું જ નહીં, વિનામૂલ્યે વિશ્વના કોઈ પણ ખૂણે ઉપલબ્ધ થવા માંડ્યું છે! જેમ ખેતીમાં ખેડને અનિવાર્ય અનિષ્ટ ગણાય તેમ આજે અનેક મર્યાદાઓ પછી પણ ડિજિટાઈઝેશન અનિવાર્ય છે!

Deepcasting સાથે Broadcasting પણ થવું જોઈએ. ગાંધીજીએ કેટ-કેટલાં સામયિકો ચલાવ્યાં! જ્યારે ફેબ્રુ. – ૨૦૨૬માં અમદાવાદમાં ભૂમિપુત્રના ૭૫ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ વિચારાઈ રહ્યો હતો ત્યારે મનમાં થયું, ભૂમિપુત્રના ડિજિટાઈઝેશનનું બીડું ઝડપીએ! ઋણ ફેડવાનો નમ્ર પ્રયાસ કરી જોઈએ! એક વાર સંકલ્પ પાકો થાય એટલે શોધ-શિક્ષણ-સંપર્ક-સહકારનો સિલસિલો ચાલુ થાય. કામનો જથ્થો મોટો (૧૯૫૦ કરતાં વધુ અંકો, ૨૦,૦૦૦થી વધુ લેખો, ૩૮,૦૦૦થી વધુ પેજ), જૂના કાગળ, છાપકામની ગુણવત્તા અને ટેક્નોલોજીમાં ફેર, ત્રીસેક વર્ષ સુધી અનુક્રમ વિના પ્રકાશન, બેએક દાયકા સુધી દેવનાગરીમાં પ્રકાશન, વળી ઉંઝા જોડણીના લેખો -જેવા પડકારો કામ કરતાં કરતાં સામે આવતા ગયા અને ઊકલતા ગયા! આમ તો સાબરમતી આશ્રમે તેના Gandhi Heritage Portal પર ભૂમિપુત્રના અંકો એકાદ દાયકા અગાઉથી મૂક્યા જ છે, પરંતુ તેમાં લેખ-શોધ (Search Facility) નથી. વળી ક્યાંક અમુક અંકો, પેજ ખૂટે છે. કેટલીક જગ્યાએ પેજની ગુણવત્તા સુધારવાની જરૂર પણ દેખાઈ. એટલે નવેસરથી દરેક પેજ સ્કેન કરવાનું નક્કી કર્યું અને જલગાંવ સ્થિત ગાંધી રિસર્ચ ફાઉન્ડેશને ઉમળકાભેર આંતરરાષ્ટ્રિય ધોરણનું સ્કેનિંગ કરી દરેક પેજને ચકાસી તેની ગુણવત્તા સુધારી આપવાની ખાતરી આપતાં મોટો બોજ હળવો થયો! આ ઉપરાંત, નવજીવનના અપૂર્વ આશરે તેમના ગુજરાતી ફોન્ટ્સ વાપરવા આપ્યા. એકત્ર ફાઉન્ડેશનના અતુલ રાવલે જરૂર પડે ત્યાં માર્ગદર્શન આપ્યું! નવતર AI (કૃત્રિમ બુદ્ધિ)એ પણ માર્ગદર્શન આપ્યું. ભૂમિપુત્રના પ્રતાપે જ્યાં નાણાંની જરૂર પડી તો તેની જોગવાઈ પણ થઈ ગઈ!

આખરે જગતચોકમાં https://bhoomiyagna.org નામની વેબસાઈટ પર હાલમાં કુલ ૭૩માંથી ૩૦ વર્ષના સાતસોથી વધુ અંકો અને સાત હજારથી વધુ લેખો મુકાયા છે. તેમાં વિશેષાંકોને અલગ તારવી શકાય છે. પ્રકાશનના વર્ષ થકી, શીર્ષકમાંના કોઈ પણ શબ્દ થકી, લેખકના નામ પરથી, વિભાગ (Column) વાર લેખો શોધી શકાય છે. પ્રકાશન વર્ષ (ખંડ) : ૬૧ (તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૩) પછીના તમામ લેખો વિષયવાર પણ શોધી શકાય છે અને લેખમાળાના અને પસંદગીના લેખો અલગ તારવી શકાય છે. આ માટે ૪૯ વિષયોમાં લેખોને ફાળવવાના ભગીરથ કામમાં સ્વાતિ દેસાઈએ મદદ કરી છે. મધુ પ્રિન્ટરીના મનીષભાઈએ છેલ્લાં સાત-આઠ વર્ષના અંકોની મૂળ પીડીએફ શોધી આપી છે. આ ઉપરાંત, ચોકસાઈ અને પ્રૂફના અનેકવિધ સ્તરે પારુલ દાંડીકર, મેહુલ સંઘવી, શેરબાનુ મન્સૂરી, બકુલ શાહ અને નીલેશ કુર્પેએ ભારે જહેમત ઉઠાવી છે.

આશા છે કે લેખકો, પત્રકારો, ઍકેડેમિશિયનો, સંશોધકો, કર્મશીલો, સાધકો, બૌદ્ધિકો, કેળવણીકારો, આમ નાગરિકો તથા ખેડૂતો, મહિલા સંગઠનો જેવા સમુદાયોને ઋણ ફેડવાના એક નમ્ર પ્રયાસરૂપે આંગળીનાં ટેરવે રજૂ કરાયેલ આ ખજાનો અચૂક કામ લાગશે! સાથોસાથ એ વાતની ખાતરી છે કે, જાત નિચોવીને કરેલ સમર્પણથી ભૂમિપુત્ર શરૂ કરનાર અને જતનપૂર્વક ચલાવનાર એ વંદનીય વડીલો જ્યાં હશે ત્યાં રાજી થતા હશે અને આ મિશનભાવનાથી કરેલ કામ ઉપર તેમના આશીર્વાદ વરસતા રહેશે.

– કપિલ શાહ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ગાંધી વિચાર કી કસૌટી પર ડિજિટલ મીડિયા યુગ

અહીં બેઠેલા ઘણા લોકો એવા છે જેમની હાજરી માત્રથી હિંમત મળે છે અને જેમનો અનેક વર્ષોથી હું સ્નેહ પામ્યો છું. આવા પ્રસંગે મને બોલાવવા બદલ હું ભૂમિપુત્ર પરિવારનો આભારી છું. આ તોત્તેર વર્ષથી ચાલી રહેલું સામયિક છે. તેની બધી વાતો તો પ્રકાશભાઈ કરશે પરંતુ હું આ તોત્તેર વર્ષ વિશે કેટલીક વાતો તમારી સમક્ષ મૂકીશ.

આવી જ એક સભાથી આપણે શરૂઆત કરીએ. અહીં અંદાજે સો લાકો છે; તે દિવસે પણ લગભગ સો લોકો આવ્યા હતા. એક પ્રિન્ટિંગ પ્રેસના ઉદ્‌ઘાટનનો પ્રસંગ હતો. પ્રેસ સ્થાપનાર વ્યક્તિ હતા મદનજિત વ્યાવહારિક. અબ્દુલ કાદિર નામના એક વેપારીએ આ પ્રેસ સ્થાપવા માટે કોઈ ભાડું લીધા વિના પોતાની જમીન આપી હતી. આ પ્રેસના સંપાદક હતા મનસુખલાલ નઝર. પરંતુ આ પ્રેસ સ્થાપવા માટે આ બંને પાછળ પડેલો હતો એક ભારતીય મૂળનો વકીલ. આ પ્રેસની સ્થાપના ૨૯ નવેમ્બર ૧૮૯૬ના રોજ ડરબન (દક્ષિણ આફ્રિકા)માં કરવામાં આવી. તેનું નામ રાખવામાં આવ્યું 'ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ'. દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર ભારતીય મૂળના લોકોને પોતાનું પ્રેસ મળ્યું હતું.

મદનજિત વ્યાવહારિક મુંબઈમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. અને વધુ સારી કમાણી માટે દક્ષિણ આફ્રિકા પહોંચ્યા હતા. તેમની પાછળ જે વકીલ પડ્યો હતો તેની ઉંમર તે વખતે છવ્વીસ વર્ષની હતી. અને જ્યારે પ્રેસ શરૂ થયું ત્યારે તે વકીલની ઉંમર ઓગણત્રીસ વર્ષ હતી. તેમણે એક જૂના પ્રેસમાંથી મશીનો ખરીદ્યાં. હિંદુસ્તાનમાંથી ગુજરાતી, હિંદી અને તમિલના ટાઈપકેસ મંગાવ્યા. થોડાં વર્ષોમાં જ એ પ્રેસમાંથી 'ઇન્ડિયન ઓપિનિયન' નામનું છાપું શરૂ થયું. કારકિર્દીની શોધમાં નીકળેલા એ વકીલને મહાત્મા ગાંધી બનાવવામાં આ છાપાનો બહુ મોટો ફાળો હતો. કારણ કે સામાજિક પત્રકારિતા માટે કરવી પડતી સાધના – ભાષાનો સંયમ, તથ્યોની પુષ્ટિ અને વિચારનું ઊંડાણ – આ બધાંએ પોરબંદર અને રાજકોટના એક બાળક અને કાયદો ભણેલા એ યુવાનને એવો માણસ બનાવ્યો કે જે માત્ર પોતાના પરિવારની ગૃહસ્થીને સંભાળનારો જ નહીં પરંતુ આપણને સૌને પોતાની ગૃહસ્થી સુધારવાનો માર્ગ બતાવનાર બની ગયો.

તેથી જ્યારે 'ભૂમિપુત્ર'નાં તોત્તેર વર્ષના અંકો અહીં આપણને મળે છે ત્યારે થોડું અટકીને જોવું જોઈએ. તમારામાંના ઘણા લોકો ભૂમિપુત્રને મારા કરતાં વધુ સારી રીતે જાણે છે. હું આ પરિવારનો છું, પરંતુ મારી ગુજરાતી એટલી નબળી છે કે જો હું ગુજરાતીમાં બોલું તો આ સભા એક હાસ્ય સંમેલનમાં પરિવર્તિત થઈ જાય. આપણે સહુ જોઈએ કે ૧૨૮ વર્ષ પહેલાં જે પ્રેસની સ્થાપના ડર્બનમાં થઈ અને જે કામ ભૂમિપુત્રએ કરવાનો પ્રયત્ન કર્યો તેમાં વૈચારિક તાલમેલ કેટલો છે.

દક્ષિણ આફ્રિકાના લેખકોએ વારંવાર લખ્યું છે કે ૧૯૦૬થી ૧૯૦૯ દરમિયાનનો સમય ગાંધીજીના જીવનનો ખૂબ કઠણ/ખરાબ સમય હતો. તેમના જૂના વેપારી મિત્રો તેમને એક પછી એક છોડીને જવા લાગ્યા, જે લોકો ઘણે ભાગે ઇન્ડિયન ઓપિનિયનમાં જાહેર ખબર આપતા હતા. ગાંધીજીએ જનરલ સ્મટ્સ સાથે જે સમજૂતી કરી હતી તે બાબતે આ મિત્રો અસહમત હતા. અને આ ખરાબ સમયનો અંત ગાંધીજી જ્યારે હિંદસ્વરાજ લખે છે ત્યાં સુધી ચાલ્યો. ત્યાં સુધી ગાંધીજીને આ મીડ-લાઈફ ક્રાઈસીસનો સામનો કરવો પડ્યો, જેમાં તેમના પોતાના જ સમર્થકોમાંના ઘણા તેમને છોડીને ચાલ્યા ગયા. હું ઘણી વાર કહી ચૂક્યો છું કે 'હિંદ સ્વરાજ'ની પહેલાંના ગાંધીને આપણે ધ્યાનથી જોવા જોઈએ.

કારણ કે હિંદ-સ્વરાજ પછીના ગાંધીજીને માપવા જ આપણે માટે મુશ્કેલ છે. કારણ કે એમાં એટલી નિષ્ઠા છે, એટલી મહેનત છે, એટલા બધા વિષયોને સમજવાની ક્ષમતા છે કે એ બધાથી આપણે થોડા ડરી જઈએ, ચોંકી જઈએ. પરંતુ હિંદ સ્વરાજની પહેલાંના ગાંધીને આપણે જોઈએ તો એમાં આપણને એ બધાં દ્વંદ્વ, બધી અસુરક્ષા, બધી ચિંતાઓ જોવા મળશે જે આપણને પણ સતાવે છે. પછી એક પદ્ધતિ મળે છે જેનો ઉપયોગ કરીને આપણે બધા પોતપોતાના જીવનને થોડું થોડું સારું બનાવતા જઈએ છીએ. એ જ પદ્ધતિથી ગાંધીજી માત્ર ગુજરાતી અને અંગ્રેજી જ નહીં, તામિલ પણ શીખ્યા. આગળ જઈને બીજી ભાષાઓ પણ શીખ્યા. અને તેમના જાહેર જીવન દરમિયાન તેઓ અગિયાર-બાર ભાષાઓમાં પ્રાથમિક રીતે કામ કરી શકતા હતા. આજે આપણામાંથી કેટલા લોકો એકબીજાની ભાષા શીખીએ છીએ ?

એક બીજી વાત ગાંધીજી વિશે નોંધવા જેવી છે. તેમના ધ્યાનમાં એક વાત આવી ગઈ હતી, ગાંધીજી આ બાબતમાં એક અલગ જ વ્યક્તિ છે.

તેમણે પુસ્તકો લખ્યાં, છાપાંઓ કાઢ્યાં, તેમાં તમે ગાંધીજીને પૂછો કે છાપાંનું મહત્ત્વ વધું કે પુસ્તકનું ? તો ગાંધીજી કહેશે પુસ્તકનું. પણ તમે પૂછો કે પ્રાર્થના વધુ મહત્ત્વની કે પુસ્તક ? તો તેઓ કહેતા કે પ્રાર્થના. કારણ કે ગાંધીજી ક્યારેય એક વાત ભૂલ્યા નહીં કે તેઓ સામાન્ય સમાજમાંની જ એક વ્યક્તિ હતા. સામાન્ય-સહજ સમાજમાં વાંચવા-લખવાની બહુ વધારે જરૂર નથી હોતી. તમને લાગશે કે ભૂમિપુત્રનાં ડીજિટાઈઝેશનના પ્રસંગે આ કેવી વાત કરી દીધી ? પરંતુ આ વાત આપણે બધાએ ધ્યાનમાં રાખવી ખૂબ જરૂરી છે. માણસને સહજરૂપથી ભાષા મળી છે. તમને એવી વ્યક્તિ ક્યાંય નહીં મળે જે ભાષા વિના જીવતી હોય, જે સમાજ વિના જીવતી હોય. મનુષ્ય વ્યક્તિગત પ્રાણી નથી, સામાજિક પ્રાણી છે. તો ભાષા વિના આપણે કોઈ નથી જીવતા. પરંતુ આપણને અનેક આદિવાસી એવા મળશે જેમને લખતાં-વાંચતાં નથી આવડતું પરંતુ એમનું જીવન તમારા અને મારા કરતાં ઘણું વધારે સારું છે. તેમાં સહજતા છે, તેમાં આનંદ છે, તેમાં સામાજિકતા છે અને એ જીવનમાં કુદરતને નુકસાન કરવાની પ્રતિબદ્ધતા નથી. એવું નથી કે માણસ ભણી ગણીને વધારે સારો બની જાય છે. આ એક

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અંધવિશ્વાસ છે. નાનપણથી સાંભળતો આવ્યો છું કે ભાઈ, ભણી ગણીને સારો માણસ બન. હું નાનો હતો ત્યારે મને થતું, તો અત્યારે હું જે છું તેમાં શું ખોટું છે ?

એકાદશવ્રત સારી વસ્તુ છે પરંતુ આપણે બાળકોને તે શીખવવાની જરૂર નથી. બાળકોને તો પ્રેમ આપવો જોઈએ, તેમને લાડુ ખવડાવવા જોઈએ. ચાલીસ વર્ષના ગાંધીજીના બે પ્રકારના ભાવવાળા ફોટા આપણને જોવા મળે છે. કાં તો શાંતરસ વાળા અથવા હાસ્ય કરતા ફોટા. જો તેઓ વેદનામાં હોય કે બહુ મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાયેલા હોય, બહુ મોટા પડકારનો સામનો કરી રહ્યા હોય તેવે વખતે તમે જોશો કે તેમના ચહેરા પર શાંતરસ જોવા મળશે. કારણ કે કઠિન પરિસ્થિતિનો સામનો કરવાની તેઓ તૈયારી કરી રહ્યા હોય છે. પરંતુ જ્યારે તેઓ પોતાના લોકોની સાથે બેઠેલા હોય છે ત્યારે હાસ્યરસ તેમના ચહેરા પર જોવા મળશે. ગાંધીજીની ભાષામાં એક કમાલનું તેજ છે, જે સાદગી વિના આવી શકે નહીં.

પરંતુ મુશ્કેલી એ છે કે આપણે બાળપણથી ભણવાનું શરૂ કરીએ છીએ ત્યારે આપણે તો ભણી-ગણીને સારા બનવું હોય છે. હું તેને કહું છું 'અંકલ આવ્યા છે, કવિતા સંભળાવ-થીઅરી ઑફ એજ્યુકેશન'. આપણને બાળપણમાં કવિતા ગોખાવવામાં આવે છે. પછી જ્યારે ઘરે મહેમાન આવે ત્યારે આ કવિતાઓ તેમને સંભળાવવાની હોય છે. એ કવિતાપઠન પર તાળીઓ વગાડવામાં આવે છે અને આપણને લાગવા માંડે છે કે આપણે તો જ્ઞાની બની ગયા છીએ. કારણ કે આપણે ગોખેલી કવિતા કડકડાટ સંભળાવી શકીએ છીએ. ધીરે ધીરે આપણને ખબર પણ નથી પડતી અને આવી રીતે પી.એચડી. થઈ જાય છે. અને આપણે ગોખેલી કવિતાઓ સંભળાવતા રહીએ છીએ. આમ, ભણી-ગણીને વધુ સારા માણસ બનવાનો ભાર વહન કરતા રહીએ છીએ. સૌ પ્રથમ તો આ ભાર આપણે ઉતારી દેવો જોઈએ.

સહજ રીતે સામાજિક જીવન જીવવા માટે તેમજ એક પ્રામાણિક જીવન જીવવા માટે વાંચવું-લખવું જરૂરી નથી. બહુ મોટા જ્ઞાનની પણ જરૂર નથી. મને એવા ઘણા સહજ લોકો મળ્યા છે જેઓ બહુ જ્ઞાની ભલે ન હોય છતાં મોટા જ્ઞાનીઓ કરતાં વધુ સારું જીવન તેઓ જીવે છે. તેમની સામે કોઈ મુશ્કેલીમાં મુકાયેલ વ્યક્તિ આવીને ઊભી રહે તો તેઓ તેની ખબર-અંતર પૂછે છે, પાણી પીવડાવે છે. અને બીજી તરફ મેં એવા ભણેલા લોકો પણ જોયા છે, જેઓની સામે કોઈ આવીને બેસે તો તેને પાણીનું પણ પૂછતા નથી અને પોતે ખાતા રહે છે ! આ મેં જે વાત કરી તે કેન્દ્રીય મંત્રીઓની હતી; હું પત્રકાર છું તેથી મારે તેમને પણ સહન કરવા પડ્યા છે. આમ સહજ રીતે પ્રામાણિક, સરળ તેમજ સર્જનાત્મક જીવન જીવવા માટે વાંચવું-લખવું જરૂરી નથી. પરંતુ પ્રશ્ન એ છે કે આપણામાંથી કેટલા લોકો સહજ જીવન જીવીએ છીએ? આપણે વિવિધ પ્રકારની અસહજતાઓની વચ્ચે ફસાયેલા છીએ. અને અસહજતાઓનો સામનો કરવો હોય તો હું સંપૂર્ણ વિશ્વાસ સાથે તમને કહી શકું કે વાંચનથી વધુ સારી રીત માણસ આજ સુધી શોધી શક્યો નથી.

વાંચવું-લખવું એ સહજ ક્રિયા નથી; એ શીખવી પડે છે. ભાષા ઘરમાં હરતાં-ફરતાં દરેક વ્યક્તિ શીખી લે છે, કારણ કે પ્રકૃતિએ આપણને ભાષા શીખવાની ક્ષમતા આપી છે. બાળક પહેલાં ધ્વનિને પારખતાં શીખે છે. ત્યાર બાદ જુદા જુદા ધ્વનિનો અર્થ તેને સમજાવવામાં આવે છે. પછી તે ધીમે ધીમે અર્થ, ધ્વનિ અને વ્યવહારને જોડીને ભાષા શીખી જાય છે. પરંતુ લખવા વાંચવાનું શીખવા માટે કોઈ ભાવ, તેની સાથે જોડાયેલ ચિહ્નને કોઈ અક્ષર સાથે જોડીને કરવું પડે છે. આ કરવું સહેલું નથી હોતું. આપણામાંથી કોઈ પણ સહજરૂપથી વાંચવા ઇચ્છતું હોતું નથી. જો કોઈ કહે કે તેને સહજ રીતે વાંચવામાંથી આનંદ પ્રાપ્ત થાય છે, તો હું તેને ખોટું માનું છું. એનો અર્થ એવો નથી કે વાંચવામાંથી આનંદ નથી મળતો. એ અસહજનો સામનો કરવાનો આનંદ છે.

વાંચનથી જે ઊંડાણ માણસને પ્રાપ્ત થાય છે તે બીજી કોઈ વસ્તુથી મળી શકે તેમ નથી. હવે તો એમ.આર.આઈ. મશીનો વડે અનેક પ્રયોગો થયા છે, જેમાંથી જાણવા મળે છે કે આપણે વાંચીએ છીએ ત્યારે મગજને એ સમજવા પ્રયત્ન કરવો પડે છે, મહેનત કરવી પડે છે. અને તેથી યાદ પણ રહે છે. જો આપણે આ રીતે મગજ પાસે સતત કામ કરાવતા રહીએ તો આપણા વૃદ્ધ થવાની ગતિ ધીમી પડે છે. અહીં હું પ્રકાશભાઈની બાજુમાં બેઠો છું, હું સતત એમ વિચારું છું કે હું તેમની ઉંમર સુધી પહોંચું ત્યારે એમના જેટલો જ ચૈતન્યપૂર્ણ રહું. પ્રકાશભાઈનું કહેવું છે કે હું અત્યારે પણ એટલો ચૈતન્યપૂર્ણ નથી ! આ વાચનની અસર છે કે પ્રકાશભાઈ પોતાના મગજને સતત નવી કસોટીમાંથી પસાર કર્યા કરે છે. તેથી પોતાનું શૈશવ અકબંધ રહે છે, આનંદ જળવાઈ રહે છે અને વિચારોમાં ઊંડાણ આવે છે.

પરંતુ હવે આપણે જે સમયમાં જીવી રહ્યા છીએ તે સમય વિકટ છે. ૧૯૯૧માં આપણા દેશના નેતાઓએ નક્કી કર્યું કે દેશની અર્થવ્યવસ્થા બદલવી જોઈએ. અર્થવ્યવસ્થા બદલાતાં કેબલ ટી.વી. આવ્યું. આ અર્થવ્યવસ્થા અને કેબલ ટી.વી. વચ્ચેનો સંબંધ હું ક્યારેય સમજી શક્યો નથી. પછી ૧૯૯૫માં ઇન્ટરનેટ આવ્યું. ૧૯૯૫-૯૬માં ઈમેઈલ આવી; હું ૧૯૯૬માં ઈમેઈલ વાપરતો હતો. ૧૯૯૨માં પ્રથમ સ્માર્ટફોન પ્રોટોટાઈપ તરીકે બન્યો. અને ૧૯૯૪માં બજારમાં આવ્યો. ૨૦૧૦ પછી સ્માર્ટ ફોન સામાન્ય બનવા લાગ્યા, જે દરેક વ્યક્તિ વાપરી શકે. સ્માર્ટ ફોનની સગવડ એ છે કે તેમાં વાંચવું પડતું નથી. નિરક્ષર લોકો પણ સહેલાઈથી ફોન વાપરવાનું શીખી જાય છે. અને તેમાં યુ-ટ્યુબ પર પોતાના પાડોશીની હત્યા કેવી રીતે કરવી તેની પચાસ પદ્ધતિઓ જોવા મળી જાય છે. તેનાં પરિણામો - તેનાં પાપ-પુણ્ય અંગે જાણ્યા વિના.

૧૯૯૧ને આજે કેટલાં વર્ષ થયાં ? - પાંત્રીસ વર્ષ. આપણા દેશની સરેરાશ ઉંમર આજે અઠ્ઠાવીસ વર્ષ છે. આ સરેરાશ ઉંમર ધરાવતા દેશમાં મોટાભાગના લોકો આ બધાં ઉપકરણો સાથે ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે. ઉપકરણો વિનાનું જીવન કેવું હોય તેની તેમને ખબર જ નથી. એટલે આપણે જ્યારે છત્રીસ વર્ષ પહેલાંની વાત એમની સાથે કરીએ ત્યારે તેમને એ વાત કોઈ ઇતિહાસકાર મધ્યયુગની વાત કરતો હોય તેવી ભાસે છે. માણસ જીવન જીવવાની રીતો તેની આસપાસની

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પરિસ્થિતિમાંથી શીખે છે. હવે ૨૮ વર્ષના લોકો તો જોઈ રહ્યા છે/જોતા આવ્યા છે કે ચારે બાજુ લોકો ફોન વાપરી રહ્યા છે. બધાં કામો, બધી સુવિધાઓ ફોનથી ચાલી રહી છે. અને સરકાર જ્યારે તમને તકલીફ આપવા માંગે, ત્યારે તેને માત્ર એક બટન દબાવીને તમારું ઇન્ટરનેટ જ બંધ કરવાનું રહે છે. અને તમારો સમાજ ઠપ્પ થઈ જાય છે. આપણે આપણા પોતાના જ લોકો સાથે વાત કરવા માટે નવી રીતો શોધવી પડશે.

જ્યારે ૧૮૯૮માં ડર્બનમાં ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ સ્થપાયું ત્યારે આપણે જોયું તેમ, ગાંધીજી, મદનજિત વ્યાવહારિક, અબ્દુલ કાદિર અને બીજા ઘણા લોકો તેની સાથે જોડાયેલા હતા. પછી તો એ કાર્યનો વ્યાપ વધતો ગયો અને એમાંથી જ સત્યાગ્રહનો જન્મ થયો. ગાંધીજીએ પોતાને તૈયાર કરવાની શરૂઆત લખવા, વાંચવા અને પ્રકાશનના કાર્યથી કરી હતી.

વિચારનું ઊંડાણ, ભાષાની સ્પષ્ટતા અને પોતે ભણેલા તે હકીકતની વચ્ચે એ ન ભૂલવું જોઈએ કે સમાજનું મૂળ લોક-સંસ્કૃતિમાં છે. એની એક કમાલની અસર એ છે કે ગાંધીજી જેવી વ્યક્તિ જે સંપૂર્ણપણે લોકસંસ્કૃતિના માણસ હતા, જે યુરોપિયન એનલાઈટનમેન્ટ (૧૭ અને ૧૮મી સદી દરમિયાન યુરોપમાં થયેલું વૈચારિક અને બૌદ્ધિક આંદોલન)ની આધુનિકતાની બાબતોનો સ્વીકાર નહોતા કરતા, તેથી તેઓ કોઈ રાજકીય વિચારધારાના ઢાંચામાં બેસતા ન હતા. એવી વ્યક્તિને એવી ટેવ પડે છે કે જ્યારે કોઈ બાબતને ઊંડાણપૂર્વક સમજવી હોય ત્યારે લોકસંસ્કૃતિને સાથે રાખીને શાસ્ત્રીય સંસ્કૃતિ પાસે જવું. તેમણે વિદ્વાનોને પૂછ્યું કે આ બાબતને સમજવાની રીત શું છે મને સમજાવો. તેમણે કેટલા પત્રો લખ્યા છે ! ગાંધીજી લોકસંસ્કૃતિના માણસ હતા પણ, જરૂર ઊભી થતાં શાસ્ત્રીય સંસ્કૃતિ પાસે, વિદ્વાનો પાસે જતા અને કહેતા, મારે આ સમજવું છે, જરા સમજાવોને, તેમણે અંત સુધી આવું કર્યું. તેમના ઘણા પત્રો છે, જે સમયના અભાવે હું અહીં વાંચીશ નહીં.

પરંતુ, એક ત્રીજી સંસ્કૃતિ છે, જેના તરફ આપણે કોઈએ ખાસ ધ્યાન નથી આપ્યું. તે ન લોકમાંથી આવે છે, ન શાસ્ત્રમાંથી; તેમાં ન તો વ્યવહારનું ઊંડાણ છે, ન વિચારનું ઊંડાણ. આ સંસ્કૃતિ ઔદ્યોગિક ક્રાંતિ પછી વસ્તુઓને જથ્થાબંધ બનાવાની જરૂરિયાતમાંથી નીકળી છે. તેથી હું તેને જથ્થાબંધ સંસ્કૃતિ કહું છું. વિદ્વાન લોકો તેને 'માસ કલ્ચર' અથવા 'પોપ કલ્ચર'ના નામે ઓળખે છે. પ્રિન્ટિંગ પ્રેસ ચલાવવું પણ માસ કલ્ચરનો ભાગ છે.

કારણ કે ગાંધીજી લોકસંસ્કૃતિમાં સ્થિત હતા અને શાસ્ત્ર પાસે જતા હતા. તેથી તેમને જથ્થાબંધ સંસ્કૃતિને નભાવતાં આવડી ગયું હતું. જેવું પત્રકારત્વ એમણે કર્યું, એક એવા માણસ જેમને ભાષણ આપવામાં મજા નહોતી આવતી, છતાં તેમને સાંભળવા લાખોની મેદની ઊમટી પડતી હતી. તેમની ટ્રેન રોકી રોકીને લોકો તેમને દાન આપવા પહોંચી જતા. એનો અર્થ એ થયો કે આ કામ કોઈ પણ કરી શકે. જે બાબતોને કારણે આપણને લોકો ગમે છે - બોલવાની કળા, દેખાવ, રૂપ-રંગ, ગાવાની કળા, આકર્ષક ભાષણ આપીને માહોલ ખડો કરવો - આમાંનું કંઈ પણ ગાંધીજી પાસે ન હતું. તેમ છતાં 'માસ કલ્ચર'નું કામ ગાંધીજીએ એટલી સુંદર રીતે કર્યું કે તેનું કોઈ નુકસાન નહીં પણ ઘણા ફાયદા થયા છે. ગાંધીજીને ખૂબ પસંદ કરનારા એક કવિ છે જેમનો હું આભારી છું, કારણ કે એમની કવિતાઓથી હું આગળનું જોતાં શીખ્યો છું અને આધુનિકતાઓનો સામનો કરતાં હું શીખ્યો છું. એમનું નામ છે અકબર ઇલાહાબાદી. તેમનો એક જાણીતો શેર છે, જે ખૂબ પ્રખ્યાત હતો,

ખીંચો ન કમાનો કો ન તલવાર નીકાલો
જબ તોપ મુકાબિલ હો તો અખબાર નીકાલો....

ભૂમિપુત્ર શરૂ થયું, તોત્તેર વર્ષ ચાલ્યું, હવે આપણી પાસે ડીજિટલ છે, તો અકબર ઇલાહાબાદીની મદદ લઈને આપણે એમ કહી શકીએ કે,

ખીંચો ન કમાનો કો ન તલવાર નીકાલો
જબ મોબાઈલ મુકાબિલ હો તો ભમિપુત્ર નીકાલો...

- સોપાન જોષી

(૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભૂમિપુત્રની ડિજિટલ આર્કાઈવ વેબસાઈટના વિમોચન પ્રસંગે અતિથિ વિશેષનું સંબોધન)

ગ્રામ સ્વરાજ સંઘ નીલપર

આપ સૌ જાણો છો તેમ 'ગ્રામ સ્વરાજ સંઘ નીલપર', એ કચ્છમાં ચાલતી ગાંધીજીવન દર્શનને કેન્દ્રમાં રાખીને કેળવણી અને સમાજ વિકાસનાં કામો કરતી સંસ્થા છે. કચ્છના વાગડ વિસ્તારનાં ૩૦૦ થી વધુ બાળકો સંસ્થાના પરિસરમાં નઈ તાલીમનાં મૂળતત્ત્વોને પાયામાં રાખીને જીવન-લક્ષી શિક્ષણનો અભ્યાસ કરે છે. જૈવિક ખાતરથી શાકભાજી-ગાયોનો ચારો અને ગૌશાળાનાં દૂધ-ઘી છાશ બાળકોને મળી રહે તે માટે સ્વાવલંબનનો પ્રયાસ ચાલી રહ્યો છે. સંસ્થા પરિસરમાં વિશાળ સભાગાર સહિત અદ્યતન લાયબ્રેરી સાથે ગાંધી વિદ્યા અધ્યયન કેન્દ્ર સક્રિય છે. અહીં તમામ સ્તરનાં વિવિધ-લક્ષી શિબિરો અને વૈચારિક સમૃદ્ધિ વધારવા માટેના પ્રયોગો નિયમિત ચાલી રહ્યા છે.

ભૂકંપ પછી છેલ્લાં ૨૫ વર્ષમાં દેશ-દુનિયાના અનેક નવોદિત વિચારો અને સહયોગીઓ આવતા રહ્યા છે તે પૈકી વાગડ પ્રદેશના અંતરિયાળ વિસ્તારના પછાત લોકોના જીવનમાં આર્થિક સ્વાવલંબન માટે જળસંચયનું વ્યાપક કામ ચાલી રહ્યું છે અને એ મારફતે દાયકાઓથી પડતર પડેલી જમીનને નવસાધ્ય કરી અને ટકાઉ રોજગારીના સફળ પ્રયોગો થયા છે. વિવિધલક્ષી પ્રવૃત્તિઓથી ધમધમતું આ પરિસર રમણીય પ્રાકૃતિક વાતાવરણમાં ગતિશીલ છે...

દૈનિક કામો અને વ્યવસ્થાને વધુ ગતિશીલ કરવા માટે અનુભવી અને આ દિશાના વિચારવાન વ્યવસ્થાપકની અમને જરૂરિયાત ઊભી થઈ છે. આ માટે યોગ્ય લોકોએ સંપર્ક કરવા વિનંતી છે.

અનિરુદ્ધ જાડેજા ૯૯૨૫૦ ૨૨૨૭૦ અને મુક્તા બેન ૯૭૧૨૨૪૧૯૮૯ નો સંપર્ક કરવો.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વાર્તાઓનો ખજાનો - 'વીણેલાં ફૂલ' અને 'તર્પણ'

હું નાની હતી ત્યારની વાત. દાદાજી 'ભૂમિપુત્ર' મગાવે. મને સામયિકોનાં રેપર કાઢવાં અને પહેલી વાર ખોલવાનું બહુ ગમે. નવા કાગળોનો સ્પર્શ, સુગંધ માણું. ભૂમિપુત્રનું રેપર પણ આમ જ ખોલું. પણ ફરક એટલો કે દાદાજીને એ આપતા પહેલાં એની વાર્તા વાંચી લઉં. દાદાજી કહે, 'અંદર પણ ઘણું બધું સરસ સરસ આવે છે.' 'પછી વાંચીશ' કહીને હું ભાગી જાઉં. પછી તો અંદરનાં લખાણો પણ વાંચતી-સમજતી ગઈ. ખાનાબદોશ જિંદગીમાં સ્થળનાં અનુસંધાન વારંવાર તૂટતાં, છતાં ભૂમિપુત્ર છૂટુંછવાયું પણ મળતું રહ્યું. સુંદર વિશેષાંકો, અર્થપૂર્ણ લેખો, ક્યારેક મારા લેખો પણ છપાય ત્યારે ગૌરવ અનુભવાય. રજનીભાઈ, પારુલબહેન અને હવે સ્વાતિબહેન સાથે દોસ્તી. યજ્ઞ પ્રકાશનમાં પુસ્તકોનું છપાવું, વધતી ઉંમર, બદલાતી માનસિકતા આ બધાં વચ્ચે એક નિયમ ન તૂટ્યો, ભૂમિપુત્ર હાથમાં આવે ત્યારે છેલ્લું પાનું સૌ પહેલાં વાંચવાનો.

દરેક અંકમાં વિવિધ ભાષાઓમાંથી રૂપાંતરિત કરેલી, માનવસંવેદનો ઝીલતી માત્ર ૭૦૦-૮૦૦ શબ્દોની એક પાનાની વાર્તા, એ ગુજરાતી સાહિત્યમાં 'ભૂમિપુત્ર'નું વિશિષ્ટ પ્રદાન છે. ગુજરાતના વાચકો ગુજરાતી વાર્તાઓને તો જાણતા હોય, વધારે જરૂર તો ભારતની બીજી ભાષાઓની વાર્તાઓ તેમના સુધી પહોંચાડવાની છે. આંતર-ભારતીની દૃષ્ટિએ પણ તેનું ઘણું મૂલ્ય છે. ધીરે ધીરે ખબર પડી કે આ છેલ્લું પાનું પહેલાં વાંચનારો વર્ગ મોટો છે અને એમાં ઉમાશંકર જોશી, મનુભાઈ પંચોલી અને ગુલાબદાસ બ્રોકર જેવા દિગ્ગજો પણ સામેલ છે.

ભૂમિપુત્રની આર્કાઇવ બની રહી છે ત્યારે એકત્ર ફાઉન્ડેશનમાં જેનું ઓડિયો રેકોર્ડિંગ થયું છે, એવી ભૂમિપુત્રની વાર્તાઓ વિષે વાત કરીએ, 'વાર્તાઓ પાછળની વાર્તા'થી - 'ધ સ્ટોરી બિહાઇન્ડ ધીસ સ્ટોરીઝ.'

૧૯૫૧ની સાલ. વિનોબાજીએ ભૂદાન આંદોલન ઉપાડ્યું. બે વર્ષ પછી સર્વોદય વિચારધારાનું મુખપત્ર 'ભૂમિપુત્ર' શરૂ થયું. દૃષ્ટાંતકથાઓ, વિચારને લોકો સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ નીવડે છે. વ્યાસ ભગવાને પણ વેદને આધારે લોકો સુધી પહોંચાડવા પુરાણકથાઓ રચી હતી. 'ભૂમિપુત્ર' પણ પોતાની વાત અનેક દૃષ્ટાંતકથાઓ દ્વારા કહેતું આવ્યું છે. દાદા ધર્માધિકારીની આવી દૃષ્ટાંતકથાઓ ખૂબ લોકપ્રિય થઈ હતી. સરળ અને પ્રાસાદિક શૈલીમાં 'ભૂમિપુત્ર'માં આવતા આવા ટુચકા, પ્રસંગો વગેરે 'ભૂમિપુત્રની કથાઓ' નામની ત્રણેક પુસ્તિકાઓમાં સંગ્રહિત થયા છે. વિનોબાજી અને રવિશંકર મહારાજની વાતોમાંથી ય આવી રોચક વાતોને તારવીને પુસ્તિકાઓ થઈ અને બહોળો પ્રચાર પામી છે.

હર્ષકાન્ત વોરાનો 'ચોરાનું ચવાણું' વિભાગ કે 'દસવારિયું' પણ લોકપ્રિય થયાં હતાં. ગ્રામજનોને ધ્યાનમાં રાખી 'ગામની વાતો' રજૂ થતી. થોડો વખત 'ગોષ્ઠી' વિભાગ ચાલ્યો હતો. ભૂમિપુત્રને લોકભોગ્ય બનાવવાના આવા કેટલાક પ્રયાસોની સાથોસાથ ૧૯૬૧-૬૨માં દરેક અંકમાં વાર્તા-સાહિત્ય આપવાની શરૂઆત થઈ. 'રવીન્દ્ર સૌરભ'માંથી કેટલીક સુંદર વાર્તાઓ છાપી. ગુજરાતી ટૂંકી વાર્તાઓમાંથી પણ થોડી વાર્તાઓ છાપી. આ પછી રસિક મર્મજ્ઞોના સૂચનથી અન્ય ભાષાની વાર્તાઓ 'ભૂમિપુત્ર'માં છપાવી શરૂ થઈ. તેને માટે છેલ્લું પાનું ફાળવાયું. મીરાબહેન, અમૃતભાઈ, જગદીશભાઈ વગેરેએ તેમાં વાર્તાઓ આપવા માંડી. પણ સૌથી મોટો ફાળો રહ્યો હરિશ્ચંદ્ર બહેનોનો, લગભગ સાડા ચાર દાયકા સુધી તેમણે ભારતીય ભાષાઓની અને વિદેશી ભાષાઓની પણ સરસ વાર્તાઓ ગુજરાતી વાચકોને પહોંચાડી.

હરિશ્ચંદ્ર બહેનો એટલે ચંદ્રકાંતાબહેન અને હરવિલાસબહેન - સર્વોદય સેવાપ્રવૃત્તિઓનાં બહુ પ્રતિષ્ઠિત વ્યક્તિત્વો. વિનોબાજીએ યુવાનોને ભૂદાનમાં જોડાવાની હાકલ કરી એટલે આ બહેનો એમની સાથે જોડાયાં. પદયાત્રાઓ કરી અને પછીથી સર્વોદય કાર્યકર તરીકે વિવિધ ગાંધીવાદી સેવાપ્રવૃત્તિમાં જોડાયાં. આદિવાસી ઉત્થાન માટે જીવન સમર્પિત કરનાર આદરણીય સન્નારીઓ તરીકે પિંડવળમાં વર્ષો સુધી કામ કર્યું અને ધરમપુર તાલુકાના પછાત અને અભાવો વચ્ચે જીવતા આદિવાસીઓના જીવનસુધાર માટે ડૉ. નવનીતભાઈ ફોજદાર અને શ્રી કાંતિભાઈ શાહ સાથે અનેક સેવાપ્રવૃત્તિઓ કરી.

બંને બહેનો વચ્ચેના અપાર પ્રેમ, હાર્દિક એકતા અને અદ્વૈતભાવને જોઈને આચાર્ય વિનોબા ભાવેએ બંનેનાં નામોનો પૂર્વ ભાગ આવી જાય તેવું અને સત્યના પ્રતીક સમું 'હરિશ્ચંદ્ર' નામ આપ્યું અને કહ્યું હતું, 'આ નામ સત્યનું પ્રતીક છે. તમારી બંને વચ્ચે જે હાર્દિક એકતા છે તેને હું એક આદર્શ ઉદાહરણ રૂપે બહેનો સામે મૂકું છું.' આ બહેનોએ પોતાના જીવનથી આદર્શ ભગિનીપ્રેમ અને નિઃસ્વાર્થ સામાજિક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ અનોખી જોડીના જીવન અને તેમની આધ્યાત્મિક તેમજ સામાજિક જીવનયાત્રા પર કાંતિભાઈ શાહે 'એકત્વની આરાધના' નામનું પુસ્તક લખ્યું છે અને બંને બહેનો વચ્ચેના સંબંધ માટે 'અશેષ આત્મીયતા' જેવો શબ્દપ્રયોગ વાપર્યો છે.

આવી આ બહેનોએ વર્ષો સુધી ઉત્તમ વાર્તાઓ ભૂમિપુત્રના વાચકો સુધી પહોંચાડી. આ વાર્તાઓની તેમના સ્વરૂપ તરીકે પણ એક

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિશેષતા છે. વાર્તાની પસંદગી એ પહેલો પડકાર. ત્યાર પછી મૂળ વાર્તા ગમે તેટલી લાંબી હોય, તેનું ગુજરાતી રૂપ ૮૦ લીટીથી મોટું ન હોવું જોઈએ. એમ કરવામાં રસની ક્ષતિ ન હોવી જોઈએ. એની અખંડિતતા એ રીતે સચવાવી જોઈએ કે વાર્તાધારા તૂટે નહીં અને વાચકને આખી વાર્તા વાંચ્યાનો સંતોષ મળે. એનો અર્ક સચવાવો જોઈએ. આમ કરવા માટે વર્ણનો ખૂબ ઓછાં કરી અને સંવાદોથી વાર્તા આગળ વધારવાની આવડત જોઈએ.

ઉપરાંત વિષયો સાચા અર્થમાં 'સર્વનો ઉદય' કરનારા હોવા જોઈએ – જીવનનાં, સંબંધોનાં, સંજોગોની વિષમતાઓનાં, માનવપુરુષાર્થ અને માનવસ્વભાવનાં સંકુલ પાસાઓને વ્યક્ત કરતા અને સત્યમ્-શિવમ્-સુંદરમ્ તરફની ગતિ સાચવતા હોવા જોઈએ. આ બધું ધ્યાનમાં રાખીને અને મૂળ વાર્તાને હાનિ પહોંચાડ્યા વિના વાર્તાઓ ગુજરાતીમાં લખવાની થાય ત્યારે એ અનુવાદ કે સંક્ષેપ માત્ર રહી ન જતાં અનુસર્જન બને તો જ વાચકોને સ્પર્શે. જેને સાહિત્યમાં રસ ન હોય, સાહિત્યનો સંગ ન હોય તે આ કરી શકે નહીં. આ રીતે હરિશ્ચંદ્ર બહેનોની ૪૫ વર્ષો દરમ્યાન લખાયેલી વાર્તાઓના ૧૮ સંગ્રહો 'વીણેલાં ફૂલ' નામથી પ્રકાશિત થયેલા છે અને ખૂબ લોકપ્રિય થયા છે. એકત્ર ફાઉન્ડેશન દ્વારા આ ૧૮ સંગ્રહો-માંથી ચૂંટેલી વાર્તાઓનું ઓડિયો રેકોર્ડીંગ પ્રગટ થઈ રહ્યું છે એ આનંદની વાત છે.

એક પ્રશ્ન તો પણ ઊભો છે – 'ભૂમિપુત્ર' સાથે જોડાયેલા સૌ આમ તો કર્મઠ ગાંધીજનો. વિચારશીલ વિનોબાજનો. 'ભૂમિપુત્ર'નો હેતુ હતો, સર્વોદય વિચારધારાના વ્યાપક વિચાર-પ્રચારનો. લોકશિક્ષણનું તથા સર્વોદય આંદોલનોની ગતિવિધિઓના પ્રકાશનનું કામ 'ભૂમિપુત્ર' દ્વારા કરવું. એ પ્રમાણે દેશ-દુનિયાની સાંપ્રત પરિસ્થિતિનું તેમજ જાગતિક પ્રવાહોનું સર્વોદયની દૃષ્ટિએ તેમાં અવલોકન થતું રહે છે. આવું કામ ઉપાડનારા કર્મશીલો રુક્ષ, અરસિક, શુષ્ક, કોમળ ભાવનાઓથી દૂર હોય તેવા બની જાય તેવું બને. વાર્તાઓના અનુસર્જનની આવી મુલાયમ પ્રવૃત્તિ એક વિચારપ્રધાન સામયિક સાથે જોડવામાં એમને આટલો રસ કેવી રીતે પડ્યો હશે ?

આનો જવાબ શોધવા મથામણ કરીએ ત્યારે કેટલીક બહુ સ્પષ્ટ છતાં ધ્યાનમાં ન આવેલી બાબતો સમજાય તે એ કે ગાંધી-વિનોબા બંને જીવનની સમગ્રતામાં માનનારા પુરુષો હતા. 'ભૂમિપુત્ર' શરૂ કરનારા અને સંભાળનારાઓ આ સમગ્રતાનો વારસો લઈને આવ્યા હતા. એને લીધે 'ભૂમિપુત્ર'નો વ્યાપ જીવનનાં તમામ ક્ષેત્રોને, અણુથી લઈ અધ્યાત્મ સુધીના તમામ વિષયો આવરી લેતો બન્યો. 'ભૂમિપુત્ર'ના સંપાદકો પ્રબોધ ચોક્સી, નારાયણ દેસાઈ, ચુનીભાઈ વૈદ્ય, ભીખુભાઈ વ્યાસ, કાન્તિભાઈ શાહ, અમૃત મોદી, જગદીશ શાહ, મીરાં ભટ્ટ અને અત્યારના સંપાદકો – આ સૌ આ જ વારસો લઈ આગળ વધ્યા અને 'ભૂમિપુત્ર'ની વિચારધારાને જગતના પ્રવાહોથી પરિપ્લાવિત કરતા રહ્યા. આ વિચારોને લોકભોગ્ય બનાવવામાં અને જીવનને સમજવામાં અને બહેતર બનાવવામાં એમનો અખૂટ રસ રહ્યો. એટલે છેલ્લા પાનાની વાર્તાઓ જેવી જીવનપોષક સર્જનાત્મક બાબતમાં એમને રસ ન પડે તો જ નવાઈ.

કાળક્રમે હરિશ્ચંદ્ર બહેનોની શક્તિએ જવાબ આપ્યો. ૨૦૧૦માં ચંદ્રકાંતાબહેનના મૃત્યુ પછી, હરવિલાસબહેન પણ માંદાં પડ્યાં. પછી છેલ્લું પાનું કોણ સંભાળે એ પ્રશ્ન ઊભો થયો. સ્ટીવ જોબ્સની એક પ્રખ્યાત ફિલોસોફી છે, કનેક્ટિંગ ધ ડૉટ્સ – ટપકાં જોડવાં. ૨૦૦૫માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં તેણે આ વાત કહી હતી. તેણે એમ કહ્યું કે ભૂતકાળના અનુભવોના આધારે તમે વર્તમાનમાં કામ કરો છો. એક કામ – એક ટપકું, એમ ટપકાં મુકાતાં જાય છે. એ વખતે તેનું મહત્ત્વ આપણને કદાચ ન સમજાય, પણ જો આપણે આપણી સ્ફુરણા અનુસાર કર્મ કરતા રહીએ તો ભવિષ્યમાં એ ટપકાં કોઈ ને કોઈ રીતે જોડાય છે અને એમ આકૃતિ રચાય છે.

આશાબહેન – આશા વીરેન્દ્રનો છેલ્લા પાનામાં પ્રવેશ કંઈક આવી રીતે થયો. આશાબહેન અને એમના પતિ વીરેન્દ્રભાઈ શાહ પિંડવળ સંસ્થા સાથે જોડાયેલાં. વીરેન્દ્રભાઈ એમનું ઓડિટ સંભાળે. ચોમાસાના ચાર મહિના હરિશ્ચંદ્ર બહેનો વલસાડમાં ગાળે. આશાબહેનનો હરિશ્ચંદ્ર બહેનો માટે આદર તો ખરો જ. પણ એમના વલસાડમાં આવવાથી પરિચય વધ્યો. આશાબહેનની સાહિત્યપ્રવૃત્તિઓ અને લેખિકા તરીકેની ઓળખથી હરિશ્ચંદ્ર બહેનોને પણ એમનામાં રસ પડ્યો. નિકટતા વધી. આમ ટપકાં મુકાતાં આવ્યાં. કાંતાબહેન મૃત્યુ પામ્યાં ત્યારે કાંતિભાઈ અને હરવિલાસબહેનની ખૂબ ઇચ્છા કે આશાબહેન છેલ્લું પાનું સંભાળી લે. પણ આશાબહેન હા પાડે નહીં. એમના મનમાં બેત્રણ વાત હતી – મનની મોજ પ્રમાણે લખવું અને સમયના બંધનમાં લખવું, એ બે જુદી વાત છે. મૌલિક સર્જન કરવું અને વાર્તાઓના સંક્ષેપ-અનુવાદ કરવા એ પણ જુદી વાત છે. વળી હરિશ્ચંદ્ર બહેનો બે હતાં. કાન્તિભાઈનો પણ સક્રિય સાથ. આમ એક વાર્તા પાછળ ત્રણ વ્યક્તિઓ કામે લાગતી. અસ્વીકારનો ભય પણ ખરો – જે બંને બહેનોને ખુદ વિનોબાજીએ 'હરિશ્ચંદ્ર' નામ પ્રદાન કરેલું એમની કલમથી ૪૫-૪૫ વર્ષોથી ટેવાયેલા વાચકો નવી કલમને સ્વીકારશે ?

પણ અંતે દિવંગત હરવિલાસબહેન અને કાંતિભાઈના પ્રેમાગ્રહ આગળ નમતું જોખીને આશાબહેને વાર્તાની જવાબદારી સ્વીકારી. આ ઘટનાને આજે સોળ વર્ષ થયાં છે. જીવનનાં, સંબંધોનાં, માનવસ્વભાવનાં, સંજોગોની વિષમતાનાં, સામાજિક ન્યાય અને નૈતિક મૂલ્યોનાં સંકુલ સત્યોથી ભરેલી વાર્તાઓ તેઓ શોધે છે. ટૂંકાવે છે, જરૂર પડે ત્યાં થોડું, વાર્તાને ઉપકારક એવું રૂપાંતર કરે છે અને ભૂમિપુત્રના છેલ્લા પાનને અને એ પાનાના પ્રેમી વાચકવર્ગને હેમખેમ રાખે છે. આ વાર્તાઓ 'જન્મભૂમિ પ્રવાસી' અને 'ફૂલછાબ'માં પણ પ્રગટ થાય છે. 'સન્ડે ઈ મહેફિલ'ના માધ્યમથી વર્ષો સુધી સાત્ત્વિક સાહિત્ય ઓનલાઈન વહેંચનાર ઉત્તમભાઈ ગજ્જર દર બુધવારે એને પોતાના બહુ મોટા વોટ્સઅપ ગ્રુપ પર મૂકે છે અને ત્યાં પણ એ એટલો બહોળો આવકાર પામી છે કે એ ગ્રુપના ઘણા લોકો બુધવારને આશાવાર કહે છે. એમની સર્જકતા અને દૃષ્ટિ વિકસતાં રહીને આજે હરિશ્ચંદ્ર બહેનોથી સવાયાં થઈને ઊભાં છે, એમ બિલકુલ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે. આશાબહેન કહે છે, 'એક એક વાર્તા પસંદ કરતાં પહેલાં ઓછામાં ઓછી ૧૦ વાર્તાઓ વાંચવી પડે છે.

(જુઓ પાન નં. ૨૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ખમીરવંતાં અને ખમતીધર મહિલા-ખેડૂત

ગોદાવરીબેન ભીંગરાડિયાને શ્રદ્ધાંજલિ

ભૂમિપુત્રના વાચકો હીરજીભાઈની કલમથી સુપેરે પરિચિત છે. પોતાની તેમજ આસપાસની ખેતીને વૈજ્ઞાનિક અભિગમથી પગભર કરીને, માથાભારે તથા ભ્રષ્ટાચારી તત્ત્વોથી જકડાયેલી ગ્રામ પંચાયત અને સહકારી મંડળીને મુક્ત કરીને, ગ્રામ સમાજને નિર્ભીક અને સંગઠિત કરીને, પંચાયત અને મંડળીની ધુરા સંભાળીને ગ્રામ વિકાસમાં મહત્ત્વનું યોગદાન તેમણે આપ્યું છે. તેમનાં પત્ની ગોદાવરીબેનનું ગઈ તા. ૯મી સપ્ટેમ્બરે હૃદયરોગની બીમારીને લીધે સુરતમાં અવસાન થયું.

ગોદાવરીબેનનો જન્મ ભાવનગર જિલ્લાના ગોલરામા ગામે થયેલો. બાળપણથી જ ખેડૂત કુટુંબમાં ઊછર્યાં! જમાનાના રિવાજ મુજબ ૧૩ વર્ષની નાની ઉંમરે લગ્ન થયાં. હીરજીભાઈ સ્નાતક થયા ત્યાર પછી સાચું સહજીવન શરૂ થયું. નાની ઉંમરે જ સસરાના અવસાન બાદ ચાર દિયરો અને ત્રણ નણંદોના ઉછેર અને ભણતરમાં કોઈ કમી રાખ્યા વિના જવાબદારી એવી તો સુપેરે પાર પાડી કે જીવનપર્યંત પાંચેય ભાઈઓના સંયુક્ત કુટુંબનો મોભ બની રહ્યાં! ગોદાવરીબેને પ્રેમ અને તપથી કુટુંબવાડીને પોષી-સંપન્ન કરી. લાભુભાઈ પટેલના શબ્દોમાં, 'દિ' ઊગેથી જાગી જઈને ઢોરનાં છાણ-વાસીદાં, નીરણ-પાણી, દૂધનાં દોહન, છાશ વલોણું પતાવ્યા પછી છોરું સંભાળ અને શિરામણ. ઉપરાંત બપોરનું ભાત માથે લઈ દાડિયાની જોડે વાડીએ પહોંચી કામ કરવાનું ! એવાં ખમતીધર ખેડૂત-મહિલા વર્ગના સાચાં પ્રતિનિધિ હતાં ગોદાવરીબેન!

આદર્શ ગૃહવ્યવસ્થાપક તરીકે તેઓ રસોઈશાસ્ત્રનાં નિષ્ણાત! ખેતપેદાશો પર વિવિધ પ્રક્રિયાઓ કરી અનેકવિધ વાનગીઓ બનાવવા-શીખવવાનાં શોખીન. વિવિધ અથાણાં, સૂકવણી, આમળાંની કેન્ડી, મુખવાસ વગેરેમાં તેમનું નામ પંકાય. મનોહરભાઈ ત્રિવેદીના શબ્દોમાં 'કલા, કસબ ને આવડતથી હર્યાભર્યા, અણઘડનું ઘડતર કરે તેવા હાથ! એમનાં ટેરવાં અડે તે ચીજ ધબકતી લાગે.' મહિલા શિબિરોમાં ખૂબ જ અસરકારક અને પ્રેરક વાતો રજૂ કરે. હીરજીભાઈની ગેરહાજરીમાં વાડીદર્શન એવું કરાવે કે મુલાકાતીને ખોટ ન સાલે! ખેતીના પ્રયોગો માટે જરૂરી પ્રેરણા, હૂંફ તથા મૂંઝવણમાં હીરજીભાઈનો મજબૂત સધિયારો! નવા અભિગમો માટે હંમેશાં ખુલ્લું મન અને ભરપૂર મહેનત! તકલીફ હોય તો પણ ચહેરા પર હંમેશાં આવકાર અને સ્મિત! સુરેખ ચહેરો આત્મવિશ્વાસનું પ્રતિબિંબ પાડે! ગાવાનો શોખ, લોકગીતો એક વાર સાંભળે એટલે કંઠસ્થ! નવાઈ તો એ લાગે છે કે, 'પંચવટી'ની આ કુટુંબવાડી અને ખેતીવાડીનાં આ ઉત્તમ માળી અને મા ક્યારેય નિશાળે ગયાં નો'તાં!

હીરજીભાઈ અને ગોદાવરીબેન સારસ બેલડી જેવાં. ખેડૂત શિબિરોમાં જ નહીં, ઈઝરાયેલ અને ચીનના ખેડૂત પ્રવાસમાં ય સાથે. એકમેક વિનાના અસ્તિત્વની કલ્પના પણ ના થાય, પણ આખરે બેલડી વિખૂટી પડી! ગુજરાતના સજીવ ખેતી સમાજને, ખેડૂતો અને મહિલાઓ સાથે કામ કરતી સંસ્થાઓને અને પરિવારને એક ન પુરાય તેવી ખોટ પડી. ભૂમિપુત્ર પરિવાર તરફથી સદ્ગતને શ્રદ્ધાંજલિ અને પ્રાર્થના!

- કપિલ શાહ

વાર્તાઓનો ખજાનો.... (પાન ૨૨નું ચાલુ)

જુદી જુદી ભાષાનાં સામયિકોમાંથી વાર્તાનું ચયન થયા પછી એને ૭૫૦થી ૮૦૦ શબ્દોમાં સમાવવાની ગડમથલ ચાલુ થાય. ક્યારેક પાત્રની વેદના, એની તકલીફનો વિચાર કરતાં આંખોમાં આંસુ પણ આવી જાય.'

ભૂમિપુત્રની આ વિલક્ષણ સંક્ષિપ્ત વાર્તાઓને સાહિત્યસર્જકોએ પણ વધાવી છે. ગુલાબદાસ બ્રોકર કહે છે : 'આ વાર્તાઓ મને ખૂબ જ ગમે છે. વાંચતાં મન અને હૃદય તૃપ્ત થઈ જાય છે. એનું ગુજરાતી સાહિત્યમાં વિશેષ સ્થાન છે.' ઉશનસ્ કહે છે, 'હરિશ્ચંદ્રની વાર્તાઓ આપણી વાર્તાસૃષ્ટિમાં વિશિષ્ટ ધ્યાનની અધિકારી નીવડે તેવી છે.' ઉમાશંકર જોશીએ કહ્યું છે, 'ભૂમિપુત્રની વાર્તા હું પણ રસપૂર્વક વાંચું છું.' દર્શકે નોંધ્યું છે કે 'આ કૃતિઓ જેમ વંચાશે તેમ તેની મીઠાશ બહુગુણિત થશે. આ વાર્તાઓમાં ભરપૂર સમાજશાસ્ત્રીય અને માનસશાસ્ત્રીય બળ પડેલું છે.' અને હિમાંશી શેલત લખે છે. 'નમણું લઘુ રૂપ અને તીરના જેવી વેધક ગતિ ધરાવતી આ વાર્તાઓ પ્રકાશનના એક ઝબકારામાં જીવનનાં ગૂઢતમ સંવેદનોને પામવાનો પ્રયાસ કરે છે.'

આજે તો સમય એવો છે કે લોકો બહુ લાંબું વાંચવાની ધીરજ ગુમાવી બેઠાં છે. ભૂમિપુત્રની વાર્તાઓનું લાઘવ આ રીતે જોતાં સમયથી ઘણું આગળ ગણાય. જીવનનું મંગળ તત્ત્વ અને જીવનની વિષમતાઓ બંને આપણાં આંખ અને હૃદયને ભીનાં કરે એ રીતે મુકાયાં છે. આ જગતમાં બધાં - બધાં જ માત્ર મનુષ્યો જ છે. અને બધાં - બધાં જ મનુષ્યો રાગદ્વેષ, ભાવનાઓ, અને વેદનાઓથી ભરેલાં હોય છે. સર્જકનું કાર્ય એ બધાંને કલાનો સ્પર્શ આપી ભાવકો સમક્ષ સ્પષ્ટ કરી દેવાનું છે. એ આંગળી જ ચીંધે છે. આ વાર્તાઓમાં આક્રોષ-રોષ-ઠપકો કે સીધો ઉપદેશ નથી. કલાની મર્યાદાનું ઉલ્લંઘન ભાગ્યે જ થયું છે. અને છતાં દરેક વાર્તા હેતુલક્ષી જ છે. આશાબહેનની વાર્તાઓ પણ છ સંગ્રહોમાં ગ્રંથસ્થ થઈ છે. હરિશ્ચંદ્ર બહેનોને મનમાં રાખીને આશાબહેને આ સંગ્રહોને બહુ ઉચિત એવું 'તર્પણ' નામ આપ્યું છે. પ્રેમપૂર્વક શુભેચ્છાઓ આપીએ કે 'તર્પણ'ની વાર્તાઓનું ઓડિયો રેકોર્ડિંગ પણ જલદી ઉપલબ્ધ થાય.

- સોનલ પરીખ

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. **ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમે બે બાળગોઠિયાં

''**એ**ય, મને કેમ ધક્કો માર્યો? હવે જો, હું પણ તને બતાવી આપું છું.'' નદીના પાણીમાંથી બહાર નીકળીને ભીના શરીરે ચડ્ડીભેર મારી પાછળ દોડતી નીન્નીએ બૂમ પાડીને કહ્યું.

અમારાં આવાં મસ્તી-તોફાન રોજનાં હતાં. ચાર-પાંચ વર્ષનાં અમે બંને બાળકો દુનિયાથી અજાણ હતાં. અમારો નદી કિનારો, અમારાં માટી અને રેતીથી બનાવેલાં ઘરો, કોઈની વાડીમાં ઘૂસીને ચોરી-છૂપીથી તોડેલાં ફળો - આ જ અમારી દુનિયા હતી. કદાચ અમે બંને એ ઉંમરે એવું માનતાં હતાં કે, આખી જિંદગી અમારું વિશ્વ આવું જ રહેવાનું હતું. બે નાનાં ચડ્ડીધારી છોકરાંઓ આમ ધમાલ મચાવતાં એનો અમારા બે પરિવારમાંથી કોઈએ કદી વાંધો નહોતો ઉઠાવ્યો.

નીન્નીને જમરૂખ બહુ ભાવતાં. અંકલની વાડીનાં ચોરીછૂપીથી તોડેલાં જમરૂખ થેલામાં સંતાડીને અમે બંને ભાગતાં. જ્યારે અમે જમરૂખના ભાગ પાડતાં ત્યારે એ હંમેશાં થોડાં વધારે જમરૂખ મારા થેલામાં નાખી આપતી. એ ઉંમરમાં બીજું તો કંઈ સમજાતું નહીં પણ એની આંખોમાં મને લાગણીનો સાગર છલકાતો દેખાતો.

હંમેશાં ઝડપથી દોડતી નીન્ની એક દિવસ સાવ ધીમે ધીમે દોડતી હતી. મને થયું કે, જો એ આમ જ દોડશે તો અંકલ અમને પકડી પાડશે. એ જ વખતે મારું ધ્યાન ગયું કે, આજે એણે ફનેક પહેર્યું છે. ફનેક એ મણિપુરી સ્ત્રીઓનો ઘેરદાર પોશાક છે. એ પહેરીને જલદીથી દોડી તો શું, ચાલી પણ ન શકાય. મેં જોરથી બૂમ પાડી, ''નીન્ની, તારું ફનેક ઊંચું પકડીને દોડ, નહીં તો મર્યાં સમજ.''

એ ફનેક ઊંચું કરીને શ્વાસભેર દોડી ત્યારે અમે માંડ ઘરની નજીક પહોંચ્યાં. હું બરાબરનો ખિજાયેલો હતો. મેં કહ્યું, ''તને ભાન નથી કે, ફનેક પહેરીને દોડી ન શકાય? કોણે કહ્યું હતું તને એ પહેરવાનું?''

''મારી માએ.'' એણે ધીમેથી ઉત્તર આપ્યો. એનો ચહેરો સાવ ઊતરી ગયો હતો. એ કોઈક કારણે મૂંઝાયેલી લાગતી હતી.. રોતલ અવાજે એ કહેવા લાગી, ''મારી માએ મને હવેથી ફનેક પહેરીને જ બહાર નીકળવાનો હુકમ કર્યો છે.''

''પણ કેમ?''

''મને નથી ખબર,પણ એ અને બાપુ વાત કરતાં હતાં કે હવે નીન્ની મોટી થઈ ગઈ છે એટલે એણે ફનેક પહેરવું જોઈએ.'' તે દિવસે એ ખૂબ ઉદાસ હતી. ત્યાર પછી એ કાયમ ફનેક જ પહેરતી. જાણે એ પહેલાંની નીન્ની જ નહોતી. એક વખત ખિજાઈને મેં એના વાળ ખેંચી લીધા તો પણ એણે મને બટકું ન ભર્યું. એનું આવું વર્તન મને જરાય ગમતું નહોતું.

અત્યાર સુધી તો અમે નદીની રેતીમાં જે ઘર બનાવતાં એ બનાવીને પછી તોડી નાખતાં, પણ હમણાં એક વખત હું ઘર તોડવા જતો હતો ત્યારે એણે મને રોક્યો ને કહ્યું, ''હવેથી આપણે ઘર તોડવાને બદલે સાચવીને રાખીશું ને એને નામ આપીશું-આવતી કાલનું ઘર.'' મને એની આવી ગંભીર વાતો સમજાતી નહોતી. ગામમાં ચાંદની રાતે ઉત્સવ થતો એમાં હંમેશાં નીન્ની રાધા બનીને બહુ સુંદર નૃત્ય કરતી. આ વખતે એણે 'પોટલાઈ' પહેરીને અને ભારે ભારે દાગીના પહેરીને નૃત્ય કર્યું એ મને બિલકુલ ન ગમ્યું. મણિપુરી રાસના એક પ્રકારમાં નૃત્યાંગના ખાસ પોશાક પહેરે છે એને 'પોટલાઈ' કહેવામાં આવે છે. મેં ઘરે આવીને માને પૂછ્યું ''મા, નીન્નીએ આજે પોટલાઈ પહેર્યું હતું એમાં એ કેવી વિચિત્ર લાગતી હતી, નહીં?''

''ના રે ના, મને તો એ બહુ સુંદર લાગી.''

''હવે એ કાયમ 'પોટલાઈ' જ પહેરશે?''

મા હસી પડી. ''પોટલાઈ કંઈ રોજ રોજ ન પહેરાય. આવી રીતે રાધા-કૃષ્ણનું નૃત્ય કરવાનું હોય ત્યારે અથવા પરણીને સાસરે જવાનું હોય ત્યારે જ એ પહેરાય.''

માની વાત સાંભળીને મને બે વર્ષ પહેલાંનો મારી દીદીના લગ્નનો પ્રસંગ યાદ આવ્યો. પોટલાઈ પહેરીને એ લગ્ન માટે તૈયાર થઈ રહી હતી ત્યારે હું એની પાસે જઈને એને વળગી પડ્યો હતો. મને મારી દીદી બહુ વહાલી હતી. મા મને ખિજાય તો તરત એ મારું ઉપરાણું લઈને માને ઠંડી પાડતી. રોજ રાત પડે ને હું એની સાથે જ સૂઈ જતો. એ હળવે હળવે મારે માથે હાથ ફેરવતી. આવી મારી બહેન હવે બીજા ઘરે જતી રહેશે એ વાતથી હું બહુ દુઃખી હતો. માંડ માંડ પોતાની આંખોમાં આવેલાં આંસુ છુપાવતાં એ બોલી હતી, ''ડાહ્યો થઈને રહેજે હોં ભઈલા! માનું કહ્યું માનજે. હવે કદાચ હું પાછી તને મળીશ કે નહીં એ હું નથી જાણતી.''

એ કહેતી હતી એમ જ બે વર્ષ થવા છતાં એ એક વાર પણ અમને મળવા નથી આવી. ''નીન્ની પણ જો પોટલાઈ પહેરીને જતી રહેશે તો ફરીથી મને નહીં મળે?'' મેં માને પૂછ્યું તો એણે કહ્યું, ''હાસ્તો વળી. છોકરીઓ તો બીજાની થઈને રહેવા જ જનમતી હોય છે. એ કંઈ નવાઈની વાત નથી.''

''પણ એ મને છોડીને કેવી રીતે જઈ શકે? અમે બંનેએ તો સાથે રહેવા માટે ઘર પણ બનાવ્યું છે.''

''એ બધું છોકરમતમાં સારું લાગે. મોટાં થયા પછી છોકરા-છોકરી સાથે ન રમી શકે, સમજ્યો?''

મને આ સાંભળીને આઘાત લાગ્યો. હું દોડતો એને ઘરે જવા લાગ્યો ત્યારે એ નદી પાસે જ મળી ગઈ. મેં રસ્તો રોકીને એને ઊભી રાખી ને પૂછ્યું, ''મને એક સવાલનો સાચો જવાબ આપ. પોટલાઈ પહેરીને નૃત્ય કરતી વખતે તું ખુશ હતી? મને તો એવું લાગેલું કે, તું પરાણે હસીને નાચતી હતી. મારું અનુમાન સાચું છે?''

મારા સવાલનો જવાબ આપવાને બદલે એ બોલી, ''હવે પછી મને આમ રસ્તા વચ્ચે રોકતો નહીં. કોઈ જોઈ જશે અને મારી માને કહી દેશે તો મારું આવી બનશે. મહેરબાની કરીને મને જવા દે.''

મેં જોયું કે, બોલતાં બોલતાં એની આંખમાંથી આંસુ છલકાતાં હતાં. એ દોડીને ત્યાંથી જતી રહી. જરાક વાર તો શું કરવું એ મને સૂઝ્યું નહીં. પછી એકાએક મેં લાત મારીને 'આવતી કાલના ઘર'ને જમીનદોસ્ત કરી નાખ્યું.

તે દિવસ પછી હું કદી નદી કિનારે ગયો નથી કે નીન્નીને મળ્યો નથી.

(સુધીર નવરોઈબામની મણિપુરી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org